# આપણો જિલ્લો સુરેન્દ્રનગર

## સ્થાનિક સાહિત્ય

**શિક્ષકો માટે**

**૨૦૧૪**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

# અનુક્રમણિકા



| ક્રમ | પ્રકરણનું નામ | પેજ નંબર |
|---|---|---|
| ૧. | સપ્તરંગી ભૂમિ : આપણા જિલ્લોનો પરિચય | ૦૪ |
| ૨. | રક્ષિત સ્મારકો | ૩૨ |
| ૩. | ઝલક આપણા જિલ્લાની | ૪૦ |
| ૪. | આગવી ઓળખ અને વિશેષતાઓ | ૬૩ |
| ૫. | ઔદ્યોગિક વિકાસ અને ખેતી | ૮૪ |
| ૬. | રમતો | ૯૨ |
| ૭. | પક્ષી જગત | ૯૬ |
| ૮. | વ્યક્તિ વિશેષ | ૧૦૪ |
| ૯. | મલકનાં ગીતો | ૧૧૭ |

શિક્ષક ભાઈ-બહેન

જ્ઞાનાત્ મુક્તિઃ ॥

આ સાથે આપની સમક્ષ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાનું સ્થાનિક સાહિત્ય નિર્માણ અંતર્ગત એક પુસ્તક આપી રહ્યા છીએ. આપણાં જિલ્લાના ગામડે ગામડે દંતકથાઓ પડેલી છે. ગામેગામનું પુસ્તકની સંરચના થાય તેમ છે. ગામના સીમાડે-પાધરે પાળીયા ઊભા છે તેના ઇતિહાસ, અનેક શૂરવીરતાની કથાઓ, રાજા-રજવાડાઓના ઇતિહાસ, રાજકીય-સામાજિક-શૈક્ષણિક-ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં પુસ્તકોના પુસ્તકો લખી શકાય તેમ છે. દરેક તાલુકાવાર પુસ્તકો બની શકે તેમ છે.


આ પ્રથમ પ્રયાસમાં ઘણું બધું રહી જવા પામ્યું હશે. કોઈભૂલ હોય તો અંગત રીતે ધ્યાન દોરશો. આ પુસ્તકમાં હજી એવી ઘણી બાબતો હશે જે કદાચ ખ્યાલમાં ના આવી હોય તો ધ્યાન દોરશો. આધાર સાથેના દસ્તાવેજી કાગળો મોકલી અમોને મદદ કરશો.

આપ આ પુસ્તકના મદદથી આપણાં વર્ગખંડમાં અધ્યયન કરી રહેલા બાળકોને આપણાં જિલ્લાની તવારીખથી વાકેફ થાય તેવો પ્રયાસ કરશો. અધ્યાપનકાર્યમાં ક્યાંકને ક્યાંક પુસ્તકમાં સમાવિષ્ટ બાબતોને સાંકળજો. મુલાકાત લેવા જેવા સ્થળો હોય તેની મુલાકાત પણ કરાવશો.

પુસ્તક વાંચી અમોને અભિપ્રાય ચોક્કસ આપજો. સામેલ કરવા જેવી બાબતો અંગે રૂબરૂ કે પત્ર વ્યવહાર દ્વારા અમોને મદદરૂપ થશો.

જય હિન્દ

# સપ્તરંગી ભૂમિ - સુરેન્દ્ર નગર જિલ્લો - પરિચય



સૌરાષ્ટ્રનું પ્રવેશ દ્વાર એટલે સુરેન્દ્ર નગર જિલ્લો. સૌરાષ્ટ્રની સીમા અહીથી શરૂ થાય છે. ૧૯૪૮માં નાના રજવાડાઓનું વિલિનીકરણ થયું ત્યારે સૌરાષ્ટ્રના વઢવાણ, ધાંગધ્રા, લીંબડી, મૂળી, થાન, લખતર, સાયલા, ચુડા, બજાણા, જૈન બાદ, આણંદપુર, ચોટીલા, ઝીંઝુવાડા, રાયસાંકળી, ભોયકા, દસાડા-થાણું, વિઠ્ઠલનગર તથા વણોદનું જોડાણ ભારતવર્ષના ગુજરાતમાં વિલીનીકરણ એટલે સુરેન્દ્રનગર જિલ્લાનો જન્મ.

## ઈતિહાસ :

લાખો વર્ષ પહેલા સૂર્ય ગ્રહમાંથી પૃથ્વી ગ્રહની ઉત્પત્તિ થઈ. આ પૃથ્વી ઉપર ભૂપૃષ્ઠ - ધરતી અને વિશાળ જળરાશિ રૂપ મહાસાગરોની રચના થઈ. ધરતીના એ વિશાળ ટૂકડાઓ વિવિધ ખંડોમાં વિભાજીત થયા. ભારત વર્ષના ગુજરાતમાં લાખો - કરોડો વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર દ્વિપકલ્પ વિસ્તાર તળ ગુજરાતથી ભૌગોલિક રીતે અલગ હતો અને ધરતીના પેટાળમાં થતા ફેરફારોના ફલ સ્વરૂપે સૌરાષ્ટ્રની ધરતી કાળક્રમે તળ ગુજરાત સાથે જોડાઈ ગઈ અને તેને કારણે આજે કચ્છનો અખાત-કચ્છનું નાનું રણ અને ખંભાતના અખાત વચ્ચેનો પ્રદેશ નળસરોવર અને તેની આજુબાજુનો પ્રદેશ પુરાતન ઈતિહાસની દષ્ટિએ ઘણો મહત્વનો છે. ગુજરાતના આ દ્વિપકલ્પમાં વિશ્વની ગૌરવવંતી હડપ્પન સંસ્કૃતિના દર્શન થાય છે.

ભારત સરકારના આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ૧૯૩૫ અને ત્યારબાદ ૧૯૫૩માં સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના રંગપુર ગામે ઉત્ખનન કામગીરી હાથ ધરાઈ હતી જેમાં રંગપુર એક હડપ્પન સંસ્કૃતિનું આઉટ પોસ્ટ હોવાનું સ્થાપિત થયું હતું. ઉત્ખનનકર્તા શ્રી એસ.આર.રાવ. મુજબ રંગપુર ખાતે મળી આવેલ અવશેષો ઈ.સ.પૂર્વે ૨૦૦૦ થી ૧૩૦૦ વર્ષ પહેલાના હડપ્પન સમયગાળાના ગણાય છે.

આ ઉપરાંત જિલ્લાના સાયલા તાલુકાના સેજકપર ગામે ૧૯૫૭-૫૮માં હાથ ધરાયેલ ઉત્ખનનમાં પાષાણ યુગની સંસ્કૃતિના દર્શન થાય છે. જેમાં પશુ શિકાર - માછલી પકડવાની પ્રવૃત્તિ મુખ્યત્વે જોવા મળે છે. ઉત્ખનનમાં તે સમયના મળી આવેલ વિવિધ હથિયારો ઉપરથી સંસ્કૃતિ અનં અર્થકારણનો ખ્યાલ આવી શકે છે. ત્યાર બાદ ૧૯૮૭-૯૨ વચ્ચે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્વ વિભાગ દ્વારા જિલ્લામાં ઉત્ખનન્ન કામગીરી થવા પામી હતી. જેમાં જિલ્લાના દસાડા તાલુકાના નાગડકા ગામની સીમમાં થયેલ ઉત્ખનનમાં એક સ્ત્રીનું હાડપિંજર ઉપરાંત જે તે સમયના ઉપયોગમાં લેવાતા વાસણો તેમજ આભૂષણો મળી આવ્યા હતાં.

આમ સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર એવા સુરેન્દ્રનગર જિલ્લાનાં ઉપરોક્ત ઉત્ખનનો વિશ્વની મહાન એવી હડપ્પન સંસ્કૃતિના દર્શન કરાવે છે.જિલ્લામાં આદર્શ નગરરચના, પ્રાચીન કલાત્મક મંદિરો, આલિશાન રાજમહેલો, કિલ્લાઓ, દરવાજાઓ, વાવો તેમજ ઐતિહાસિક કૂંડો વગેરે આવેલા છે. જિલ્લાના વઢવાણ સ્ટેટ, લીંબડી સ્ટેટ અને ધાંગધ્રા સ્ટેટની આદર્શ નગરરચના સાથેના કિલ્લાઓ આજે થોડી ઘણી ખંડિતતા સાથે ઉભા છે એ ગૌરવની વાત છે કે, જિલ્લાના પ્રત્યેક તાલુકામાં પુરાતત્ત્વીય વારસાના દર્શન થાય છે.

એકમાત્ર મુળી કે જ્યાં પરમાર રજપૂતો રાજ કરતાં તે સિવાય અહીંના તમામ રજવાડા ઝાલાવંશનું શાસન હતું. ૧૦મી સદીથી ૧૯૪૮ સુધી ઝાલાઓનું અહી રાજ હતું અને એટલે આ પ્રવેશ ઝાલાવાડ તરીકે ઓળખાય છે. રાજાશાહી યુગમાં એક માત્ર મુળી જ્યાં પરમાર રજપૂતો રાજ કરતાં તે સિવાય અહીંના તમામ રજવાડા ઉપર ઝાલા વંશનું શાસન હતું.વઢવાણના રાજવીને એક એજન્ટે ૧૯૪૬માં સોંપેલા આ કેમ્પને રાજવીના પુત્ર શ્રી સુરેન્દ્રસિંહજીના નામ ઉપરથધી સુરેન્દ્રનગર નામ અપાયુ. ૧૯૪૮થી સુરેન્દ્રનગર જિલ્લાનું મુખ્ય મથક બની રહ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા નજીક પ્રાયઐતિહાસિક પથ્થર યુગના સાધનો મળ્યા છે. ચૂડા તાલુકાના રંગપુર ખાતેના ઉત્ખનને તેનો નાતો પ્રોટો હીસ્ટેરીક યુગ સાથે જોડાયો છે.આ ધરતી ઉપર હડપ્પન પછીની સંસ્કૃતિના અણસાર પણ મળ્યા છે.

આ પ્રદેશ ઉપર આઠમી અને નવમી સદી દરમિયાન છપ વંશનું શાસન હતું જેનું વડુ મથક વઢવાણ હતું. ગુજરાત પર સિધ્ધરાજ જયસિંહના શાસન વખતે આ પ્રદેશ તેના પ્રભુત્વમાં આવ્યો. વઢવાણનો કિલ્લો અને ભોગાવોના તીરે સતી બનેલી રાણકદેવીનું મંદિર તેમણે બનાવ્યું હોવાનું મનાય છે. ઝાલાઓના નામ જન્મની વાત કરીએ તો ઝાલાઓ પહેલા મકવાણા કહેવાતા. દસેક સદી પહેલાં તેમના રાજા કેસર મકવાણા, હરપાળ દેવજી તેમના પુત્ર હતા. તેમના માતા પાટણના સોલંકી રાજવી કરણઘેલાની પુત્રી હતા. આપત્તિના ટાણે મદદ કરવાના શિરપાવ રૂપે હરપાળ દેવજીના દાદાને ૮૩૮ - ૮૩૯માં ૧૮૦૦ ગામનો ગરાસ મળ્યો અને હરપાલદેવે તેમનો નિવાસ પાટડી ખાતે ફેરવ્યો. હરપાલદેવને ત્રણ પુત્રો હતા. એક કિવદંતી અનુસાર એક દિવસ જ્યારે પુત્રો રમી રહ્યાં હતા ત્યારે એક હાથી ગાંડોતૂર બની ત્યાં આવી ચડ્યો. હાથી પોતાના પુત્રોને મારી નાખશે તેવો વિચાર આવતાં જ તેમની માતાને અદ્રશ્ય શક્તિનો હાથ મળ્યો અને ઝરૂખામાં માતાનાં લાંબા થયેલાં એ હાથે બાળકોને ઝાલીને ઉંચકી લીધા અને તેમને બચાવી લીધા. આ દિવસથી પુત્રો ઝાલા કહેવાયા. ઝાલાઓએ એમના નિવાસની આ ભૂમિને ઝાલાવાડ નામ આપ્યું.

હાલનું સુરેન્દ્રનગર એક વેળાએ બ્રિટીશ પોલીટીકલ એજન્ટનું થાણું હતું અને વઢવાણ કેમ્પ તરીકે જાણીતું હતું. વઢવાણના રાજવીને એક એજન્ટે ૧૯૪૬માં સોંપેલા આ કેમ્પને રાજવીના પુત્ર શ્રી સુરેન્દ્રસિંહજીના નામ ઉપરથી સુરેન્દ્રનગર નામ અપાયું. ૧૯૪૮થી આ સુરેન્દ્રનગર જિલ્લાનું મુખ્યમથક બની રહ્યું છે.

૧૯૪૮માં નાના રજવાડાઓનું વિલિનીકરણ થયું ત્યારે સૌરાષ્ટ્રનાં વઢવાણ, ધ્રાંગધ્રા, લીંબડી, મૂળી, થાન, લખતર, સાયલા, ચુડા, બજાણા, જૈનાબાદ, આણંદપુર, ચોટીલા, ઝીંઝુવાડા, રાયસાંકળી, ભોયકા, દસાડા થાણું, વિઠ્ઠલગઢ અને વણોદનું જોડાણ - ભારતવર્ષના ગુજરાતમાં વિલીનીકરણ એટલે સુરેન્દ્રનગર જિલ્લાનો જન્મ. ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર પ્રવેશનો માર્ગ આ રજવાડામાં થઈને જાય અને એટલે એને સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર પણ કહી શકાય, સૌરાષ્ટ્રની સીમા અહીથી શરૂ થાય.

એક માત્ર મૂળી જ્યાં પરમાર શાખના રજપૂતો રાજ કરતાં તે સિવાય અહીંના તમામ રજવાડા ઉપર ઝાલા વંશનું શાસન હતું. ૧૦મી સદીથી ૧૯૪૮ના નવા સમય (સુરેન્દ્રનગરનો જિલ્લા તરીકેનો જન્મ) સુધી ઝાલાઓ અહીંના રાજા હતા અને એટલે આ પ્રદેશ ઝાલાવાડ પણ કહેવાયો, જો કે જૈનાબાદ, દસાડા અને બજાણા જેવા રજવાડા મુસ્લિમોના શાસન હેઠળ હતા.

જિલ્લાના પ્રાચીન ઈતિહાસ વિશે જાજું કઈ આધારભૂત નથી મળી શકતું. પરંતુ ધ્રાંગધ્રા નજીક પ્રાગૈતિહાસિક પથ્થર યુગના સાધનો જરૂર મળ્યા છે. લીંબડી તાલુકાના રંગપુર ખાતેના ઉત્ખનને તેનો નાતો પ્રોટોહિસ્ટોરીક યુગ સાથે જોડ્યો છે, તો આ ધરતી ઉપરથી હડપ્પન અને હડપ્પન પછીની સંસ્કૃતિના અણસાર પણ મળ્યા છે. આઠમી અને નવમી સદી દરમિયાન છપ વંશનું આ પ્રદેશ ઉપર શાસન હતું જેનું વડુ મથક વઢવણા હતું. ગુજરાત પર સિધ્ધરાજ જયસિંહના શાસન વખતે આ પ્રદેશ તેના પ્રભુત્વમાં આવ્યો. વઢવાણનો કિલ્લો અને ભોગાવોના તીરે સતિ બનેલી રાણકદેવીનું મંદિર તેણે બનાવ્યું હોવાનું મનાય છે.

## સપ્તરંગી ભૂમિ - સુરેન્દ્રનગર

(૧) કાઠિયાવાડ : પરિચય (પું૦; ન૦ (કાઠી ❋ (સં.) વાટ)
(સં) ગુજરાતનો એક ભાગ, સૌરાષ્ટ્ર ૦ણ સ્ત્રી૦
કાઠિયાવાડી સ્ત્રી - ડી વિ. કાઠિયાવાડનું સંબંધી

(૨) પું૦ કાઠીયાવાડનો રહીશ.

**સંક્ષિપ્ત (સમજૂતી)**

કાઠિયાવાડ (હિ. કાંઠા (સમુદ્ર કિનારો ❋ વાડ (દ્વાર)) પું. હિંદના પશ્ચિમ કિનારા ઉપર આવેલએ નામનો એક પ્રાંત. તે કચ્છના અખાત તથા ખંભાતના અખાત વચ્ચે આવેલ છે. કાઠી લોકોના વસવાટને લઈને આ પ્રાંતનું આ નામ પડ્યું છે. તેને સૌરાષ્ટ્ર પણ કહે છે. આ પૂણ્યભૂમિનું અતિ પ્રાચીન વેદકાળનું નામ આનર્ત છે. કાઠિયાવાડ પુરાણી ભૂમી છે. ભગવાન શ્રી કૃષ્ણના પગલાંથી તે પાવન થયેલી છે. તીર્થંકરો અને સહજાનંદને ત્યાં શાંતિ મળી છે. નરસિંહ, દયાનંદ અને ગાંધીજીની તે જન્મભૂમી છે. ત્યાં ગિરનાર અને શત્રુંજ્ય જેવા ધામ અને દ્વારાક અને પ્રભાસ જેવા તીર્થો છે. સાગર તેના ચરણ ધોળી રહ્યો છે. ગિરનાર ઉપર ઊભો રહી કોઈ પ્રાણવાન કલ્પના દૃષ્ટિ ફેરવે તો તેને લાગશે કે, પોતે કોઈ અલૌકિક સંગમતીર્થ ઊભો છે. ઈશાનમાં આરાવલ્લીની હાર. પૂર્વમાં સાતપૂડા, વિધ્યની હારમાળા, અગ્નિમાં સહ્યાદ્રિના ઘાટએ બધાં સોરઠની ગરવી ગીરે સંગમમાં પરિણામ પામતા જણાશે. ખરેખર સૌરાષ્ટ્રએ ત્રિભેટોનો પ્રદેશ છે અને ભૌગોલિક દૃષ્ટિએ ત્રિવેણી સંગમે તીર્થરાજ જેટલું અગત્યનું તેનું માહાત્મય છે. ઉપરાંત કાઠિયાવાડ આખા હિંદનું પ્રભુત્વ બાંરૂ છે. દરિયાઈ વેપારી માર્ગનો વિચાર આવેલ ત્યારે બધા રસ્તા કાઠિયાવાડ તરફ જ વળે છે. અને તેને માટે ખંભારતના અખાતના કે કચ્છના અખાતના બંદર સૌથી પહેલા નજરે પડે છે. કારણકે સાવ પશ્ચિમે ખુલ્લા દરિયા કિનારો હોઈ કુદરતી બંદર એકેય નથી તેના સંબંધના કવિ વિહારી યર્થાથ કહે છે. ''દીપાવ્યો અમ દેશ દ્વારકા શ્રીકૃષ્ણે કરી તખ્ત, મીરાં, નરસિંહ ને સુદામા મોહન સમ જ્યાં ભક્ત'' દયાનંદે

દીપાવી નીત પ્રભુની પૂર્ણ કુપાના પાત્ર. બાબી ઝાલાને જાડેજા રાણાને ગોહિલ. વિવિધ વંશી દેશી રાજ્યે ભરી અખંડ અખિલ અમારી વીરભૂમિ વિખ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર. ભાવભીનાને ભોળા જનથી કુંળો કાઠિયાવાડ,. આદરમાને, મે'માનોની જીભે હાલે હાડ, પરોણાગત વિષે પ્રખ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર, સિંહભૂમી, સુવર્ણભૂમિ, તીખી તેજણ તારોતાર, પ્રેમશોર્યની ભડવીર ભૂમિ કરે દુહા લલકાર સહ મુજ સોરઠના ચળકાટ પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર કાઠી, સૌરાષ્ટ્ર - કચ્છમાં વસતી એક જાતિ. જેના નામથી પ્રદેશનું કાઠિયાવાડ એનું નામાભિધાન થયું. મુખ્યત્વે મધ્ય સૌરાષ્ટ્રમાં છેલ્લા ચારસોક વર્ષથી વિકસેલી આ કાંટિયાવરણ પ્રજા ઘણું કરી મુસ્લિમોના આક્રમણને કારણે મધ્ય એશિયામાંથી નીકળી આવીને રાજસ્થાન અને કચ્છમાં આવી, ત્યાંથી સૌરાષ્ટ્રમાં આવી એવું માનવામાં આવે છે. આ લોકો મૂળમાં સૂર્યપૂજક અને ઘોડાને ચાહનારા છે. જૂના યવનો ગ્રીકોની પછી હજારેક વર્ષ ભારત વર્ષના વાયવ્ય સરહદ પ્રાંત દ્વારા સિંધ અને રાજસ્થાનમાં થોડો સૈકા ઠરી વ્યવસાય શોધતા કચ્છમાં અને ત્યાંથી પંદરમી સદીમાં સૌરાષ્ટ્રમાં દાખલ થયા હોય.

**ઝાલાવાડ...**

૧. પું. કાઠિયાવાડનો એ નામનો પ્રાંતઃ ઝાલા રાજપૂતોનો પ્રાંત, ઝાલાઓ રહેતા હોય તે પ્રદેશ. દંતકથા એવી છે કે ગુજરાતનાં મહારાજા કરણની રાણીને બાબરાભૂતનો વળગાડ હતો. વિરમગામ નજીકનાં ગામ સચાણાનાં હરપાળદેવ મકવાણાએ બાબરાભૂતને વશ કીધો, તેથી રાજી થઈને મહારાજા કરણે હરપોળદેવને વેચન દીધું કે એક રાતમાં જેટલાં ગામે તે તોરણ બાંધે તે બધાં ગામ એમનાં. પોતાની એક રાતમાં ૭૦૦ ગોમ તોરણ બાંધ્યાં. કોઈ ૨૩૦૦ ગામ કહે છે. એ ઝાલા વંશનો પાટ તે ઝાલાવાડ, ધ્રાંગધ્રા, લીમડી, વાંકાનેર, વઢવાણ, થાન, લખતર એ ઝાલા રજપૂતનાં રાજ્ય છે.

૨. ને. રજપૂસ્તાનમાં આવેલું એક દેશી રાજ્ય એની ઉત્તરે અને પશ્ચિમે કોટા તથા દક્ષિણે અને પૂર્વે ગ્વાલિયરનાં રાજ્ય આવેલાં છે. એનું ક્ષેત્રફળ ત્રણ હજાર ચોરસ માઈલ અને વસ્તી સાડા ત્રણ લાખ માણસની છે. તેનાં રાજ્યકર્તા ઝાલા રાજપૂત છે. એ રાજ્યમાં માળવી ભાષા બોલાય છે.

રાજસ્થાનનાં ૩૦ જિલ્લાઓ પૈકીનો એક જિલ્લો અને જિલ્લા મથક. તે પૂર્વ રાજસ્થાનનાં મધ્યપ્રદેશની સરહદે આવેલું છે. તેની પૂર્વ દિશાએ રાજસ્થાનનો કોટા જિલ્લો અને મધ્યપ્રદેશનો ગણ જિલ્લો, દક્ષિણે મધ્યપ્રદેશનો રતલામ જિલ્લો, ઉત્તર દિશાએ રાજસ્થાનનો કોટા જિલ્લો અને પશ્ચિમે મધ્યપ્રદેશનો મંદસોર જિલ્લો આવેલા છે. આમ, ઝાલાવાડની ત્રણ બાજુએ મધ્યપ્રદેશનાં જિલ્લાઓ આવેલા છે. કોટા જિલ્લાનું વિભાજન કરીને ઝાલાવાડ જિલ્લા બનાવાયો છે. આ જિલ્લાનું ક્ષેત્રફળ, ૬૯૨૮ ચો. કિમી. છે. ૧૯૯૧માં જિલ્લાની વસ્તી ૯,૫૬,૯૭૧ હતી. ઝાલા રજપૂત શાસક હોવાથી જિલ્લાને ઝાલાવાડ નામ મળ્યું છે. આ જિલ્લાનો થોડો ભાગ ઉચ્ચ પ્રદેશ છે. ડુંગરો અને સાંકડી ખીણોનો તે પ્રદેશ છે. આ જિલ્લાનાં ડુંગર વિંધ્યાચળનાં ફાટાં છે. જૂના ખડકોમાંથી વિવિધ ખનીજો મળે છે. લાવારસ સુકાઈને બનેલો ભાગ દ્રીપ તરીકે ઓળખાય છે. બે ધારોની હારમાળા ઝાલરપાટણ પાસેથી પસાર થાય છે. તેને મુકુન્દરાશ્રેણી કહે છે. આ સિવાય ડગથી પુરાવા સુધી નાના-મોટા ડુંગરોની હારમાળા આવેલી છે. જિલ્લાનો દક્ષિણનો અડધો ભાગ પઠાર પ્રદેશ છે. સમગ્ર પ્રદેશની સરેરાશ ઊંચાઈ ૬૦૦મી. છે. પંચપહાડ અને ઝાલરાપાટણ વચ્ચે મધ્યનું મેદાન છે. આવું બીજું સપાટમેદાન કાનપુર નજીક આવેલું છે. જિલ્લાની જમીન કાળી અને મધ્યમ કાળી છે. કપાસનાં પાક માટે તે અનુકૂળ છે તે ભેજ સાચવે છે.

ઝાલાવાડ સમુદ્રથી દૂર આવેલો પ્રદેશ છે તેથી ઉનાળો અને શિયાળો આકરો છે. ઝાલાવાડનું સરેરાશ દૈનિક તાપમાન ૩૬° સે છે. પણ તે વધીને મે માંસ માં ૪૨° સે ૪૫° સે થઈ જાય છે. ડિસેમ્બર માસમાં રાત્રિનું સરાસરી તાપમાન ૧૬° સે રહે છે. વરસાદ ૧૦૦૦ મિમી. જેટલો પડે છે. વન્ય પશુઓમાં સાબર, ચીતળ, કાળિયાર, જંગલી ભૂંડ, છીંકારા અને દીપડો છે. ખનીજોમાં બેસાલ્ટ, રેતિયા અને ચૂનાના પથ્થરો. લેટરાઈટ, તાંબુ, કૅલ્સાઈટ વગેરે ખનીજો છે. ભવાની મંડીમાં કાપડની મીલ છે. આ સિવાય રંગાટીકામ, છાપકામ, ડાંગલ ભરડવાની મીલો, તેલની મીલો, ચિનાઈ માટીના વાસણો.

ઝાલાવાડ મુંબઈ-દિલ્હીની બ્રોડગેજ રેલવે મથક છે. રતલામ, કોટા, ઈંદોર, ઉજ્જૈન, વગેરે સાથે તે જમીન માર્ગે સંકળાયેલું છે. આઝાદી પૂર્વે ઝાલાવાડ માત્ર ૨૦૭૫ ચો. કિ.મી. વિસ્તાર ધરાવતું દેશી રાજ્ય હતું. દેશી રાજ્યની ઉત્તરે કોટા, પશ્ચિમે મધ્યપ્રદેશના ગ્વાલિયર અને ઇંદોરા રાજ્યો પૂર્વ દિશાએ ઈંદોર રાજ્ય અને પશ્ચિમે સીતામાઉ, જાવારા, દેવાસ વગેરે પ્રદેશ હતા. મુઘલકાળ દરમિયાન આ પ્રદેશ માપવાનો ભાગ હતો. માંડુ રાજાએ (માળવા) રાઘવેન્દ્ર ઝાલાને આ પ્રદેશની જાગીર આપી હતી. પંદરમી સદીમાં હળવદના ભાયાત રાજધર ઝાલા રિસાઈને અહીં આવ્યા હતા. તેની નવમી પેઢીએ માધોસિંહ ઝાલા થઈ ગયા. તેણે કોટાના રાજાની સેવા સ્વીકારી હતી. અને તે બદલ તેને જાગીર મળી હતી. ૧૭૦૭ પછી મુઘલ શાસનના પડતીના ગાળામાં આજુબાજુનો પ્રદેશ હસ્તગ્રત કરાયો હશે.

## ઝાલાવંશ પ્રકાશ

(ઝાલાવંશનો ઈતિહાસ)

આદિ અવ્યક્ત વિશ્વપતિથી પુરૂષ અને પ્રકૃતિ ઉત્પન્ન થયા તેમનાથી બ્રહ્મા થાય. તેમના ભૃગુમુનિ થયા. તેમના વિધાના નામે પુત્ર થયા. તેમના મુની મૃકંડ થાય. તેમના પુત્ર થયા. તેના મુની મૃકંડ થયા. તેમના પુત્ર માકંડયે થયા. તેમના જન્માક્ષરમાં થોડી આયુષ્યવાળા જણાયા તેથી તેમના પિતા મૃકંડે તેમને કહ્યું છે કે કોઈ મહાત્મા પુરૂષ તમને મળે તેમ તેમને દરેકને તમારે પ્રમાણ કરવા. તેમ કરવા, તેમ કરતાં તેમને સપ્તઋષી મળ્યા. અને તેમણે દીર્ઘાયુષ્યના આશીર્વાગદ આપ્યા. તેથી તેઓ તપ કરવા લાગ્યા, તેમ કરતાં તેમને છ મનવંતર વીતી ગયા અને તેઓ મહાન તપસ્વી કહેવાયા. એક સમયે બદ્રકાશ્રમની અંદર ઋષિયોને તપ અને યજ્ઞમાં વિધી કરતા. રાક્ષસો ચંડ અને ચંડાક્ષનો ત્રાસ ઘણો વધી જવાથી તમામ ઋષિઓ માર્કંડેય ઋષિ પાસે જઈને પ્રાર્થના કરી કે અમને રાક્ષરો બહુ ત્રાસ આપે છે. અને યજ્ઞ કરવા દેતા નથી. માટે તેમનાથી અમારૂં રક્ષણ કરો. પછી ઋષિએ પોતાના તપો બળથી યજ્ઞ કુંડમાંથી એક પુરુષને ઉત્પન્ન કર્યો અને તેનું નામ 'કુંડ માલા' રાખ્યું. કુંડમાલે ઋષિ પાસે શું કામ કરૂ તેમ કહ્યું એટલે માર્કંડેય ઋષિએ આજ્ઞા આપી કે તમે બદ્રીકાશ્રમ જાઓ અને આ ઋષિઓના યજ્ઞનું રક્ષણ કરો ત્યાં જઈને ચંડ અને ચંડાક્ષ નામના રાક્ષસોનો નાશ કરો. જો કે તેઓ શિવાજીના વરદાનથી ઉત્પન્ન થયેલ છે. પણ મારા આશીર્વાદ લઈને કુંડમાલજી યે શંકરનું તપ કર્યું અને શીવજીને કુંડમાલજીને શક્તિ આપી તે લઈને કુંડમાંલજી રાક્ષસો સાથે યુદ્ધ કરવા લાગ્યા. બીજા બધા રાક્ષસો મરાયા પછી ચંડ અને ચંડાક્ષ યુદ્ધ ભૂમિમાં આવ્યા અને તેમની સાથે ઘોર સંગ્રામ થયો પછી કુંડલમાલજીએ તેમની સામે શક્તિ છોડી તે શક્તિ દેવીનું રૂપ લઈને સાથે ગઈ તેથી ચંડરાક્ષ તેમના ઉપર મોહ પામ્યો અને માતાજી પાસે વરવાની માંગણી મુકી. જેથી માતાજીએ કહ્યું કે તારા ભાઈને મારી નાખતો હું તને વરૂં જેથી તે બેયભાઈ વચ્ચે ઘોર યુદ્ધ થયું. તેમાં બંને ભાઈ સામસામા કપાઈ મુવા. પછી દેવતાઓ તથા ઋષિઓ પ્રસન્ન થઈને.

કુંડમાલજીને ઘણા વરદાન દીધ તેમાં શિવ તથા શક્તિને એવું વરદાન દીધું કે અમે તમારા કુળમાં અવતાર લઈને તમારો વંશ વધારીશું. આ પ્રમાણે વરદાન પામીને કુંડલમાલજીએ યજ્ઞનું રક્ષણ કર્યું તેથી તેમની મખવાન તેવી શાખા પડી. તેમના પુત્ર કામીક ઋષિ થયા. તેમના વૃશ કેતુ, તેના કલ્યાણ, તેમના કુન્દતઋષિ થય. તેમણે કુંન્તલપુર વસાવ્યું.

**પાંચાળ :**

**પાંચાળ (પંચાલ દેશનાં રાજાની પુત્રી ઉપરથી થયેલું નામ પાંચાળ ભૂમિ)**

પાંચાળ (પંચાલ) : (ઈ.પૂ. છઠ્ઠી - પાંચમી સદી) ભારતનાં સોળ મહાજનપદોમાનું એક કુરુની પૂર્વે આવેલું આ જનપદ ગંગા નદી વડે બે ભાગમાં વહેંચાયેલું હતું. ઉત્તર પંચાલનું પાટનગર અહિચ્છત્ર અને દક્ષિણ ગુજરાતનું કામ્પિલ્ય. અહિચ્છત્રએ હાલનું બહેલી જિલ્લાનું રામનગર અને કામ્પિલ્યએ ફર્રુખાબાદ જિલ્લાનું કાંપિલ હોવાનું જણાય છે. કનોજ આ જનપદમાં આવેલું હતું. ભારતીય આર્યોની અનેક ટોળીઓમાં પંચાલો કુરુઓ સાથે અગ્રિમ સ્થાન પામ્યા. એમના નામ પરથી મધ્ય - દેશ કુરુપંચાલ તરીકે ઓળખાયો.

પંચાલ પ્રદેશમાં જુદા જુદા રાજાઓનાં અનેક સિક્કાઓ મળ્યા છે. એમાંના ઘણા રાજાઓનાં નામનું સૂચન કરે છે. પંચાલના રાજા ચૂલણી બ્રહ્મદત્તનો નિર્દેશ 'રામાયણ', 'મહાઉમીગ જાતક' અને 'સ્વપ્નવાસવદતમ્'માં આવે છે. પંચાલોએ ઈ.પૂ. છઠ્ઠી કે પાંચમી સદીમાં જનપદ રાજ્ય સ્થાપ્યું હોવાનું જણાય છે.

ભારતમાં સોળ મહાજનપદોમાં પાંચાલ જનપદ ઘણું શક્તિશાળી હતું. અહીંથી મળેલાં સિક્કા પ્રાચીન ભારતનાં સિક્કાઓનાં ઘણી લાંબી અને એકસરખી શ્રેણીનાં છે. આ સિક્કા તાંબાનાં વરુણમિત્ર અને 'પ્રજાપતિ મિત્ર' જેવા નામો છે.

અગ્નિમિત્રનાં સિક્કાઓ પર અગ્નિદેવની આકૃત્તિ, સૂર્યમિત્ર અને ભાનુમિત્રના સિક્કાઓ પર સૂર્યનું પ્રતિબિંબ, ઈન્દ્રમિત્રનાં સિક્કાઓ પર ઈન્દ્રની આકૃતિ નજરે પડે છે.

દેવ તો પાંચાલ જુઓ ગરવો તે ધૂનાગરે,
તપસ્વીનાં થાય દર્શન પાપ પળમાં પરજળે,
સૂરજ દેવળ ગેબી ડુંગર તીરથ તો તરણેતર,
મચ્છુવાળા હોલ માતાં દીનનાં દુઃખડાં હર.

ખમીરવંતો આ મલક ખૂબ જ પછાત છે. પાંચાલ માટે તો એમ કહેવાતુ હતું કે,

ખડ, પાણીને ખાખરા, પાણાનો નહિ પાર,
વણદીવે વાળુ કરે, દેવ કો પાંચાલ

ઉત્સવ પ્રિય પાંચાલ પ્રદેશ એક જમાનામાં પશુપાલન માટે જાણીતો પ્રદેશ હતો. ખાખરાના વન અને લીલાછમ ઘાસથી ઢંકાયેલ પાંચાળ પ્રદેશ પૌરાણિક સમયથી ગૌરવવંતો રહ્યો છો. સૌરાષ્ટ્રનાં પ્રવેશદ્વાર સમા સુરેન્દ્રનગર જિલ્લાનાં મૂળી, સાયલા, ચોટીલા, હળવદ, તાલુકાનાં અમરેલી જિલ્લાનાં બાબરા ઝખડો તાલુકાનાં ૧૫૬ ગામડાંનો પાંચાળ પ્રદેશમાં સમાવેશ થાય છે. ૫૯૩ કિ.મી.માં પથરાયેલા આ પ્રદેશમાં દ્રુપદ રાજાનું શાસન હતું તેવી લોકવાયકા છે. પાંચાળ વિસ્તારમાં અનેક પ્રાચીન યાત્રાધામો અને ઐતિહાસિક સ્થાપત્યો આવેલા છે.

ત્રિનેત્રેશ્વર મંદિર - થાનગઢ (તરણેતર), જૂનું સૂરજ દેવળ (સોનગઢ), વાસુકીદાદા મંદિર(થાન), બાંડિયાબેલી, મુનિ બાવાનું મંદિર, ઝરિયા મહાદેવ, અવલિયા ઠાકર, ભીમ ગુફા (ભીમોરા) ચૌમુખી વાવ (ચોબારી, નવલખો મંદિર) (સેજકપર) મુખ્ય છે.

**ભાલ :**

લીંબડી તાલુકાને આજુબાજુનાં પ્રદેશને ભાલ પ્રદેશ કહેવાય છે. ત્યાં ઉત્તમ કોટિનાં ઘઉં અને ચણા પાકે છે. ભાલ એટલે એવો પ્રદેશ જેમાં ચોમાસાનું પાણી પચીને જેમાં ભેજ રહેલો હોય તેવી જમીન, પાણી પચાવનારો ભૂપ્રદેશ, કાદવવાળી જમીન, રેતાળ સાથે રસાળ અને ભાઠાની જમીન. ભાલ પ્રદેશમાં થયેલા ઘઉંને ''ભાલિયા ઘઉં''નું ઉપનામ અપાય છે. ઘઉં ઉપરાંત ભાલના દેશી ચણા પણ તેટલા જ પ્રખ્યાત છે.

**રણકાંઠો :**

રણનાં કિનારાને અડીને આવેલો પ્રદેશ.

ઝાલાવાડની ઉત્તરનો ભાગ, તે કચ્છનાં રણને લગતો આવેલ છે માટે તેને રણકાંઠો કહેવાય છે. રેતીવાળો સપાટ પ્રદેશ, રેતીનું મેદાન, જેમાં રેતી વધારે હોઈ ઝાડપાન અને વનસ્પતિનો જથ્થો થોડો હોય તેવી સપાટી ભૂમિ. જેમ કે, કચ્છનું રણ, સહરાનું રણ, હિંદનાં સંશોધકોની નજર હિંદ અને રજપૂતાનાં રણ પ્રદેશ પર પડી છે. એમનું નિરીક્ષણ કહે છે કે આ રણનો વિસ્તાર એક લાખ ચોરસ માઈલ જેટલો છે અને એની આસપાસ બીજા એક લાખ ચોરસ માઈલ સુધી વેરાન સ્થિતિ પ્રવર્તે છે. પરિણામે હિંદની સપાટીનો લગભગ આઠમો ભાગ વેરાન પ્રદેશ બની ગયો છે. આરણ ભાવલપુરથી શરૂ થઈ, ફિરોઝપુર, પતિયાળા, મેરઠ, અલીગઢ અને કારાગંજ સુધી ઉત્તર અને પૂર્વ દિશામાં દર વર્ષે અડધા માઈલનાં હિસાબે છેલ્લા ૫૦ વર્ષથી ફેલાતું રહ્યું છે. આ રીતે દર વર્ષે ૩૦૦ ચોરસ માઈલ જેટલી ફળદ્રુપ જમીન વેરાન બનતી જાય છે. આ પરિસ્થિતિ અટકાવવા માટે સંશોધકોએ સૂચન કર્યું છે કે આવા સૂકા અને ઉજ્જડ પ્રદેશો પર જંગલો ઉભાં કરવા જોઈએ. હિંદની ખેતીને વધારવા માટે આ અત્યંત જરૂરી છે. આવા જંગલોથી ઊંગતા હવામાન હળવું બનશે એટલું જ નહિ, પણ જમીનનો ઘસારો અટકી જશે તે ગામવાસીઓની ત્રણ રોજિંદી જરૂરિયાત ખોરાક, ચારો અને બળતણ પૂરી પડશે.

હળવદ તાલુકાનાં રાણકાંઠા વિસ્તારનાં ગામોમાં સુરવદર, અજીતગઢ, ઘાંટીલા, માનગઢ, ટીકર ગામોનાં છેવાડે કચ્છનું નાનું રણ હોય. અહિં દરિયાની ભરતીનું પાણી આવતું હોવાથી અહિ રણકાંઠાનાં ગામોમાં મીઠાનું ઉત્પાદન કરવાનો ઉદ્યોગ વિકસ્યો છે. હળવદ તાલુકાનાં અગરિયાઓ ફક્ત હળવદનાં  રણકાંઠામાંથી ગુજરાતમાં ઉત્પાદન કરવાનો ઉદ્યોગ વિકસ્યો છે. હળવદ-પાટડી તાલુકાનાં અગરિયાઓ ફક્ત હળવદ-પાટડીનાં રણકાંઠામાંથી ગુજરાતમાં ઉત્પાદન થતાં મીઠાનાં કુલ ઉત્પાદનમાંથી ૮ થી ૧૦ લાખ ટન મીઠું ઉત્પાદન કરે છે. જે ગુજરાતમાં કુલ ઉત્પાદનનો ૭૫% હિસ્સો છે.

**''ખારુડી આ ધરતી મારી ખારુડી આ ધરતી,**
**રત્નાકર તો રીસ ચડાવી મલક ગયા છે છોડી.''**

**નળકાંઠો :**

ભાલ પ્રદેશમાં આવેલું એક સરોવર અને તેની આસપાસનો પ્રદેશ નળકાંઠો. ઝાલાવાડનાં પૂર્વ ભાગનો પ્રદેશ, કચ્છનું રણ અને ખંભાતના અખાત વચ્ચે આવેલો અને સૌરાષ્ટ્રને હિંદુસ્તાન સાથે જોડતો જમીનનો ભાગ. નળ કાંઠો કચ્છના નાના રણ અને ખંભાતના અખાતને નીચી ભૂમિના પ્રદેશમાં આવેલું છે. નળ સરોવરની લંબાઈ ૩૨ કિમી અને પહોળાઈ ૬.૫ કિમી. છે. તેનું ક્ષેત્રફળ ૧૧૫ ચોરસ કિમી. છે. તેની ઊંડાઈ ૫ થી ૮ મીટર છે. તેનું પાણી ચોમાસામાં મીઠું હોય છે. પરંતુ તળિયાના ક્ષારને લીધે તરત જ ખારું થઈ જાય છે. નળ સરોવરમાં નાના-નાના ટાપુઓ આવેલા છે. તેમાં પાનવડ સૌથી

મોટો ટાપુ છે. અહીં શિયાળામાં દુનિયાના દૂર - દૂરના પ્રદેશોમાંથી જાત-જાતનાં અનેક પક્ષીઓ આવે છે. આ પક્ષીઓને જોવા તથા સહેલગાહ માણવા ઘણા પ્રવાસીઓ અહીં આવે છે. નળ સરોવર વિસ્તારને અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવે છે.

### ભૂ-રચના ભૌગોલિકતા :

સૌરાષ્ટ્ર પ્રદેશનો એક અગ્રભાગ એવો સુરેન્દ્રનગર જિલ્લો ૨૨.૮ થી ૨૩.૩ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૧ થી ૭૨ પૂર્વે રેખાંશ વચ્ચે પથરાયેલો છે. એની ઉત્તરે કચ્છનું નાનું રણ, પાટણ અને મહેસાણા, પૂર્વ અને દક્ષિણે અમદાવાદ અને ભાવનગર તથા પશ્ચિમે રાજકોટ જિલ્લાની સરહદો આવેલી છે. જિલ્લાનું ક્ષેત્રફળ ૧૦,૪૪૮ ચોરસ કિલોમિટર વિસ્તાર છે.

### જમીન :-

પ્રાચીન કાળમાં પાંચાળ તરીકે ઓળખાતા આ જિલ્લાની મોટા ભાગની જમીન સમથળ છે. જિલ્લાના ઉત્તર ભાગ નજીક સપાટ, ખારા અને ઉજ્જડ પ્રદેશ જેવું કચ્છનું નાનું રણ આવેલ છે. વઢવાણ, ધાંગધ્રા, લખતર, હળવદ તથા દસાડા તાલુકાની કેટલીક જમીન ક્ષારયુક્ત છે. જિલ્લાના નૈઋત્ય ભાગમાં ૧૨૦ ફુટ શંકુ આકારનો ચોટીલાનો ડુંગર આવેલો છે. જે જિલ્લાનો સૌથી ઉંચો ડુંગર છે. આ ઉપરાંત પશ્ચિમનો નીચાણવાળો વિસ્તાર જે બારેમાસ પાણીથી ઘેરાયેલો રહે છે તેને નળકાંઠા વિસ્તાર કહે છે. હળવદ, ચોટીલા, સાયલા તથા મુળીનો વિશિષ્ટ લક્ષણ ધરાવતો કેટલોક ભાગ પાંચાળ તરીકે ઓળખાય છે.

જમીનની જાત પ્રમાણે વિસ્તારનું વર્ગીકરણ કરતાં જમીનના ૬૦.૫૪ ટકા મધ્યમ પ્રકારની કાળી જમીન લગભગ બધા જ તાલુકાઓમાં આવેલ છે. મધ્યમ પ્રકારની રાતી જમીન ૧૫.૩૨ ટકા છે, જે હળવદ અને ધાંગધ્રા તાલુકામાં આવેલ છે. રેતાળ અને લાલ પ્રકારની જમીનનો કેટલોક ભાગ ધાંગધ્રા, દસાડા અને લીંબડી તાલુકામાં આવેલો છે.

### નદીઓ :

જિલ્લાની મુખ્ય નદીઓમાં લીંબડી ભોગાવો નદી, ચોટીલા, સાયલા, વઢવાણ અને લીંબડી તાલુકાઓમાંથી પસાર થાય અને ભાલ વિસ્તારણાં મળી જાય છે. વઢવાણ ભોગાવો નદી ચોટીલા, સાયલા, મૂળી, વઢવાણ અને લીંબડી તાલુકાઓમાં પસાર થાય છે અને છેલ્લે નળસરોવરમાં મળે છે. સુખ ભાદર અને વણસર નદીઓ અનુક્રમે સાયલા અને હળવદ તાલુકાઓમાં પસાર થાય છે. આ જિલ્લાની ઘણીખરી નદીઓનું ઉદ્ભવસ્થાન ચોટીલા તાલુકામાં છે. આ ઉપરાંત બ્રાહ્મણી, કંકાવટી, ચંદ્રભાગા, વાંસલ અને ઉમેટ જેવી અન્ય નાની નદીઓનો પ્રવાહ ૮૦ કિલોમીટર કરતાં ઓછો છે, તેમના ટૂંકા અને અસમાન પ્રવાહ અને છીછરાપટના કારણે નદીઓના પાણી વેગથી વહી જાય છે. આ નદીઓ મૌસમી હોઈ કેવળ બંધ બાંધી તેમના પાણીનો ઉપયોગ કરી શકાય તે હેતુથી જિલ્લામાં મધ્યમ કદની સિંચાઈ યોજના હેઠળ બંધ બાંધવામાં આવ્યા છે.

અમારા મલક ઝાલાવાડે સુકા અને નપાણિયા પ્રદેશનું મહેણું હવે ભાંગી નાખ્યું છે. માયાળુ માનવીઓના હૈયાની હેતાળતા, તંત્રના નૈષ્ઠિક પ્રયાસો અને જનભાગીદારીના ત્રિવેણી સંગમ માથે કુદરતની કૃપા અનરાધાર મેઘ સ્વરૂપે કંચન બનીને વરસી છે. ઝાલાવાડ રસાળ ભૂમિ બનતો જાય છે.

લખતર તાલુકાના દેદાદરાની સમીમાં આવેલો ગંગવો કુંડ આ ભૂમિનો સંબંધ ૧૦૦૦ વર્ષ પૂર્વના ભૂતકાળ સાથે સાંધે છે. એના આણંદપુરના પુરાતનકાલિન અવશેષો, વઢવાણમાં આવેલા માધાવાવ અને સતિ રાણકદેવની સમાધિ, ઝીંઝુંવાડાનું શેષજલ સરોવર અને એના ભવ્ય નગર પ્રવેશ દ્વારા તથા કિલ્લો આ ભૂમિને ઓળખી પ્રવાસન ભૂમિ બનાવે છે.

આવો અમારી સાથે ખુલ્લા પગે એની ધરતી ઉપર પગપાળા પ્રવાસે નીકળી પડો, આ ધરતીએ વર્ષોથી શ્વસેલા ઈતિહાસના શ્વોચ્છોશ્વાસ, સંસ્કૃતિના અનોખા ધબકારા તમારા પરની પાનીઓના સ્પર્શે તમારામાં ભવ્ય વારસાના દિવ્ય નર્તનને ઝંકૃત કરી દેશે. વિસ્તરાયેલી ઈતિહાસ કથાઓ, સ્નેહ ગાથાઓ તમારા રોમ-રોમમાં કવિતાના અદ્‌ભૂત ગાન ભરી દેશે. માત્ર અનુભૂતિ જ એનું અંતિમ સંવેદન સ્થાન બની રહેશે.

આ જિલ્લાની મોટીભાગની જમીન સમથળ છે. જિલ્લાના ઉત્તર ભાગ નજીક સપાટ, ખારા અને ઉજ્જડ પ્રદેશ જેવું કચ્છનું નાનું રણ આવેલું છે. વઢવાણ, ધ્રાંગધ્રા, લખતર, હળવદ અને દસાડા તાલુકાની કેટલી જમીન ક્ષારમુક્ત છે. જિલ્લાના નૈઋત્ય ભાગમાં ૧૨૦ ફૂટ શંકુ આકારનો ચોટીલાનો ડુંગર આવેલો છે, જે જિલ્લાનો સૌથી ઉંચો ડુંગર છે. આ ઉપરાંત જિલ્લાની પશ્ચિમ અને દક્ષિણ દિશાએ નાના-નાના ડુંગરાઓ ઝાલાવાડની ધરતીની શોભા બની ઉભા છે. જિલ્લાના વન વિભાગના સધન વનીકરણ અંગેના પ્રયાસોના પરિણામે આ તમામ ભૂપૃષ્ઠ ઉપર છવાયેલી લીલોતરીના કારણે પર્યાવરણ રળિયામણું લાગે છે. જિલ્લાના પશ્ચિમનો નીચાણવાળો વિસ્તાર જે બારે માસ પાણીથી ઘેરાયેલો રહે છે. તેને નળકાંઠા વિસ્તાર કહે છે. હળવદ, ચોટીલા, સાયલા અને મૂળીનો વિશિષ્ઠ લક્ષણ ધરાવોત કેટલોક ભાગ પાંચાળ તરીકે ઓળખાય છે.

### હવામાન :

જિલ્લાની આબોહવા ગરમ, સૂકી અને વિષમ છે. સુરેન્દ્રનગર જિલ્લાની આબોહવા ઉનાળામાં ગરમ અને શિયાળામાં ઠંડી ગણી શકાય. સુરેન્દ્રનગર જિલ્લામાં દરિયાકાંઠો નથી. ઉનાળામાં ૪૦ થી ૪૨ સેન્ટીગ્રેડથી વધારે અને શિયાળામાં સૌથી નીચું તાપમાન ૮ થી ૧૦ સેન્ટિગ્રેડ સુધીનું રહે છે.સમગ્ર જિલ્લાનો સરેરાશ વાર્ષિક વરસાદ ૫૭૬ મી.મી. રહે છે. જિલ્લાની ખેડવાણ જમીન ૧૦૪૩ ૬૪૨ હેક્ટર છે. જમીનને મુખ્યત્વે કાંપવાળી, કાળી, ભુખરી અને ખારવાળી જમીનમાં વર્ગીકૃત કરી શકાય.

## લોકજીવન - સંગીત - લોકસંગીત - લોકનૃત્ય :

શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોકસંગીત અને લોકનૃત્યમાં સુરેન્દ્રનગરના નાગરિકો સારા પ્રમાણમાં રસ ધરાવે છે. લોકસાહિત્યનો ૭ દિવસનો એક કાર્યક્રમ સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી દ્વારા, સૌરાષ્ટ્ર રાજ્યના અંતિમ દિવસોમાં સુરેન્દ્રનગરખાતે યોજાયો હતો. જેના મુખ્ય અતિથિ હતા કવિશ્રી દુલાભાય કાગ. તેમના સાથમાં હતાં તેમના સાથીદારો અને લોકસાહિત્ય વિદ્યાલયનાં જૂના-નવા વિદ્યાર્થીઓ. આ કાર્યક્રમમાં ભગતબાપુ, મેરૂભા ગઢવી, હેમુ ગઢવી, કનુભાઈ બારોટ, મોહનલાલ રાયાણી, જબ્બરદાન રામાભાઈ ઝિબા, કરસન પઢિયાર, રતિલાલ દવેએ સાત દિવસ સુધી સુરેન્દ્રનગરશહેરના નહિ, પરંતુ જિલ્લાનાં દૂર દૂર ગામોથી આવેલા શ્રોતાઓને રસ તરબોળ કર્યા હતાં. આ સમગ્રની સ્થાનિક વ્યવસ્થા તે વખતનાં કલેકટર ગોવિંદસિંહજી ચુડાસમાએ કરી હતી. કાગબાપુ, મેરૂભા વિગેરેનો ઉતારો મિલવાળા શેઠ - કાંતિભાઈના બંગલે હતો, જ્યારે કલાકારોનો ઉતારો ઘરશાળામાં હતો. સાત દિવસનાં આ કાર્યક્રમનું સંચાનલ જયમલ પરમારે કર્યું હતું.

દરબાર ગોપાળદાસ દેસાઈના પુત્ર યોગેન્દ્ર સુન્દર નૃત્યકલામાં આખાયે ગુજરાત તેમજ ગુજરાત બહાર ખૂબ જ જાણીતા તેમનાં ગ્રુપે સંગીત - નૃત્યના અનેક કાર્યક્રમો ભારતમાં અને ભારત બહાર આપ્યાં હતાં. તેઓ તથા તેમનું ગ્રૂપ એક

વખત રાઈ - સાંકળીની - દરબાર સાહેબની રાજગાદી મુલાકાતે આવ્યા હતાં, ત્યારે એક દિવસ તેમનો સુંદર કાર્યક્રમ પાનાંચદ ઠાકરશી બોર્ડિંગમાં ગોઠવાયો હતો. યોગેન્દ્ર સુંદરે મયૂર નૃત્ય કરીને સહુને મુગ્ધ કરી દીધાં હતાં. તેમની મંડળીનો વાંસ રાસ પણ શ્રોતાઓને ખૂબ ગમ્યો હતો. વાંસ નૃત્ય એટલે લાંબા વાસ નહિ, પણ દાંડિયા કરતાં ઠીક ઠીક લાંબા - આપણા ખેડૂતો વાપરે છે તેવી લાંબી પરોણી જેટલાં લાંબા.

વિકાસ વિદ્યાલય, વઢવાણ દ્વારા તેમની સંગીત નૃત્ય નાટિકાઓ બાલશ્રમ કમ્પાઉન્ડમાં રજૂ કરેલ તેમજ ત્યારબાદ લોકસાહિત્યના કાર્યક્રમ જેમાં દિવાળીબેન ભીલ, સરોજ ગુંદાણી, કવિ દાદ, લોક સાહિત્યના મર્મી પીંગલશીભાઈ ગઢવી, કરસન પઢિયાર વિગેરેએ તેમના કાર્યક્રમો સુરેન્દ્રનગરમાં રજૂ કર્યા હતાં.

સાત દિવસનો લોકસાહિત્ય- લોકસંગીતનો એક કાર્યક્રમ બ્રહ્મસમાજ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં સરોજ ગુંદાણી, પુષ્પાબેન છાયા, હરસુર ગઢવી, બચુભાઈ સાહેબખાન (બજાણા) કરશન પઢિયાર, બચુભાઈ ગઢવી, બાબુ રાણપુરા તથા સૌરાષ્ટ્રના જાણીતા વાર્તાકાર - ચલાળાના કાનજીભાઈ બારોટ વિગેરે દ્વારા સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર સરકારનાં કાર્યકાળ દરમિયાન અને ત્યારબાદ કેટલાક વરસો સુધી જિલ્લાના રાસ મહોત્સવનું આયોજન કલેકટર કચેરી દ્વારા થતું હતું. આ રાસ મહોત્સવમાં તાલુકામાં પ્રથમ આવેલી મંડળીઓ પોતાનો કાર્યક્રમ રજૂ કરતા. આ કાર્યક્રમ બાલાશ્રમ કે યંગ્ઝ કલબના મેદાનમાં યોજાતો હતો. એ વખતે આ કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય થયો હતો.



બાપલભાઈ ગઢવી અને તેમના મિત્રો દર વરસે એક લોકસાહિત્યનો કાર્યક્રમ ટાઉનહોલમાં વરસો સુધી આવતા હતાં. જિલ્લા કક્ષાની રાસ હરિફાઈનાં કારણે તેણાં ઉત્તીર્ણ થઈ જિલ્લાની બે રાસ મંડળી-પઢાર રાસ મંડળી અને મનડાસર રાસ મંડળીએ રાષ્ટ્રય કક્ષાએ પોતાનો કાર્યક્રમ રજૂ કરવા આમંત્રણ મળેલ, ત્યારબાદ સુરેન્દ્રનગર શહેરની શક્તિપરા માલધારી મંડળીએ રાજયમાં અને રાજય બહાર પોતાના કાર્યક્રમ દ્વારા નામના કેળવી છે. શાસ્ત્રીય સંગીત અને સુગમ સંગીતના કાર્યક્રમો મર્યાદિત નિમંત્રિતો માટે આ શહેરમાં સારા પ્રમાણમાં ગોઠવાયાં છે.

શાસ્ત્રીય સંગીતના આરાધકો, આ શહેરમાં શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરવા માટે જો કોઈ સંસ્થા હોય તો તે લક્ષ્મણભાઈ  ગોહીલનું ‘ગાંધર્વ વિદ્યાલય’ તેમજ મહેન્દ્રભાઈ દવેનું ‘સ્વર સાધના’ આ બંને મહાનુભાવોએ વરસો સુધી શાત્રીય સંગીતના ફેલાવા માટે વરસો સુધી સાધના કરી, મહેન્દ્રભાઈના પરિવાર ભરત દવે, આરતી દવેએ આ પરંપાર ચાલુ રાખી છે. વાદ્ય કલાકારોમાં વાયોલીન માટે માવજીભાઈ ચૌહાણ અને નરઘા માટે બચુભાઈ કાજીને યાદ કરવા પડે. તે ઉપરાંત બાળકદાસ મહારાજ અને કેશુભાઈ મહારાજ પણ ખરા. મોહનભાઈ અગ્રવાલ અને તેમના મિત્રો ૬૦ થી ૭૦ ના દાયકા લગી શાસ્ત્રીય સંગીતની બેઠકો જ યોજતા હતાં.

જૂની પેઢીના ભજનિકોમાં કેશુભા ઝાલા, ભાઈલાલભાઈ સોની, વજુભાઈ ગઢવી, દાદુભાઈ કાજી, દાવાભાઈ પાનવાળા, સોંડાભાઈ ભરવાડ, હકાભાઈ ભરવાડ, સુરેશ રબારી અને કોકિલાબેન રામાનુજનું પ્રદાન છે.

આ શહેરનાં મોટા ગજાના વાર્તાકાર તે બચુદાન ગઢવી અને બાપલભાઈ ગઢવી. નૃત્યના શાસ્ત્રીય અભ્યાસની વાત કરીએ તો વિનોદ દવેનું પણ પ્રદાન છે. જેમણે ગુજરાત બહાર પ્રદેશમાં, ઓફિસ ટાવર ઉપરથી ગુજરાત ગીત 'આપણા મલકના માયાળુ માનવી' વહેતું કહ્યું તે બાબુભાઈ રાણપુરા અને સ્વ. ડોલરદાન ગઢવી તો આ શહેરનું ઘરેણું હતાં.

## કુદરતી જળ સંપત્તિ :

સુરેન્દ્રનગર જિલ્લાની મુખ્ય નદીઓમાં લીંબડી ભોગાવો નદી ૯૯.૨ કિ.મી. માં વહીને ચોટીલા, સાયલા, વઢવાણ તથા લીંબડી તાલુકામાંથી પસાર થઈ ભાલ વિસ્તારમાં મળી જાય છે. ભોગાવો નદી જિલ્લાના ચોટીલા,સાયલા, મુળી, વઢવાણ તથા લીંબડી તાલુકામાંથી પસાર થઈને નળ સરોવરમાં મળી જાય છે.

સરદાર સરોવર યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર શાખા નહેર શાખા નહેરમાં વહેતા નર્મદાના પાણીનો અણીના સમયે પીવાના હેતુ માટે ઉપયોગ અનિવાર્ય બનતા સુરેન્દ્રનગર શહેર ઉપરાંત વઢવાણ અને અનેક ગામોને ગત દિવસોમાં પીવાના પાણી માટે યુધ્ધના ધોરણે પાઈપ લાઈન (લખતર તાલુકાના કડુ પાસેથી) નાંખીને અછતના કારમા દિવસોમાં નર્મદાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં અંદાજીત ૩,૦૦૦ કિ.મી. ની પાઈપ લાઈનના નેટવર્ક દ્વારા ગામડાંઓ અને શહેરો સુધી નર્મદાના નીર પહોંચાડ્યા છે.

## વન સંપદા :

સુરેન્દ્રનગર જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૦,૪૮૯ ચો.કિ.મી.ના પ્રમાણમાં જિલ્લાનો વન વિસ્તાર ૫૩૧.૧૪ ચો.કિ.મી. એટલે કે ૫.૦૬ ટકા છે. સુરેન્દ્રનગર જિલ્લા હસ્તકના ફોરેસ્ટ વિસ્તારમાં કચ્છના નાના રણનો વિસ્તાર, રીઝર્વ અને નોન રીઝર્વ / વીડી વિસ્તાર તેમજ રેવન્યુ વિભાગ તરફથી ટ્રાન્સફર થયેલ જમીનનો સમાવેશ થાય છે. જિલ્લામાં કુદરતી ફોરેસ્ટનું અસ્તિત્વ નથી પણ વન વિસ્તાર મોટાભાગનો સંપાદીત થયેલ જમીન પૈકીનો છે. આ વન વિસ્તારમાં વનીકરણ અને વન સંવર્ધનની કામગીરી કરવામાં આવે છે. છેલ્લા છ વર્ષમાં વન વિભાગ દ્વારા જિલ્લાની અંદાજીત ૧૧,૬૯૫ હેક્ટર જમીનમાં ૭૪ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લા પ્રશાસન દ્વારા પ્રવાસન વર્ષ નિમિત્તે પાંચાલ પંથકમાં આવેલ બાંડીયા બેલી આસપાસના માંડવ વીડને પર્યાવરણીય જાળવણી માટે ઈકો ટુરીઝમ તરીકે વિકસાવામાં આવ્યું છે.

## કૃષિ :

હજી હમણાં સુધી બિનપિયત કપાસમાં મોખરાનું સ્થાન ધરાવતા સુરેન્દ્રનગર જિલ્લાએ કૃષિ મહોત્સવ ઉપરાંત કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણની નિરંતર પ્રવૃત્તિના કારણે પિયત કપાસના ઉત્પાદનમાં વિક્રમી સિધ્ધિ મેળવી છે. માત્ર ઉત્પાદનમાં વૃધ્ધિ જ નહીં પણ તેની ઉત્તમ ગુણવત્તા માટે ઓર્ગેનિક ફાર્મિંગ અને કૃષિ તજજ્ઞોના સતત માર્ગદર્શન અને તે પ્રમાણેની ખેડૂતોની માવજતના કારણે સુરેન્દ્રનગર જિલ્લાનો કપાસ છેલ્લાં ચાર વર્ષથી ચીન સહિત અન્ય રાષ્ટ્રોના બજારમાં પહોંચ્યો છે. કપાસની નિકાસમાં દેશમાં ગુજરાત અને ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લો મોખરે રહ્યો છે. તે તેના પુરૂષાર્થનું યશસ્વી ઉદાહરણ છે.

આજથી ત્રણ વર્ષ પહેલાં સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસનો વાવેતર વિસ્તાર ૪.૧૨ લાખ હેક્ટર હતો તે વધીને ૫ લાખ હેક્ટરે પહોંચ્યો છે. તેની હેક્ટર દીઠ ઉત્પાદકતા ૧૦૦૦ કિ.ગ્રા. હતી તે વધીને ૧૧૨૫ કિ.ગ્રા. થઈ છે.

નર્મદાના પાણીના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં રવિ વાવેતરે પણ વિક્રમ સર્જે છે. ત્રણ વર્ષ પહેલા જિલ્લામાં ઘઉંનો વાવેતર વિસ્તાર ૪૦,૦૨૦ હેક્ટર હતો તે મહત્તમ ૫૭,૯૨૦ હેક્ટર સુધી પહોંચ્યો છે. ઘઉંનું ઉત્પાદન ૨૩૨૫ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર હતું તે ૨૫૦૦ કિ.ગ્રા. એ પહોચી છે. એ જ રીતે જીરૂના વાવેતરે તો અનેરો વિક્રમ સર્જ્યો છે.

કૃષિ ઉપરાંત બાગાયત ક્ષેત્રે પપૈયા અને બોરની ખેતીના સફળ પ્રયોગ પણ જિલ્લામાં થયાં છે. જિલ્લાના બાગાયતી પાકના વાવેતર વિસ્તારમાં પણ જિલ્લામાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી જાય છે. કાજુ જેવા મૂલ્યવાન બાગાયતી પાકનું વાવેતર અને ઉત્પાદન સુરેન્દ્રનગર જિલ્લામાં શક્ય બન્યું છે.

### જળસંચય :

નર્મદા યોજના ઉપરાંત સિંચાઈ વિભાગે સુજલામ્-સૂફલામ્ યોજના અંતર્ગત જિલ્લાની નદીઓ પર મોટા ચેકડેમ બાંધીને સિંચાઈની પૂરક, વૈકલ્પિક વ્યવસ્થા કરી છે. લખતર, લીંબડી, ધાંગધ્રા, ચોટીલા, અને હળવદ તાલુકાની અંદાજે ૧૭,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં જળ સંચયના કારણે કૂવા-બોર રિચાર્જ થતાં સિંચાઈ મળી રહી છે. જ્યાં ચેકડેમ નથી ત્યાં નર્મદા અને સિંચાઈ વિભાગે પારસ્પરિક સંકલન કરીને લખતર, લીંબડી, ધાંગધ્રા અને હળવદ તાલુકાના અનેક ગામોના સૂકા તળાવોને નર્મદાના પાણીથી ભરવાની કામગીરી શરૂ કરી છે. તેના કારણે ખેતી, પશુપાલન અને પીવાના પાણીનો પ્રશ્ન પણ ઉકેલાઈ રહ્યો છે.

### ઊર્જા :

અજવાળામાં ઊભા હો અને અચાનક અંધારૂ થઈ જાય ત્યારે જ આપણને અજવાળાની સાચી જરૂરિયાત સમજાય છે. આવું અજવાળું જો કાયમ રહે તો ? અશક્ય લાગતું કાર્ય રાજ્ય સરકારે જ્યોતિગ્રામ થકી સમગ્ર રાજ્યમાં શક્ય કરી બતાવું છે. ગુજરાતની વિકાસની હરણફાળમાં જ્યોતિગ્રામ યોજનાએ નવી દિશા બતાવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં લોકસુખાકારી માટે વીજળી ક્ષેત્રના પ્રશ્નોનું નિરાકરણ લાવવા પશ્ચિમ ગુજરાત વીજ કંપની કટિબધ્ધ બની કાર્ય કરી રહી છે.

### માર્ગ પરિવહન :

રાજ્યના સર્વાંગિણ વિકાસનો મુખ્ય આધાર માર્ગ છે. જ્યાં સારા માર્ગો હશે ત્યાં વિકાસ ઝડપી થશે. આને ધ્યાને લઈ રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતમાં રસ્તાઓના નેટવર્ક થકી વિકાસને એક નવી દિશા આપી છે. માર્ગ વિકાસમાં સુરેન્દ્રનગર જિલ્લો પણ આગળ પડતું સ્થાન ધરાવે છે.

અમદાવાદ કચ્છને જોડતા વિરમગામ - માલવણ - ધાંગધ્રા - હળવદ - માળિયા હાઈવે ફોર લેઈન કરવાનું કામ હાથ ધરાયું છે. અંદાજીત રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૯૯.૭૫ કિ.મી. રસ્તાના ફોર લેઈનનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જે પૂર્ણ થતાં સુરેન્દ્રનગર જિલ્લાના વિકાસને વેગ મળશે.

### સામાજીક-સાંસ્કૃતિક

જિલ્લાંમાં કોળી સમાજના લોકોની વસ્તી વધુ જોવા મળે છે. ઉપરાંત ક્ષત્રિય, બ્રામ્હણ, પટેલ,જૈન, રબારી, ભરવાડ, મુસ્લીમ સહિત અન્ય જ્ઞાતિઓના લોકો પણ રહે છે. જિલ્લાના નળકાંઠા વિસ્તારના કેટલાક ગામડાઓમાં પઢાર જ્ઞાતિના થથા રણ વિસ્તારમાં અગરિયાઓ વસવાટ કરે છે.

# સ્થાનિક તથા રજવાડાઓનો ઇતિહાસ

## વઢવાણ



પુરાણકાળમાં વર્ધમાનપુરીના નામે જાણીતા આ વઢવાણ શહેર તથા તાલુકામાં અનેક ઐતિહાસિક સ્થાનકો આવેલા છે. સુરેન્દ્રનગરથી ત્રણેક કિ.મી.ના અંતરે ૪૫૦ વર્ષ પુરાણું વડવાળા મંદિર આવેલું છે. જ્યાં સમગ્ર ગુજરાતમાંથી રબારીઓ દર્શનાર્થે આવે છે. વઢવાણથી ચૌદ કી.મી.ના અંતરે દેદાદરા ગામે ગંગવો કુંડ આવેલો છે. જે ચાલુક્ય કાળનો હોવાની માન્યતા છે. એ જ રીતે વઢવાણમાં સંવત ૧૯૬૯માં બાંધવામાં આવેલી ગંગાવાવ પ્રાચીન વાવ છે. પ્રજા માટે પ્રાણ સમર્પણ કરી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઉ.વ.૧૨૭૫)ના મંત્રીશ્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છિક બલિદાનની દંતકથી આ માધાવાવ ઉપરાંત રામપરાની લાખાવાવ પણ જાણીતી છે. વઢવાણ ખાતે બાંધણી ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે.અહીંની બાંધણી સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.

પ્રાચીન વર્ધમાનપુરીથી ઓળખાતા વઢવાણ શહેર અને કલાત્મક કોતરણીના બાંધકામો સાથે ગૌરવવંતો ઇતિહાસ ધરાવે છે. અત્રે રાણકદેવીનું સુંદર કોતરણીવાળું મંદિર ગઢની બારી પાસે આવેલ છે. કહેવાય છે કે જૂનાગઢના રા'ખેંગાર અને તેના બે પુત્રોની હત્યા બાદ રાજા સિદ્ધરાજ જયસિંહ રા'ખેંગારની પત્ની રાણી રાણકદેવીનો કબજો લઈ જતા હતા ત્યારે માર્ગમાં રાણકદેવી વઢવાણ પાસે ભોગવા નદીમાં સતી થયાં હતાં. રાણકદેવીનું મંદિર ભારત સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા સુરક્ષિત જાહેર કરાયેલ છે.

અલહિણવાડના રાજા કરણઘેલાના મંત્રી નાગર બ્રાહ્મણ માધવે વઢવાણમાં ઈ.સ. ૧૨૯૪માં બંધાવેલ માધવવાવ તથા ૧૧૬૯માં બાંધવામાં આવેલ ગંગાવાવ પ્રાચીન વાવ તરીકે પુરાતત્ત્વ વિભાગ દ્વાર રક્ષિત છે. વઢવાણના રાજા દાજીરાજાના શાસનકાળમાં શરૂ કરવામાં આવેલ હવા મહેલનું બાંધકામ રાજાના આકસ્મિક અવસાનના કારણેઅધરું રહેવા પામેલું હતું.

આજનું વઢવાણ એ પ્રાચીનકાળથી મહત્તા ધરાવતું શહેર છે. પ્રાચીનકાળમાં વઢવાણ દંતકથા પ્રમાણે મણીપુર નામથી ઓળખાતું હતું. ત્યાર પછી અસ્થિગ્રામ અથવા અસ્થિગ્રામ કહેવાયું. એવો ઉલ્લેખ જૈનગ્રંથોમાંથી મળે છે, અસ્થિગ્રામ એટલે હાડકા ઉપર વસેલું ગામ. આ અસ્થિગામ નામ કેમ પડ્યું અને પછી વર્ધમાનપુર કેમ થયું તેની પણ એક કથા છે કે આ



વઢવાણનો રાજમહેલ



વઢવાણની મૂળ જગ્યાએ ધનદેવ નામનો (સારથવાહ) વેપારી અહીની ભોગાવા નદી પરથી પસાર થતો હતો. પરંતુ તેમાં તેના સંઘના બે બળદ થાકી જતા ગામના બે સારે માણસો બોલાવી તેના ચારાની વ્યવસ્થા માટે પૈસા આપ્યા અને સંઘ આગળ ગયો. પરંતુ પછી આ લોકોએ આ મૂકી ગયેલા બળદ તરફ ધ્યાન ન દેતા તે ભૂખે તરસે મરી ગયો અને તે શૂળપાણદેવ થયો. પછી ગામ ઉપર કોપ્યો અને મરકી થવાથી માણસો અને પશુઓના હાડકાના ઢગલાં થયા તેના ઉપર જે ગામ હતું તે અસ્થિગામ. આ પછી શુળપાણદેવને શાંત કરવા લોકોએ ભોગાવાને કાંઠે પોઠિયો બનાવી તેની પૂજા કરવા માંડ્યા. ત્યાર પછી બધું જ શાંત થઈ ગયું.

આ અરસામાં જૈનધર્મના ૨૪ મા તીર્થંકર મહાવીર સ્વામી અસ્થિગામ પધારતા યક્ષે તેને ખૂબ દુઃખ આપ્યું પણ તે ડગ્યા નહીં. પછી મહાવરી સ્વામીએ આ મનુષ્યાહારી યક્ષના પંજામાંથી અસ્થિગામને છોડાવી મોટી આફત ટાળી તેથી લોકોએ મહાવીર સ્વામીના મૂળનામ વર્ધમાન પરથી તે ગામનું નામ વર્ધમાનપુર પાડ્યું. શિલાદિત્ય ચોથાના (આ ઈ.સ. ૬૮૫ થી ૭૧૦) દાનપત્રમાં વઢવાણનો વર્ધમાનપુર નામથી ઉલ્લેખ છે. આ સિવાય 'પ્રબંધ ચિંતામણી'માં પણ શ્રી વર્ધમાનપુર એવો શબ્દ જોવા મળે છે. આ વર્ધમાનપુરમાંથી ધીરે ધીરે અપભ્રંશ થતા થતા તે ગામનું નામ વઢવાણ પડી ગયું. મહાવીર સ્વમીના સમયે વઢવાણમાં કોની સત્તા હતી તે સ્પષ્ટ થતું નથી એની એ દંતકથાથી વિશેષ કશું નથી. વઢવાણ એ વલ્લભીપુરની જેમ જ પુરાતન કાળનું અને આબાદ શહેર હતું તે માટે કહેવાય છે કે 'વળાને વઢવાણ પાટણ શહેર પચી વસ્યુ' આ ઉપરથી કહી શકાય કે અણહિલવાડ પાટણ ૮૦૨માં વસ્યું છે. તો વઢવાણ તેના પહેલાનું જ વસેલું છે. બીજા એક દુહામાં પણ

ઈતિહાસ પ્રગટ થાય છે કે -

**વઢવાણ એભલ વસે, લે સમીપ બે લાખ**
**ભાલે ઈરાની ભંજીયો, સૂરજ પૂરે શાખ**

આ એભલ ૧લો વલ્લભીપુરનો રાજા ઈ.સ. ૨૬૫માં થયો તે વઢવાણમાં રહેલો અને ઈરાનના કોઈ સરદાર સાથે તેને લડાઈ થઈ હતી.

ઈ.સ. ૭૧૭ ના એક તામ્રપત્રમાં લખેલું કે વઢવાણમાં ચાંપા (ચાંપોત્કટ અથવા ચાવડા) વંશનો ધરણીવહાર રાજા રાજ્ય કરે છે. આ સમયગાળામાં વઢવાણ ચાંપોત્કટ અથવા ચાવડા વંશની સત્તા હેઠળ હતું તેમ જણાય છે. આ ચાંપવંશનો સ્થાપક વિક્રમાંક (આ.ઈ.સ. ૮૦૫ થી ૮૩૦) હતો. જેના રાજયમાં શકસંવત વપરાતો હતો. તેના પછી તેનો પુત્ર ગાદીએ (આ ઈ.સ. ૮૩૦ થી ૮૫૫) આવ્યો. જેના નામ ઉપરથી આ પ્રદેશ હડાલા તરીકે ઓળખાયો હતો. પુલકેશી (આ.ઈ.સ. ૮૫૫ થી ૮૮૦) પછી તેના બે પુત્રો ધ્રુવભટ્ટ (આ ઈ.સ. ૮૮૦ થી ૮૯૫) અને ધરણીવહાર (આ.ઈ.સ. ૮૮૦ થી ૮૯૫) અને ધરણીવહાર (આ.ઈ.સ. ૮૯૫ થી ૯૧૪) ગાદીપદતી થયા હતા. આ પછી સોલંકીઓ, વાઘેલા અને છેલ્લે ઝાલાઓના હાથમાં વઢવાણ હતું એમ જણાય છે. જે ઝાલાવંશની સ્થાપના ઈ.સ. ૧૬૩૦માં હળવદ ધાંગધ્રાના રાજોજીએ કરી હતી.

## ધ્રાંગધ્રા

ફલકુ નદીના કાંઠે વસેલું આ શહેર રાજવીનું ગામ છે. ત્યાં રાજવીનો મહેલ સુરજમહેલ,માન મહેલાત, જોગાસર તળાવ, માનસર તળાવ, શીતળા માતાજીનું મંદિર આવેલું છે. આ ઉપરાંત સોડાએશનો સૌથી મોટો કેમિકલ પ્લાન્ટ ધાંગધ્રા કેમિકલ વર્કસ તથા પથ્થરમાંથી કલાત્મક મૂર્તિઓ કંડારતા સોમપુરા અહીંની શાન છે. પથ્થરોની ભૂમિ એવા આ વિસ્તારને પહેલા લોકો ધ્રાંગધ્રા એટલે કે,પથ્થરોની ભૂમિ તરીકે ઓળખતા. કાળક્રમે ધંગધરામાંથી અપભ્રંશ થઈને ધાંગધ્રા નામ પડ્યું હોવાનું લોકો માને છે. આ વિસ્તારમાંથી નિકળતા પથ્થરો સારી ગુણવત્તાના હોવાના કારમે અહીંના પથ્થરોમાંથી કલાત્મક




મૂર્તિઓ બનાવવામાં આવે છે તથા દેશ-વિદેશમાં મંદિરોના નિર્માણમાં પણ આ પથ્થરો વપરાય છે. જેના કારણે આ વિસ્તારમાં સ્ટોન કાર્વિંગનો ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે. આ તાલુકામાં આવેલ કંકાવટીની માત્રી વાવ રક્ષિત સ્મારક છે. તાલુકાના ધ્રુમઠ ગામે દ્રોપદીની કુંડ તરીકે ઓળખાતો પ્રાચીન કુંડ અને જુના મંદિરોના અવશેષો આવેલાં છે.

ઈ.સ. ૧૭૩૦માં રાજા રાયસિંહજી (બીજા) એ રાજધાનું નિર્માણ કર્યું. ૨૧૭ વર્ષ દરમિયાન ૧૦ રાજાઓએ રાજ કર્યું. દંતકથા એવી છે કે ઝાલાવંશીની રાજધાની હળવદ મુકામે ૨૪૪ વર્ષ રહી. ૧૧ રાજા થયા. બહારનાં આક્રમણને કારણે નવી રાજધાની વસાવવાનું નક્કી કર્યું. ઈસ. ૧૭૩૦ થી ૧૭૮૨ દરમિયાન રાજા રાયસિંહ (બીજા)એ તેમના દાદાની ઈચ્છા ધુંગધરા - ધ્રાંગવીધરા, ધ્રાંગધરા કે ધ્રાંગધ્રા રાજધાની બનાવી. તેના નામ માટે મતમતાંતર છે કોઈ કહે છે પથ્થરનો ગઢ હોવાથી તેને ધાંગ્રીનો ગઢ પરથી આવું નામ પડ્યાનું કહે છે. કોઈ ભાષાશાસ્ત્રી તેને ફલકુ નદીનાં ચોક્કસ ધરાનું નામ ધરાંગ હશે તે પરથી પડ્યાનું કહે છે. તો કોઈ વળી ધ્રાંગધ્રા એટલે કમાડના બૂહા આકારનો પ્રદેશ અને ઝાડ ઝાંખરા વનરાજથી ભરપૂર એવો ધુંગુ સપાટી પ્રદેશ હોવાથી ધુંગુધરા કે ધ્રાંગધ્રા થઈ ગયું હોય તેમ માને છે. સૌથી સરળ અર્થ એવો કરી શકાય કે ધ્રાંગ એટલે પથ્થર અને ધરાનો અર્થ ધરતી. તેથી પથ્થરોની ભૂમિ એટલે ધ્રાંગધ્રા તેથી જે ધરાનું અંગ પથ્થરોથી બન્યું હોય તેવું ગામ એટલે ધ્રાંગધ્રા.

ધ્રાંગધ્રા જ્યારે ઝાલા રાજ્યની રાજધાની બન્યું ત્યારે ૧૬ સતીનું ગામ હતું. ફલકુ નદીનાં તીરે નદી દુર્ગમાં આ ગામ વસાવેલું તેનો દુર્ગ પથ્થરમાંથી બનાવેલો સાથે હતો. આ કિલ્લાને ચાર દરવાજા હતા. બે બારી હતી. આ કિલ્લો ઈ.સ. ૧૭૩૦ થી ૧૭૪૫ના સમયમાં બંધાયો હશે. આ કિલ્લો રાજ રાયસિંહજી (બીજાએ) બંધાવેલો. તે પછી રાજગજસિંહ (બીજા)નાં સમય ૧૭૪૫ થી ૧૭૮૨ સુધી ધ્રાંગધ્રા રાજધાની બનેલું નહીં. ઈ.સ. ૧૭૮૨માં રાજગાદી સંભાળનાર રાજ જશવંતસિંહજી (બીજા)એ વિક્રમ સંવત ૧૮૩૯ ને શ્રાવણવદ ૦૭ એટલે કે તા. ૧૯-૮-૧૭૮૩નાં રોજ ગામને તોરણ બંધાવી ઝાલા રાજ્યની રાજધાની હળવદથી ખસેડી ધ્રાંગધ્રાને કાયમી કરી.

## ધ્રાંગધ્રા ભાયાત

(સોઢાજી શાખા)

રાજહરપાળ દેવજી પછી પચીસમી પેઢીએ થયેલા રાજરાયસિંહજી વિ.સ. ૧૬૨૦ થી ૧૬૪૦ સુધી હળવદની ગાદી ભોગવી. તેઓ નીચે બતાવ્યા સ્થળે પરણ્યા હતા. (૧) ખીલોસના જાડેજાના દિકરી (૨) માણસાના ચાવડા અખેરાજ ગાંગેવના પુત્રી જીવજીબા (૩) બીકાનેરના રાઠોડ રામસિંહજીના કુંવરી દેવકુંવરબા (૪) વાવના ચૌહાણના પુત્ર એ ચારે રાણીઓમાંથી ખીલોસવાળા રાણીથી ચંદ્રસિંહજી તથા છત્રસાલજી નામે બે કુમાર થયા. તથા લખમાબાજી નામે એક પુત્ર થયાં. લખમાજીબાના લગ્ન જામનગરના જાસ જસાજી સાથે થયા હતા. કુંમાર છત્રસાલજી માળિયા પાસે થયેલા ધીંગાણામાં માર્યા ગયા હતાં. રાજરાયસિંહજી પછી પાટવી કુમાર ચંદ્રસિંહજી વિ.સં. ૧૬૪૦માં હળવદની ગાદીએ બેઠા. તેમણે સીધા પાસે ચંદ્રસર નામે તળાવ બંધાવ્યું. તથા થાન પાસેની વહેતી નદીમાં ચંદ્રાસર નામનો બંધ બંધાવ્યો. તેઓ જોધપુરના રાઠોડ રાજા સુરસિંહજીના પુત્રી સત્યભામાજીને પરણ્યા હતા. તે સત્યભામાની નાની બહેન દીલ્હીના બાદશાહ જહાંગીર વેરે આપ્યા હતાં. પોતાના લગ્નની ખુસાલીમાં ચંદ્રસિંહે કોઈ એક રાઠોડને વેજલપુર નામે ગામ આપ્યું હતું.



એક વખત રાજચંદ્રસિંહજીના બહેન લખમાજીબા જામ જસાજી સાથે સતરંજની રમત રમતા હતાં. તેમાં જામ જસાજીની જીત થઈ. તેથી તેઓ વારંવાર પોતાની બડાઈ ગાવા લાગ્યા. આથી ગુસ્સે થઈને લખમાજીબા યે કહ્યું કે મને જીતો તેમાં શું પણ મારા ભાઈને જીતો તો ખરાં. તે સાંભળીને જામ જસાજી યે મોટી ફોજ હળવદ ઉપર મોકલી. પણ તેમાં તેઓ હાર્યા. પછી જામ જસાજી યે નાગર શંકરદાસની સહાય લઈ ચંદ્રસિંહજીને પકડાવીને લાવ્યા. પછી તેઓને છોડી મુક્યા રાજ ચંદ્રસિંહજીને પૃથ્વીરાજી, આશકરણજી, અમરસિંહજી, અભેસિંહજી, રામસિંહજી અને રાણાજી નામે છ કુમારો હતાં. તેમાં પૃથ્વીરાજજી ભડલીના સરવૈયાના ભાણેજ હતાં. અભેરાજજી સીહોરના રામસંગજી ખીલોસના રાણોજી, પેથાપુર માણસાના ભાણેજ હતા. હવે હળવદની ગાદીના ખરા હકદાર પાટીકુમાર પૃથ્વીરાજજી હતા. છતાં આશકરણજી અને અમરસિંહ યે પોતાના હેતુ પાર પાડવા માટે અમદાવાદના સુબાની સહાયતા માગી સુબા યુક્તિ પ્રયુક્તિથી પૃથ્વીરાજને પકડી કેદ કર્યો. સ્વર્ગે સંચર્યા પછીની હકીકત વાંકાનેરના ઈતિહાસમાં સવિસ્તાર આપેલી છે.

રાજચંદ્રસિંહજના ચોથા પુત્ર અભેરાજજીને થાન અને લખતર પાંચમાં પુત્ર રામસિંહજીને કુડ અને છઠા પુત્ર રાણાજીને મથક આપ્યું. વિ.સ. ૧૬૮૪માં રાજ ચંદ્રસિંહનો સ્વર્ગવાસ થતાં તેમને બીજા કુમાર આશકરણજી હળવદની ગાદી યે બેઠા. તેમણે તેમના નાનાભાઈ અમરસિંહજીને બારગામથી ગામ માલવણ આપ્યું. તે બેને ભાઈ એક જ ઠેકાણે ગાજુણીયાને ત્યાં પરણ્યા હતાં. આશકરણના રાણી મોટી બહેન અને અમરસિંહજીના રાણી નાની બહેન થતા હતાં. એક મોટી બહેનને મળવા નાની બહેન માલવણથી હળવદ આવ્યા. મોટી બહેને નાની બહેનને કહેવરાવ્યું કે તમે તો પીતુ ઘાટક છો તેથી તમારૂં મોઢું જોવું તે ઉચીત નથી.

અમરસિંહજી યે તેમની માતાના કહેવાથી પોતાના પિતા ચંદ્રસિંહને મારીને મોટાભાઈ આશકરણજીને ગાદીએ બેસાડ્યો હતા. તે વાત વાંકાનેરના ઈતિહાસમાં આપેલી છે. તે સાંભળીને નાની બહેન તુરત હળવદથી પાછા ફર્યા અને માલવણ જઈ પતોના પતિ અમરસિંહને બધી વાત કરી જે સાંભળીને અમરસિંહજીએ કહ્યું કે વાત સાચી છે. પિતૃ હત્યા કરી મે અને ગાદી ભોગવે છે મોટાભાઈ. તેથી રીસમાં ને રીસમાં પોતે ઘોડે ચડીને હળવદ ગયા અને ત્યાં મોટાભાઈ આશકરણ નાવા બેઠા હતા. તેમને ભાલાથી મારી નાખ્યા અને વિ.સ. ૧૯૯૦માં પોતે હળવદની ગાદીએ બેઠા.

જ્યારે પૃથ્વીરાજજીના કુમાર રાજ સરતાનસિંહજીયે વાંકાનેર વસાવ્યા બાદ વારંવાર ઉપર હુમલા કરવા માંડ્યા. ત્યારે તેમણે પોતાની સરહદનું રક્ષણ કરવા માટે માથક આવી મુળીના પરમારની સહાયતાથી ભીમગુડાના ઢોર હાંકી ગયા તે સમાચાર સાંભળી રાજ સરતાનસિંહજી તેમની પાછળ પડ્યા. પોતાના પશુઓને સ્વાધીન કર્યા અને ભીમગુડા તથા ઓળવચે ધીંગાણું થયું. તેમાં સરતાનજી કામ આવ્યા. એની ત્યાં દેરી તથા કેટલાક પાળીયા અને તે સરતાનજીનું રણ કહેવાય છે.

રાજ અમરસિંહજી ગાજણીયા ભાણાજીના કુવરી શામળા તથા જાડેજા અલીયાજીના કુંવરી તાજકુંવરબાને પરણ્યા હતાં. તેમને એક મેઘરાજજી નામે પુત્ર થયાં.

## મૂળી

મુળી ગામમાં બ્રહ્માનંદ સ્વામીએ બંધાવેલું સ્વામિનારાયણ મંદિર, નક્શીદાર હવેલી તેમજ માંડવરાયજીનું પ્રખ્યાત મંદિર આવેલા છે.તાલુકાના દૂધઈ ગામે આવેલ આશરે ૨૫૦ વર્ષ જુનુ વડવાળા મંદિર રબારી સમાજનું યાત્રાધામ છે. સરાનું મેલડી માતાનું મંદિર પણ દર્શનીય છે. તાલુકાના સોમાસર ગામે પટોળા ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે.

મૂળી એ સુરેન્દ્રનગર જિલ્લાનું એક ગામ છે. મૂળી ગામ આજે જે જગ્યાએ વસેલું છે ત્યાંથી થોડે દૂર એક મૂળી નામની રબારણનો નેસ હતો. કોઈ (માવદાનજી રત્નુ) મૂળીબાઈને ચારણ પણ કહે છે. જ્યારે પરમારો સૌરાષ્ટ્રમાં આવ્યા તારે તેને મૂળીબાઈ દૂધ પાણી પૂરા પાડતી હતી. તેથી પરમારોની સાથે પરિચય અને ઘરોબો બંધાતા જ્યારે પરમારોએ ગામ વસાવવાનો નિર્ણય કર્યો ત્યારે ભોળી સેવાભાવી રબારી મહિલા મૂળીના નામ ઉપરથી ગામનું નામ જ મૂળી પાડી દીધું.

મૂળી ગામ ક્યારે વસ્યુ એ માટે થોડીક ચર્ચા કરી આપણે મૂળ ગામની ઉંમર નક્કી કરવાનો પ્રયત્ન કરીએ. સૌ પ્રથમ વાત એ છે કે, મૂળી ધારાનગરીના પરમાર ક્ષત્રિયોએ વસાવેલ છે. મૂળી વસાવનાર લખધીરજી સૌરાષ્ટ્રમાં ક્યારે આવ્યા તે નક્કી કરવાનો પ્રયત્ન કરી પછી મૂળીની ઉંમર નક્કી કરી સકાશે.

થરમાકટ (હાલ, સિંધ પાકિસ્તાન)ની ધારાનગરીની બાજુમાં નામનું ગામ. આશરે ૧૨૦૦ની સાલમાં પરમારોનો ત્યાં વસવાટ હતો. અહીં રતનજી પરમારનો પરિવાર તથા અન્ય પરિવાર વસવાટ કરતા. તેમને ચાર પુત્રો હતાં. પશુપાલન અને રખોપું તેમના મુખ્ય વ્યવસાય. દુષ્કાળ પડતા રતનજી પરમારના બે પુત્રો લગધીરસિંહ અને તેમના ભાઈ સાથે સૌરાષ્ટ્ર તરફ નીકળી ગયા.

લગધીરસિંહને એવી ટેક કે પોતાના ઈષ્ટદેવ સૂર્યદેવને પ્રણામ કર્યા પછી જ જમવું. એટલે જેમ જેમ વસવાટ (પડાવ) આગળ વધતો ગયો. તેમ તેમ અંતર વધતું ગયું. પોતાની હાંસલી ઘોડી પર સવાર થઈ જતા. રસાલો જેમ જેમ આગળ વધતો ગયો તેમ તે બે દિવસ ત્રણ દિવસ થવા લાગ્યા.

એક દિવસ લગધીરસિંહ ને સ્વપ્ન આવ્યું કે આ મૂર્તિ આપ લઈ જાવ. હવે બહુ દૂર જશો નહીં. જ્યાં તમને કાળી ગાય સામે મળે, એક પગ ઉંચો કરી ધૂળ ઉડાડે ત્યાં મુકામ કરજો. આ ઘટના પાંચાળના માંડવ ડુંગરથી નીકળી ભોગાવામાં બની. એટલે પરમારો એ પ્રાર્થના કરી કે ભોગાવામાં અમારે વસવાટ કેમ કરવો ? રથ ત્યાંથી નીકળી ગયો અને હાલ મૂળીથી ટીંડાણા જવાના રસ્તે જોમબાઈ માતાની સમાધિ છે. તે સ્થળે રથના દોરડા (નાડા) તુટી ગયાં. જે સ્થળને નાડા નોડ કહેવામાં આવે છે.



પરમારોના વસવાટ પછી આ જગ્યા વઢવાણના રાજા વિસળદેવ વાઘેલાની હોવાથી કાયમી વસવાટની મંજૂરી માટે લગધરસિંહ વઢવાણ પધાર્યા. લગધરસિંહની બાહોશીથી બંને વચ્ચે મૈત્રી થઈ. વિસળદેવ - લગધરસિંહ ચોપાટ પણ ખૂબ રમે છે. એક દિવસ આ સભાડો પરમારોને ત્યાંથી ભગાડવા હથિયાર - પડીયાર લઈ પરમારોના વસવાટ તરફ પ્રયાસ કરે છે. આ વખતે ઘાયલ તેતર મા જોમબાઈના પૂજાના બાજોઠ નીચે સંતાઈ જાય છે. સભાડો પોતાનો શિકાર માગે છે પણ મા જોમબાઈ તેને પડકારે છે. આ વખતે તેમાં અન્ય સરદારો ત્યાં શહીદ થઈ ગયા. દીકરા પાછળ મા જોમબાઈ સતી થઈ ગયા.

સંવત બાર પનરોતરે, સોઢે કીયા સંગ્રામ
રણઘેલો રતને શરો, અવિચર રાખ્યો નામ.
પડ્યાચભાડ પાંચસો, સોંઢા વીસુ સાત,
એક તેતર ને કારણે અબ રાખી અખિયાત.
વાર શનિવાર સુદ પખ, ટાઢા પુરત ત્રીજ
રણ ઘડ્યો રતને શરો, મુંજો પરિયત રીજ.

આ ઘટના પછી વઢવાણ રાજવીને પણ દુઃખ થયું. પરમારોને કહેવામાં આવ્યું કે આપ અમદાવાદ (અસારવા) આસોજી ભીલ - ફતાજી ભીલ ને મારી લાવો તો તેમને કાયમી ને માટે ચાર ચોવીસી આપું.

### ચુડા ભાયાત

વઢવાણના મુખ્ય રાજયકર્તા રાજાજી ભાવસિંહજી નામે કુમાર હતા. એ ભાવસિંહજીને નાની ઉંમરમાં ઈડર લઈ જવામાં આવ્યા અને જ્યારે ઉંમરલાયક થયા ત્યારે સાપરગઢના રાજાએ તેઓને પોતાની પુત્રી સાથે પરણાવ્યા. તેનાથી કુમાર માધવસિંહજીનો જન્મ થોય તે માધવસિંહજીએ ગુંદી અને કોટાના મહારાજાઓની સેવા બજાવી મહાન પ્રતિષ્ઠા મેળવી. તેમને મદનસિંહજી, અર્જુનસિંહજી તથા અભેસિંહજી કુમારો હતા. તેમાંથી મદનસિંહજી, અર્જુનસિંહજી તથા અભેસિંહજીએ વઢવાણ આવી પોતાની પિતૃત્વ ભગવતસિંહજીને મારી નાખ્યા અને ત્યાંની રાજગાદીએ હાથ કરી. તે વખતે વઢવાણ તથા ચુડાની નીચે બાર-બાર ગામો હતા. અને એ ચોવીસી એકજ ગણાતી હતી. જયારે એ બંને વચ્ચે ગરાસની વહેંચણી થઈ ત્યારે વઢવાણ અર્જુનસિંહજીના ભાગમાં અને અભેસિંહજીના ભાગમાં ચુડા આવ્યું. ઠાકોર અભેસિંહજીએ વિક્રમ સંવત ૧૭૬૩મા રાજગાદી ચુડામાં રાજગાદી સ્થાપી. તેમને રાયસિંહજી, ઉમેદસિંહજી તથા રાજસિંહજી નામે ત્રણ કુમારો થયા. વિ.સં. ૧૮૦૬માં ઠાકોર અભેસિંહજી સ્વર્ગવાસી થયા. ત્યારે તેમના પાટવીકુમાર રાયસિંહજી ચુડાની ગાદીએ બેઠા.



વિ.સં. ૧૮૧૬માં કાઠી સાથેના ધીંગાણામાં રાયસિંહજી કામ આવ્યા ત્યારે પાટવીકુમાર ગજસિંહજી ચુડાની ગાદીએ બેઠા. કસળસિંહજી તથા પૃથ્વીરાજસિંહજી નિઃસંતાન મૃત્યુ પામ્યા. કુમાર વેરાજીને ગામ મીણપરનો ગરાસ મળ્યો. ઠાકોર ગજસિંહજીએ વીસ વર્ષ ચુડા પર શાસન કર્યું. વિ.સં. ૧૮૩૬માં ગામ ચાસકા મધ્યે કાઠી લોકો સાથે ધીંગાણું થતા ઠાકોર ગજસિંહજી કામ આવ્યા. જેથી તેમના પાટવીકુંવર કુમાર હઠીસિંહજીએ ચુડાના રાજ્યની લગામ હાથમાં લીધી. તેમના ભાઈ ભાવસિંહજી તથા દોલતસિંહજી નિ-વંશ મૃત્યુ પામ્યા. અભેસિંહજીને ગામ ભટકવા તથા વખતસિંહજીને ગામ વેળાવદર ગરાસમાં મળ્યું.

ઠાકોર અભેસિંહજી, રાયસિંહજી તથા ઉમેદસિંહજી નામે બે કુમાર તથા શ્રીમાન અભેસિંહજીનો સ્વર્ગવાસ થતા પાટવી કુંવર રાયસિંહજી ચુડાની ગાદીએ બેઠા. રાયસિંહજીને બહેચરસિંહજી તાથ વખતસિંહજી નામે બે કુમાર થયા. વિ.સ. ૧૯૧૦માં રાયસિંહજીનો કૈલાસવાસ થતા કુમાર બહેચરસિંહજી ગુજરી ગયા ત્યારે તેઓના પૌત્ર જોરાવરસિંહજી ચુડાની ગાદીએ બેઠા.

## ચોટીલા અને થાનગઢ

રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલ ચોટીલા ખાતે ડુંગર ઉપર મા ચામુંડાના બેસણાં છે. જેના કારણે એ સૌરાષ્ટ્રનું મહત્વનું યાત્રાધામ બન્યું છે.અહીં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું જન્મ સ્થાન છે. ચોટીલાથી અંદાજે ૨૫ કી.મી.ના અંતરે આવેલ તરણેતર ગામે આવેલ ત્રિનેત્રેશ્વર મહાદેવના સ્થાને દ્રોપદીનો સ્વયંવર થયાની લોકવાયકા છે. જ્યાં જગવિખ્યાત તરણેતરનો લોકમેળો ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠના દિવસે યોજાય છે.આ વિસ્તારમાં જુના સુરજદેવળનું પ્રાચીન સૂર્ય મંદિર, ચોટીલાના દક્ષિણે આણંદપુરનું અનંતેશ્વર મહાદેવ થથા નવલખો, ગુપ્તવાસ દરમ્યાન પાંડવોએ નિવાસ કર્યાની વાયકા છે તે ભીમગુક્ષ,ચોબારીની ચૌમુખી વાવ, કાળાસરાના દંતકથા મહાદેવ અને મચ્છુમાતા, થાનનું વાસુકી મંદિર, અનુસાયા કુંડ, ગેબીનાથનું ભોયરૂં, અવલીયા ઠાકર, બાવન હનુમાન જગ્યા જાણીતા ધર્મસ્થાનો છે. આ ઉપરાંત તાલુકામાં આવેલ સિરામીક શહેર તરીકે વિકસેલું થાનગઢ પોટરી ઉદ્યોગ માટેનું મહત્વનું કેન્દ્ર બન્યું છે.

થાનગઢ એ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાનું સૌરાષ્ટ્રનું એક પ્રાચીન શહેર છે. જે ૦૨૨.૧૭ અક્ષાંશ અને ૦૭૦.૪૯ રેખાંશ ઉપર આવેલું છે. જેને 'સ્કંદપુરાણ'માં સ્થાન કહેવામાં આવ્યું છે, આ બધા ઉલ્લેખો પુરાણું શહેર હોવાનું સૂચવે છે. થાન શબ્દએ સ્થાન નામના સંસ્કૃત શબ્દોનો અમભ્રંશ બનીને ગુજરાતીમાં એ શબ્દ બન્યો હોય. દ્રૌપદીના પિતાનું આસપાસના વિસ્તારમાં અહી રાજ્ય હતું. 'સ્કંદપુરાણ' જણાવે છે કે આ શહેર અગાઉ કેટલાય ચોરસમાઈલના વિસ્તારવાળું મોટું શહેર હશે. જો કે એ બાબતના આપણને કોઈપણ આધારો મળતા નથી. કર્નલ ટોડ લખે છે કે મેં એક બુદ્ધિશાળી ભાટ પાસે વંશપરંપરાવૃતનો ચોપડો જોયો હતો. તેમાં સૌરાષ્ટ્રના પ્રાચીન નગરોનો ઉલ્લેખ હતો જે મુજબ કંડોરણા કે કંડોલા બહુ સમય પહેલાં વિસલનગરી હતું. પછી શિલાનગરીમાં બદલી ગયું પછી તિલાપુર અને થાનકંડોલા કે કંડોલા થયું એમ કર્નલ ટોડે ગ્રંથનો આશ્રય લઈ થાનનું એક મૂળ નામ વિસલનગર અને શિલાનગર અને તિલાપુર પણ જણાવે છે. ગ્રીક અને રોમનોએ જે ભારતના નગરોના વર્ણનો લખ્યા છે, તેમાં થિયોકીલા શબ્દ કે નામ આવે છે એ કદાચ થાન હોય તેવી માન્યતા શ્રી વર્જેસ ધરાવતાં હતાં.

સ્થાનનો સંસ્કૃત અને હિન્દીમાં અર્થ દેશ, પ્રતિષ્ઠાન, પ્રદેશ, ભવન, અખાડો કે ગઢ એવો થાય છે. જે અર્થો પણ આપણને એમ માનવા જ પ્રેરે છે કે સ્થાન એ સ્થળનું મૂળ નામ હશે અને ગઢ તેમાં ગઢ ઉપાસના સ્થળ હોવાની મારી ધારણા છે. આ થાનની પૌરાણિક મૂળમાં એક કાળે કણ્વ, ગાલવ, અંગીરસ, ઐતિથ્ય વગેરે ઋષિઓ વસતા હતા. થાન મહાત્મ્ય

અને 'સ્કંદપુરાણ' તો નોંધે છે કે આ વિસ્તાર દેવકા પંચાળ તરીકે ઓળખાય છે, પાંડવાની પતિવ્રતા સ્ત્રી દ્રૌપદી અથવા પાંચાલીનું પિયર છે. તે મુજબ સતયુગમાં ૩૬૦૦ બ્રાહ્મણ, ૫૨૦૦૦ વૈશ્ય, ૭૨૦૦૦ ક્ષત્રિય અને ૯૦૦૦૦ શુદ્ર વસતા હતા. જો કે આબધી વાતોએ આપણને ગળે ન ઊતરે. જ્યારે કર્નલ જે. ડબલ્યુ વોટસને ઈ.સ. ૧૮૮૬માં પોતાના ગ્રંથમાં થાનગઢની વસ્તી ૧૬૪૧ની બતાવી છે. ઈ.સ. ૨૦૦૧ની થાનગઢની વસ્તી ૩૬૮૦૦ ની છે.

આ બધી જ બાબતોનો અભ્યાસ કરતાં એટલું ચોક્કસ કહી શકાય કે થાનગઢની ઉંમર એ અઢીહજાર વર્ષથી ઓછી તો નથી. સૌરાષ્ટ્રમાં માત્ર એવા ગણ્યા ગાંઠ્યા શહેરો અને ગામો છે કે એની આટલી પ્રાચીનતા હોય. થાનગઢ એ પ્રાચીનકાળમાં જ્યારે ભર્યુંભાદર્યું રહેતું હશે ત્યારે તેની સાથે વ્યવહાર કરનારા નીચેના શહેરો અને ગામો હતા. જૂનાગઢ, પ્રભાસપાટણ, પાલીતાણા, ઢાંક, તળાજા, બીલખા, વંથલી, જસદણ, પાટડી, વઢવાણ, દ્વારકા, માંગરોળ, ઉના વગેરે વગેરે હતાં. બાકી જામનગર (નવાનગર) ભૂજ, રાજકોટ, ભાવનગર, હળવદ એ કોઈ શહેરોનો ત્યારે જન્મ થયો નહોતો. આ રીતે જ્યારે આપણે ઈતિહાસના પાનેથી માહિતી મેળવીને સૌરાષ્ટ્ર ઉપર નજર નાંખીઓ ત્યારે બેહજાર વર્ષ પહેલાનું સૌરાષ્ટ્ર સાવ ખાલી ખાલી જ લાગે છે. પછી ધીરે ધીરે અન્ય ગામો અને શહેરો વસતા ગયા છે. આ રીતે ધીમેધીમે આટલું ગીચ સૌરાષ્ટ્ર બન્યું છે. જેમાંના ઘણાખરા ઐતિહાસિક ગામો અને શહેરોનો આ કટાર દ્વારા પરિચય મેળવતા રહેશું. મારી ઈચ્છા તો આખા સૌરાષ્ટ્રના ૪૫૦ જેટલા શહેરો અને ગામનો ઈતિહાસ આપની સમક્ષ મૂકવાની છે. આ માટે મારે આપની સહાનુભૂતિ અને સહકાર અને કહેવાતા વિદ્વાનોની અમી નજર પણ જોઈશે. આ બધુ કામ પૂર્ણ થયે આપની સમક્ષ આખા સૌરાષ્ટ્રનું સુંદર માનસ ચિત્ર જરૂર ઉભું થશે.

ઈતિહાસ જાણવાની આ મજા છે. આ જાણીને માણસ માત્ર જાણે કે પોતાની ઉંમર હજારો વર્ષની થઈ ગઈ છે તેવો અહેસાસ જરૂર અનુભવશે. આ થાનગઢે જો કે ગણ્યા ગાંઠ્યા સ્થાનિકો સિવાય પ્રાચીનતાનું સ્વરૂપ ગુમાવી દીધું છે, છતાં હું આપને એ દરેક સ્થળોનો ઈતિહાસ કહીને તેની સલેહગાહ કરાવીશ.

### સાયલા

સાયલા તાલુકામાં આવેલ ધાંધલપુર ગામ બે વાતે વિખ્યાત છે. અણહિલવાડ પાટણના કરણદેવ સોલંકીના વિખ્યાત રાણી મીનળદેવી ધોળકા જતાં અહીં રોકાયા હતા અને ત્યારે એક સિધ્ધ સંતના દર્શન અને આશીર્વાદથી તેમને પુત્ર સિધ્ધરાજનો જન્મ થયેલો. અહીંનો કિલ્લો અને અડાળાનું તળાવ, ધુંધળીનાથ સંત, મિનળવાવ, સેજકપરનો નવલખો(શિવમંદિર) આ તાલુકાના પ્રસિદ્ધ ધામો છે. ઉપરાંત સાયલાની લાલજી મહારાજની જગ્યા, ડોળીયાનું ભવ્ય જીનાલય પણ દર્શનીય છે.



### હળવદ

એક વખતે બ્રાહ્મણોનું ગામ ગણાતા હળવદ શહેરથી ૧૬ કી.મી.દૂર આવેલ કન્ડોલીયા બ્રામ્હણોના કુળદેવી સમુદ્રીમાતા (સુંદરભવાની)ના સ્થાનક આવેલ છે. અહીં પાંચ પાંડવો તથા શ્રી કૃષ્ણની અતિ પ્રાચીન મૂર્તિઓ આવેલી છે. ઉપરાંત હળવદ શહેરમાં સતીના પાળીયા, સમાતપર તળાવના કાંઠે આવેલો એક દંડીયા લાકડાનો મહેલ, શરણેશ્વર, મહાદેવ તથા તેની પાસેની વાવ અતિપ્રાચીન છે. હળવદથી અંદાજીત ૫ કિ.મી.ના અંતરે આવેલ નકલંક ધામ ખાતે રામદેવ પીરનું મંદિર આવેલું છે..

**હળવદના રાજાઓનો ઇતિહાસ**

ભારતના પ્રદેશોમાં પુરાતન કાળથી સૌરાષ્ટ્ર એક પ્રસિદ્ધ પ્રદેશ છે; અને તે સમૃદ્ધ અને રસાળ પ્રદેશ તરીકે જાણીતો છે. તેનું મહત્ત્વ અનેક પુરાણો ગ્રંથોમાં સ્વીકારાયેલું છે. સૌર્યભૂમિ વાળો હળવદનો ઇતિહાસ પણ પુરાણો છે.

હળવદ રાજગાદીની સ્થાપના :

''કુવાનો કેર'' ઈ.સ. ૧૪૮૬માં લગભગ થયો ત્યારે ઝાલાની ગાદીએ ઝાલો રાજા વાઘોજી હતા. તેને બાર કુંવરો હતાં. તેમાંથી નાપોજી, મેઘજી, સંગ્રામજી, જોધાજી, અજોજી તથા સામસિંહજી તો પિતાની સાથે જ રણમાં ...... વિરમદેવજી સમી મુંજપરા મુસલમાન થાણેદાર સામે લડતાં પ્રથમથી જ મરાઈ ગયા હતા. રાજોધરજી મુસલમાનોના ડરના કારણે છુપાઈ રહેલા, રાજોધરજી રાજા શિકારે નીકળ્યા ત્યારે તેમના ઘોડા સામે સસલો થયો તેથી તેમને થયું કે આ સૌર્ય ભૂમિનો પ્રભાવ છે. તેથી તે ભૂમિ ઉપર સંવત ૧૫૪૪ના મહાવદી ૧૩, ઈ.સ. ૧૪૮૮માં હળવદના કિલ્લાનો પાયો નાખ્યો અને રાજોધરજીએ હળવદમાં પોતાની ગાંદી સ્થાપી.

**ઈ.સ. ૧૫૨૩નો બનાવ :**

આ સમયે હળવદની ગાદી ઉપર ઝાલા માનસિંહજી નામે વીર ક્ષત્રિય રાજા હતા. તેણે તેના પિતાને મારનાર દસાડાના માલેક ઉપર ચડાઈ કરી. મલેક બખ્ખનના પુત્રને માર્યો અને દસાડા લૂટ્યું. આ કૃત્ય માટે માનસિંહને શિક્ષા કરવા બહાદુરશાહે ખાનખાનાને (આ ખાનખાનાને ઝાલાવાડ જાગીરમાં મડેલું) ચડાઈ લઈ જવાનો હુકમ કર્યો.

હળવદ પણ ખાલસા મુલકમાં :

ખાનખાનાએ મોટું સૈન્ય સજી માનસિંહજીએ કબ્જે કરેલા દસાડા ઉપર ઘેરો, દસાડા પડ્યું અને માનસિંહજી કચ્છ તરફ નાસી ગયાં. માંડલ, વીરમગામ અને હળવદ સુદ્ધાં સુલતાનનાં હાથમાં પડ્યાં અને તેણે તે ખાલસા મુલકમાં જોડી દીધાં.

માનસિંહજીએ કચ્છમાં જઈ ભુજ પાસે માનકુવા ગામ વસાવ્યું અને તેના બે ભાઈઓ તથા પ્રાગજી બકરાણીઓ સુલતાન સામે બહારવટે નીકળ્યાં. બીકાનેરની કુંવરી માનસિંહની ઓરમાન માં થતી. તેની બહેન બહાદુરશાહને પરણી હતી. તેણે સમાધાન કરાવવાના પ્રયત્નો કર્યા અને સુલતાનના શરણે જવા માનસિંહને સમજાવ્યો. પણ તે માન્યો નહીં અને તેમણે ઘણાં પરાક્રમો કર્યા. સુલતાને ઘણાં ગામો લૂટ્યાં અને તોબા પોકારાવી. છેટવે તેણે એક યુક્તિ શોધી. દીવની ચડાઈમાં ભાગ લેવા સુલતાન જતો હતો. ત્યાં નખથી શિખ સુધી હથિયાર બાંધી સુલતાનની છાવણીમાં પેસી ગયો. તેનું વિરતાભર્યું સ્વરૂપ જોઈને, તેને કોઈ રોકી શક્યું નહીં. સુલતાનનાં તંબુમાં જઈ તેણે તલવાર ધરી તેણે કહ્યું કે, ''હું ઝાલાવાડનો રાજા છું'' મારું રાજ લેવા આવ્યો છું. સુલતાને તેના વીર વદનું અને વીરતાથી પ્રસન્ન થઈ માંડલ અને વીરમગામ સિવાય તમામ પ્રદેશ તેને સ્વાધીન કર્યાં.

**હળવદ - ધ્રોળ યુદ્ધ :**

આ સમયે હળવદનાં રાજા રાયસિંહજી તથા ધ્રોલ ઠાકોર જસાજી વચ્ચે યુદ્ધ થયું. તેમાં જસાજી મરાઈ ગયા અને રાયસિંહજીએ બાદશાહની મદદથી રાજ્ય પાછું મેળવ્યું.

આ પહેલાં હળવદનાં રાજા માનસિંહજી ગુજરી ગયા. તેની પાછળ રાયસિંહજી ગાદીએ બેઠાં. આ રાયસિંહજી બલિષ્ઠ તેમજ બાહોશ રાજા હતાં. તેમણે ઘણાં યુદ્ધો ખેલી, તેમના પ્રદેશનો વિસ્તાર વધાર્યો. એક વખત તેના મામા ધ્રોળનાં ઠાકોર જસાજી સાથે ચોપાટ ખેલતા હતા. ત્યાં ડંકો વાગ્યો. જસાજીએ પૂછયું કે, ''હું અહીં બેઠો છું ત્યારે કોની મગફર છે કે પોતાનો ડંકો વગાડે છે'' માણસોએ તપાસ કરી કહ્યું કે, મકનાભારથી નામનો સાધુ મોટી જમાત લઈ દ્વારકા જાય છે. આ

સાંભળી તે શાંત પડ્યા. તેથી રાયસિંહજીએ પૂછયું કે "કોઈ રાજા ડંકો વગાડે તો શું કરો ?" જસાજીએ જવાબ આપ્યો કે, "ભાંગી નાખું" તેથી રાયસિંહજી પોતે ડંકો વગાડવા આવે છે, તેમ કહી ત્યાંથી ઉભા થયા અને થોડા વખતમાં સૈન્ય સાથે ધ્રોળને પાદર આવી જસાઈને નગારા ફોડવા આહ્‌વાન આપ્યું. જસાજી તથા રાયસિંહજી વચ્ચે યુદ્ધ થયું. અને તેમાં જસાજી મરાયા. જસાજીનું વેર લેવા તે પછી કચ્છના રાહખેંગારજીના ભાઈ સાહેબજી હળવદ ઉપર ચઢાઈ કરી. બંનેના શૈન્ય માળીયા (મીયાણાં) આગળ ભેગા થયાં. ત્યાં ભયંકર સંગ્રામ થયો. તેમાં સુર્યાસી સમયે રાયસિંહજી ધવાયા. એજ રાત્રે મકનભારથી નામના સાધું પાછા વળ્યાં અને રાયસિંહજીને સાથે દિલ્હી તેડતાં ગયાં. ત્યાં ધાયલ રાયસિંહજી સારા થતાં બાદશાહ અકબરના પાણીના રક્ષણે મકનભારથીના સાધુઓનો પહેરો પડતો. તેમાં રાયસિંહજી ફરજ ઉપર ગયાં. ત્યાં બાદશાહનો એક પલ્લને એક મુક્કાથી મારી નાખતાં. અકબરને તેની ખબર પડી તેથી ગુજરાતના સુબા ખાનખાનને ગુકમ આપી તેનું રાજ્ય પાછું સોપાયું. રાયસિંહજી ગાદી ઉપર પાછા બેઠાં. પણ રાણીઓએ તેને મરેલાં માની ચુડાકર્મ કરી નાખેલો હોઈ તેનો ત્યાગ કર્યો. માત્ર નાંદોલનાં ચૌહાણની કુંવરી હતા, તે રાણી તેની સાથે રહ્યાં.

આ હળવદનાં વીર રાયસિંહજી વિશે કહેવાય છે કે, દિલ્હીમાં દરબારમાં મલ્લે મશ્કરી કરતાં તેણે એક હથેડીથી તેની માથું ખભામાં બેસાડી દીધું, તેનો હાથ દીવાલને વાગ્યો અને તેમાંથી પથ્થર તૂટી પડ્યો. તેથી કહેવાય છે કે.

'કટારી અમરેશરી, તોગાટી તલવાર,
હથેરી રાયાસંગરી, દિલ્હી કે દરબાર'

મતલબકે અમરસિંગની કટારી, તોગાજીની તલવાર ને રાયસિંહજીના પંજાની દિલ્હીના દરબારમાં નિશાની છે.

રાયસિંહજી ઈ.સ. ૧૫૮૪માં ઘાંટીલાપાસે દેદા ગરાસિયા સાથે લડતાં હતાં, ત્યારે શત્રુઓએ રાત્રે લડાઈ કરવા નથી, તેવું વચન લીધું, પણ પછીથી દગાથી હુમલો કરતા મરાઈ ગયો.

## લીંબડી

રાજાશાહી સમયમાં લીંબડી એ એક અગત્યનું રજવાડું હતું. આઝાદીની ચળવળમાં પણ લીંબડીનો સત્યાગ્રહ જાણીતો છે.યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજી ઈ.સ.૧૮૯૧માં લીંબડી ખાતે આવ્યા હતા. આ ઐતિહાસિક ઘટનાની પ્રસાદી રૂપે ઈ.સ.૧૯૯૪માં રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનની શાખા કેન્દ્ર લીંબડીથી લગભગ ૧૧ કિ.મી. આવેલ ભૃગુપુર ખાતે ભૃગુઋષિનું નિવાસ હોવાની વાયકા છે. રંગપુર ગામે ઉત્ખનનમાં હડપ્પન તથા ત્યાર બાદની સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. તાલુકાના શિયાણી ગામે મીરાના મોહનનું સુંદર મંદિર નિર્માણ થઈ રહ્યું છે. ઉપરાંત અહીં ૧૧૦૦ વર્ષ પુરાણું પ્રાચીન જૈનતીર્થ આવેલું છે. લીંબડી શહેરમાં ગાંધી સ્મૃતિ મંદિર, ફુલનાથ મહાદેવ, સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ, રામકૃષ્ણ મિશન, કબીર આશ્રમ, જાખણનું રાજરાજેશ્વરી ધામ (ત્રિમૂર્તિ મંદિર) તથા નળ સરોવર અભ્યારણ્ય પ્રખ્યાત છે.

લીંબડીના હાલના દરબારગઢ અને નદી કિનારે વચ્ચે લીંબડીઓના પાંચવૃક્ષો હતાં. તેથી આ શહેરનું નામ લીંબડી પડ્યું હતું. જૈન તથા ચારણી લોકોએ તેનો ઉલ્લેખ લીંબપુરી કે નિંબપુરી તરીકે કર્યો છે. ખરેખર ભાષાની દૃષ્ટિએ લીંબ અને નિંબ બંન્નેનો અર્થ લીંબડી જ થાય છે. અનેક ઐતિહાસિક સ્મરણો લીંબડી રાજ્યે સાચવી રાખ્યા છે.



મહારાણા હરપાલજી મકવાણાના બીજા પુત્ર માંગુજીને (જાંબુ) લીંબડીના સ્થાપક ગણવામાં આવે છે. ઈ.સ. ૧૭૨૮માં

વેરજી બીજાએ રાજધાની શિયાણીથી લીંબડી ફેરવી હોવાનું પણ કહેવાય છે. મહારાજાણ હરભમજી રાએ લીંબડી શહેરને હુમલાઓમાંથી બચાવવા માટે ૧૭૬૭માં લીંબડી ફરતો મજબૂત કોટ બાંધવાની શરૂઆત કરી હતી. આ કોટ તેમના સમયમાં અધુરો રહેતા તેમના પુત્ર હરીસિંહજીના સમયમાં પુરો થયો હતો. આ કોટને બાંધતા ૨૦થી વધુ વર્ષ લાગ્યા હતાં.

વેરજી બીજાએ રાજ્યનું પાટનગર શિયાણીથી લીંબડી ફેરવ્યું પરંતુ લીંબડીને પાટનગરને યોગ્ય બનાવવાની શરૂઆત મહારાણા હરભમજીએ કરી હતી. આ સમયે લીંબડી ગામનો મૂળ વિસ્તાર દોલત બ્રિજથી રામનાથ મહાદેવ સુધીના નદીકિનારાનો ભાગ હતો. સંઘવી શેરી, જૂની વાઘરીવાડ, છાલિયાપરાનો પણ સમાવેશ થતો હતો. દરબારગઢની પૂર્વ દિશામાં દેરાવાસી જૈનોની વસ્તી તેમજ પાંચહાટડી નામનું બજાર હતું. લીંબડીનું તળાવ (દોલતસાગર) પાલિયાવાડી શેરી તથા મહાલક્ષ્મીના મંદિર સુધી વિસ્તરેલું હતું.

મહારાણા હરભમજી પછી હરિસિંહજી, ભોજરાજજી, ફતેસિંહજી, જશવંતસિંહજી, દોલતસિંહજી, દિગ્વિજયસિંહજી અને ઠાકોર છત્રસામજી લીંબડી રાજ્યના છેલ્લા રાજવી હતા. ઈ.સ. ૧૯૪૧માં લીંબડી રાજ્યની સંપૂર્ણ હકુમતવાળા ૫૦ ગામડાઓ અને માત્ર મહેસુલી હકુમતવાળા ધંધુકા તાલુકાના ૩૪ ગામો હતાં.


H.H. THAKORE JASWANT SINGH SAHIEB, LIMBDI

મહારાણા હરભમજીના સમયમાં મીઠો ઢાઢી નામના મુસ્લિ હોવા છતાં કૃષ્ણ ભક્ત કવિ થઈ ગયા. હરભમજી રાજા ઉર્ફે દાજીરાજજીના સમયમાં ઈ.સ. ૧૮૪૫માં કવિ દલપતરામ વઢવાણથી ચાલીને લીંબડી આવ્યા ત્યારે એમણે બાપાની પીપરમાં વિશ્રામ કરીને એ શીર્ષકવાળું કાવ્ય રચ્યું. જેને ગુજરાતી ભાષાનું પ્રથમ આર્વાચીન કાવ્ય ગણવામાં આવે છે. લીંબડી રાજ્યમાં રહેતા જીવાભાઈ વીશાભાઈ ચારણ ઉર્ફે પસ્ત કવિએ રાજ્ય કવિ તરીકે અલગ ઓળખ ઉભી કરી. લીંબડીના દરબારગઢમાં આવેલા ટાવર બંગલાનું ખાતમૂર્હુત ૧૮૮૧માં થયું હતું. ૧૯૮૪માં દરબારી ઓફિસવાળું મકાન બાંધવામાં આવ્યું હતું. ૧૮૯૧ના અંતમાં વઢવાણીથી પગ રસ્તે સ્વામી વિવેકાનંદ લીંબડીમાં આવ્યા હતા. ઠાકોર જશવંતસિંહજીના સમયમાં ધાર્મિક સાહિત્ય, મુદ્રણ અને પત્રકારત્વ પ્રવૃત્તિને પ્રોત્સાહન મળ્યું હતું. દોલતસિંહજીએ ૧૯૦૯માં લીંબડીના ગ્રીન ચોકમાં વૂડહાઉસ માર્કેટ બાંધી હતી. ૧૯૧૬ થી ૧૯૧૯ સુધીમાં છલિયાબજાર, મોરી બજાર (કંસારાબજાર) બાંધવામાં આવી હતી. એ પછી બાહેલાપરાની બજાર બાંધવામાં આવી. ૧૯૨૯માં દોલતબ્રિજનું ખાતમૂર્હત તેમજ ૧૯૩૬માં દોલતબ્રિજનું ઉદ્ઘાટન લોર્ડ વિલિંગ્ડનના હસ્તે થયું હતું.લીંબડીના મુખ્ય તળાવને ગોળાકાર બનાવી દોલતસાગર નામ આપવામાં આવ્યું હતું. આ તળાવની બાજુમાં જ રાણીતળાવ બાંધવામાં આવ્યું હતું. લીંબડી રાજ્યનું પ્રતીક એક બાજુ સિંહ અને બીજી બાજુ સિંહણના આલેખન વચ્ચે ઢાલ અને તલવાર હતાં. ઢાલની વચ્ચે દેરી, દેરીમાં ત્રિશૂલ, ઢાલ ઉપર અંગ્રેજીમાં લીંબડી સ્ટેટ અને દેવાનાગરીલિપિમાં સ્વસ્થાન લીંબડી એવું લખાણ અને સૌથી ઉપર સતીનો પંજો દર્શાવવામાં આવ્યો હતો. લીંબડી રાજ્યનો મુદ્રાલેખ ‘ઈશ્વર એવ મેં શકિરસ્તિ’ હતો. લીંબડી રાજ્યનો પોતાનો ધ્વજ પણ હતો. તેનો રંગ આસમાની (વાદળી) હતો. તેની વચ્ચે લીંબડી રાજ્યનું પ્રતીક મુકવામાં આવ્યું હતું. લીંબડી રાજ્યના ભૌગોલિક રીતે બે ભાગ પડતા હતા. એક ભાલ પ્રદેશ અને બીજો નલ પ્રદેશ. ૧૯૪૮માં વિલિનકરણ સમયે લીંબડી રાજ્યનો વિસ્તાર ૩૪૩.૯૬ ચો મીટર હતો. આ મહારાણા હરપાલજીના પુત્ર માંગુજી ઝાલાથી શરૂ થયેલું રાજ્ય લગભગ આઠ સદીઓના અસ્તિત્વ પછી તા. ૧૬ માર્ચ ૧૯૪૯ના રોજ વિસર્જન થયું હતું. લીંબડીમાં ઠાકોર જશવંતસિંહજી અને દોલતસિંહ જેવા પરોપકારી રાજવીઓ, સરદારસિંહ જેવા ક્રાંતિકારી, રસિકલાલ પરીખ જેવા મુખ્યપ્રધાન, અમૃતલાલ શેઠ જેવા પત્રકાર, શંકર જગન્નાથ તીર્થસ્વામી અને નથુરામ શર્મા જેવા સંત એ લીંબડી રાજ્યની સિદ્ધિ હતી.

## લખતર




સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા નહેરનો સૌથી વધુ લાભ લખતર તાલુકાને મળવાનો છે. સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી પહોંચાડવા માટે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે વિશ્વનું મોટામાં મોટું પમ્પીંગ લખતર તાલુકાના ઢાંકી ગામ પાસે નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત લખતર તાલુકામાં તલસાણા ગામે મહાદેવનું મંદિર, વિઠ્ઠલગઢ ખોડીયાર મંદિર,વણાનું વટેશ્વર મહાદેવ તેમજ ગેથળા હનુમાનની જગ્યા જાણીતા સ્થાનકો છે.

## પાટડી

ખારાપાટ વિસ્તાર સાથે જોડાયેલું સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં રણ વિસ્તારમાં મીઠા ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો છે. ઉપરાંત ઘુડખર અભ્યારણ્ય તેમજ રણમાં આવેલ વચ્છરાજ બેટ એ પ્રવાસીઓ માટે એક આકર્ષણનું કેન્દ્ર રહ્યાં છે. પાટડીથી અંદાજીત ૩૦ કિ.મી. દુર આવેલ ઝીંઝુવાડા એ તેના ઐતિહાસિક દ્વારના કારણે તથા રાજરાજેશ્વરી માતાના મંદિરના કારણે હેરીટેજ વિલેજ તરીકે જાણીતું છે. તાલુકાના પીપળી ધામ ખાતે આવેલ રામદેવપીરની જગ્યા, ધામામાં આવેલ શક્તિધામ એ લોકોની આસ્થાના સ્થાનકો રહ્યાં છે. પાટડીના ખારાઘોડા ગામે આવેલ હિન્દુસ્તાન સોલ્ટ એ મીઠાના ઉત્પાદનમાં અગ્રેસર છે.

પાટડી પરગણાએ ઇતિહાસના ઘણા પાનાઓ કબજે કરી ભાતીગળ સંસ્કૃતિ, શુરવીરતા, અધ્યાત્મિકત્વ, ગૌરવ અને સુવર્ણ અક્ષરે અંકિત કરી શકાય તેવા પ્રસંગો તેના કસબી વગર ખારાપાટની ભોંમાં ભંટારાઈ ગયેલ છે.

અર્વાચિન તાલુકા જિલ્લાઓની રચના પહેલા આદિકાળમાં દરેક પરગણાઓ, સંસ્કૃતિ, ભુ-પૃષ્ઠ, ભૌગોલિક રચનાને ધ્યાને લઈ જુદા જુદા નામે ઓળખાતા તે સદસઓ વીતી ગયા બાદ પણ આજે ઈલાકાઓ પુરાણા નામે ઓળખાય છે. આવા ઈલાકાઓ સમય મુજબના છે આ પ્રમાણે ઓળખાય છે આજે પણ....

‘‘ઓખા-મંડળ’’, ‘‘બરડો’’, ‘‘ઘેડ’’, ‘‘નાઘેર’’, ‘‘સોરઠ’’, ‘‘સરવૈયાવડ’’, ‘‘બાબરીયાવાડ’’, ‘‘ગોહિલવાડ’’, ‘‘કાઠીયાવાડ’’, ‘‘વાગડ’’, ‘‘મજુ-કોઠો’’, ‘‘ઠાંગો’’, ‘‘પંચાલ’’, ‘‘ઝાલાવાડ’’, ‘‘ભાલ’’, ‘‘નળ-કાંઠો’’, ‘‘ખાખરીયા-ટપો’’, ‘‘જતવાડ’’, ‘‘ઝાલાવાડ’’, ‘‘કચ્છ’’, ‘‘વઢીયાર’’, ‘‘ખારોપાટ’’, ‘‘ચુંવાળ’’, ‘‘ગુજરાત’’, ‘‘ચરોતર’’, ‘‘મહીકાંઠો’’, ‘‘કાનમ્’’ વગેરે





આજનો પાટડી તાલુકો પણ એ જુના પરગણા ભાંગી અને થોડા વઢીયાર - નળકાંઠા - ખારોપાટ - જતવાડ - ચુંવાળના ગામો પૈકી બનેલો છે. આ તાલુકાનો આથમણો કિનારો રણકાંઠાનો બનેલ છે. તે ગામોના પાદરમાં એક-સમે દરીયા ઘુઘવતો હતો. તેના કેટલાંક અવશેષો આજે પણ જોવા મળે છે. કાળના પ્રવાહમાં ઘણી હકીકતો લુપ્ત લઈ જવા પામેલ છે. એક-સમે આ તાલુકાની આથમણી સીમાના ગામોએથી સિંધ - પાકિસ્તાન જવાતું હતું તે છેડાના ગામો દેગામ, ઓડુ, ખારાઘોડા, સાવડા, ઝીંઝુવાડા વિગેરે ગામો ધ્રાંગધ્રા તાલુકાના એંજાર, કુડા, માલવણ, વાવડી વિગેરે ગામોથી જવાના સિધા રસ્તા હતાં.

''મિરાંચે-અહેમદી'', ''મિરાંતે-સિકંદરી'', ''શાહ નામા'', ''એડવેન્ચર ઓફ માર્કો પોલો' ઓફ વેનીસ'', ''ડાયરી ઓફ હ્યુ એન સંગ'', ''તવારીખે-સોરઠ'' સહિતના ઘણા સંદર્ભ ગ્રંથો આ વિસ્તાર તથા તેના ગામોની પ્રાચીનતાને પુષ્ટિ આપે છે. તો હેમચંદ્રાચાર્યનું ''ધ્વાશ્રય'' પણ થોડી વિગતવાર માહિતી આપે છે. મેજર જે.ડબલ્યુ. વોટસન લિખિત સ્ટેસ્ટીકલ એકાઉન્ટ ઓફ જુનાગઢ (ઈ.સ. ૧૮૮૦નું અંગ્રેજી પ્રકાશન) ૧૬મી થી ૧૮મી સદીના ''ખારાઘોડા'' ગામની જાગીર સાથેના સંદર્ભ આપે છે. તો ''હીસ્ટ્રી ઓફ વઢવાણ એસ્ટેટ'' (હજૂર કોર્ટના સર ન્યાયાધીશ પ્રાણજીવન વિશ્વનાથની અંગ્રેજી એડીશન સને ૧૮૮૬) તો તે રાજ્યના પુર્ણ કાલીન પુરોગામી રાજાઓના મુળ-સંસ્થાન પાટડી સહિતના ઈતિહાસની ગવાહી આપે છે.

આજે પણ આ તાલુકાના રણ કાંઠાના આ ગામો ''ખારા-ગોઢા'' અને ''ઝીંઝુવાડા'' એટલી જ અગત્યતા ધરાવે છે. લશ્કરી વ્યુહ રચનાની દષ્ટિએ તત્કાલીન રાજ પુરુષોએ ઝીંઝુવાડા, ખારાઘોડા, વિરમગામ, કડી અને બાવળા ગામો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરેલ હતું. ૧૬મી સદીમાં ગુજરાતના પાટણના રાજા ''ભીમદેવ સોલંકી'' કે જે જૂનાગઢના ''રા-નવઘણ'' ના જમાઈ થતાં હતાં તેઓએ લશ્કર સાથે પાટણ ખાતે પડાવ કરેલો તે પાટણના વારસદાર બાબતેની રાજનીતીનો ભોગ હતો. તે અડધી રાત્રે સમાધાર થયા બાદ - બીજા દિવસે સવારે રા' લશ્કર લઈ ઝીંઝુવાડાના માર્ગે જતા જોવામાં આવ્યા'' - તે સમાચાર દામોદર મહેતા રાજા ભીમદેવ સોલંકીને આપે છે. (જુઓ ''ચૌલાદેવી''- લે. ધુમકેતુ) તો વિરમગામના દેસાઈઓના મોભી રણછોડદાસ સાથે વિરમગામના બદલમાં પાટડી તથા વધારાના ૧૨ ગામ સાથેની અદલા બદલી કરે છે. તે વિરમગામ વ્યુહાત્મક સ્થાન હોવાના કારણે બને છે. તાલુકાના ઉગમી સીમાના પ્રવેશ દ્વારા સમુ વિરમગામ તો પણ આ તકે ઉલ્લેખ કરવો જરૂરી છે. કારણકે પાટડી તાલુકાની બદલાતી રાજકીય કરવટોમાં વિરમગામે ઘણીવાર મહત્વનો ભાગ ભજવેલ છે. વિરમગામનું મુળ નામ તો ''સુપડી'' હતું. આજે પણ વિરમગામમાં ''સુપડીયા-મેદાન'' અસ્તિત્વ ધરાવે છે. તે જગ્યાનો ઉપયોગ રમત ગમત કે મેળા જેવા કાર્યક્રમો માટે થાય છે. વિરમગામનું ગામતળ સુપડી આકારનું હતું. તેથી ગામનું નામ સુપડી પડેલ હોવાનું માનવાને કારણ છે. પરંતુ ગુજરાતના હિન્દુ રાજવીઓના ઈતિહાસમાં પાટણની ગાદી પર સોલંકી વંશના ''ભીમદેવ-બીજા'' બાદ વિક્રમ સંવત-૧૨૭૧ માં લવણપ્રસાદ વાઘેલાએ રાજગાદી ''ધોળકા'' રાખી તેના પુત્ર ''વીરધવળ'' એ ફરીથી ગાદી અણહીલપુર પાટણ લઈ ગયા ત્યારે રસ્તામાં ''સુપડી'' ગામે આવેલ શિવ મંદીરનો પુનરોધ્ધાર કરી વિરમેશ્વર મહાદેવની સ્થાપના કરી અને પોતાના નામ ઉપરથી ગામ ''સુપડી'' નું નામ ''વિરમગામ'' રાખ્યું. પાટડી છેલ્લે જેવોના કબજામાં રહેલ તે ''દેસાઈ રાજવી પરિવાર'' અને વિરમગામના દેસાઈ પરિવાર પાછળથી ''નવાબ'' સાથે વિશેષ ઘરોબો રહેતો હોઈ પાટડી ઈતિહાસમાં વિરમગામનો રાજકીય પડછાયો સ્પષ્ટરીતે દેખાઈ આવે છે. તો આટલી પ્રાશ્ચતભૂમિકા રજુ કર્યા બાદ મુળ વાત પર આવીએ -

''પાટડી સોનાની હાટડી'' એ યુક્તિ આજે પણ એટલી જીવંત છે. પાટડી ગામે ક્યાર વસ્યુ તેની કોઈ ચોક્કસ નોંધ

મળતી નથી પરંતુ પાટડીને સ્વતંત્ર રાજ્ય તરીકે રાજ રળપાલદેવ મકવાણાથી ઈતિહાસ ઘોષિત કરે છે. મુળે - મકવાણા અને પાછળથી આ ઝાલા અને તે નામે ઓળખાતી ઝાલાવાડની રાજ ગાદી પાટડીથી માંડલ-પાટડી-સાંતલપુર-પાટડી-હળવદ-કુવા (કંકાવટી) અને ધ્રાંગધ્રા મુખ્ય ગાદી રહી તેથી જયાંથી ગાદી ઉદભવી તે પાટડીમાં ઝાલાની કોઈ જાગીર રહી નહી અને પેઢીઓથી મુખ્ય સંસ્થાન ધ્રાંગધ્રા નીચે કાળ ક્રમે વઢવાણ, લખતર, લીંબડી, ચુંડા, વાંકાનેર, સાયલા, સંસ્થાનો ઉભા થયા તેમ છતાં સંવત ૧૧૪૬ થી સંવત ૧૪૭૬ એમ રાજ હરપાલદેવ શ્રી રાજછત્રસાલસિંહજી સુધી ૧૭ પેઢી સુધી ૩૩૦ વર્ષે પાટડી ખાતે મુખ્ય રાજ ગાદી રહી હરપાલદેવ મકવાણા હતાં પરંતુ તેઓના ત્રણ પુત્ર સોંઢાજી, માંગુજી અને સેખડાજી રાજગઢની બહાર રમતાં હતાં ત્યારે દરબારી હાથી ગાંડો થયેલ ત્યારે ગોખમાંથી શક્તિએ હાથ લાંબો કરી ત્રણ બાળકોને બચાવી લીધેલ આમ ઝાલવાથી ''ઝાલા'' થયા તેની શાખ પુરતુ કવિત જુઓ -

''પાટડીએ પોફાટ, મહેલ કીધો મકવાણે

રાણી ગોખ રહંત, ગતી કો શક્તિ ન જાણે

રાવ તણા ગજરાજ, મહે છુટ મદ મંતા

દુર પંથે દેખીયા, રાજવી કુવર રમંતા

સોંઢો, માંગો ને શેખડો, લાંબે કર ઝાલી લીયા

ઓ આયે શક્તિ આપણી, કુંવર સાખ કાલા કીયા

આજે પણ કિલ્લાના જે ગોખેથી મા શક્તિએ હાથ પ્રસારી ત્રણેય કુવરોને બચાવી લીધેલ તે ગોખ મોજુદ છે. સમય જતાં રાજ હરપાલદેવ મકવાણા મા શક્તિ અને તેઓના પુત્રી નામે ઉમાબાઈ ગામ ધામા ખાતે જઈ (ઈ.સ. ૧૧૩૦) સંવત ૧૧૮૬ ના ચૈત્રવદ ૧૩ના રોજ ધામા ગામના પાદરમાં અંતર ધ્યાન થઈ ગયા. મુખ્ય ગાદીનો મહીમાં વધારે હોય તે સ્વાભાવિક છે. છેલ્લે આ પાટડી ગામ તેના તાબાના ૧૨ ગામ સાથે દેસાઈ દરબારો પાસે રહેલ જે નીતી મતા અને ઉચ્ચ આદર્શો ધરાવતું પ્રજાલક્ષી રાજ્ય ગણાતુ હતું. આઝાદીની લડત સમયે પાટડીએ મહત્વનો ભાગ ભજવેલ હતો. અહીની પ્રજા પ્રથમથી રાષ્ટ્રવાદી રહેવા પામેલ છે. તે એક ઉમદા લક્ષણ છે. સુરેન્દ્રનગર જિલ્લાનો આ તાલુકો હોવા છતાં જૂના રાજયના નામે વિરમગામ અમદાવાદ સાથે વધુ વ્યવહાર ધરાવે છે. તાલુકા મથકને જિલ્લા મથકે જોડાયેલ હોવા છતાં દિવસના અંતે ભાગે બીલકુલ વાહન વ્યવસ્થા નથી પાટડીએ વિકાસના ક્ષેત્ર હાસલ કરવા રાજ પુરૂષોએ આગળ આવવું રહ્યું એજ એક માત્ર વિકલ્પ છે.

**ભૃગુપુર (ભડકવા)**

લીંબડીથી લગભગ ૧૧ કિ.મી. દૂર ભૃગુપુર આવેલું છે. ભૃગુઋષિનો નિવાસ અહીં હોવાની વાયકા છે. ભૃગુવાસમાંથી ભડકવા કહેવાયું અને આજે ભૃગુપુર તરીકે જાણીતું છે. અહીં આવેલ ગંગેશ્વર મહાદેવ પાસેનો ગંગવો કૂંડ પવિત્ર મનાયો છે. મૃતકોના અસ્થિનું અહીં વિસર્જન પણ કરાય છે. સપ્ટેમ્બર માસમાં ભાદ્રપદ વદ -૩૦ ના દિવસે અહીં મેળો ભરાય છે.

આ ગામમાં ઓડ જાતિના લોકોએ બનાવેલું જસ્મા ઓડણનું મંદિર પણ જોવા લાય છે. જસ્માનો મેળો શ્રાવણ સુદ - ૧૧ (ઓગસ્ટ) ના રોજ ભરાય છે. રાજા સિધ્ધરાજ અને જસ્માની લોક કથા વિખ્યાત છે. ગામનું ભૃગુનાથ મહેદાવનું મંદિર ભૃગુઋષિએ બનાવ્યાનું મનાય છે.

• • •

# અમારું આગવું ઝાલાવાડ

**''સૌરાષ્ટ્રે પંચ રત્નાનિ - નારી, નીર, તુરંગમમ્**

**દક્ષિણે સોમનાથશ્ચ પશ્ચિમે હરિ - દર્શનમ્''**

કાઠિયાવાડને - સૌરાષ્ટ્રને લોક સાહિત્યકારો - શાસ્ત્રકારોએ જેટલા બિરદાવેલ છે એટલા રાષ્ટ્રના બીજા કોઈ મલકને ત્યાંના કોઈ સારસ્વતોએ બિરદાવેલ નથી.

આ મહામૂલા મલકનો પાંચ રત્નો — નારી = સ્ત્રીશક્તિ, સતી, નીર = પાણી, ખમીર, હીર, નૂર - તરંગ = અશ્વ. દક્ષિણમાં બિરાજતાં ભગવાન સોમનાથ અને પશ્ચિમમાં રક્ષ કરતાં ભગવાન શ્રીકૃષ્ણ અજોડ રત્નો છે.

એક દોહામાં તો એટલે સુધી કહી દીધું -

**''કાઠિયાવાડમાં કોક દિતું ભૂલો પડે ભગવાન,**

**તને કરું મારો મહેમાન, સરગ ભુલાવું શામળા''**

આ ભૂમિ સંતો, સતીઓ અને શૂરાની છે. આ ભોમકા પર પત્નીને દાનમાં દેનાર અલ્લા સમ જલારામ, પુત્રનું મસ્તક વાઢી ખાંડણીએ ખાંડી તેનું ભોજન અભ્યાગતને પીરસનાર સગાળશા શેઠ જેવા ટેકધારીઓ પાક્યા છે. સુજ્ઞ વાચકો ! આંખો મીચીને અંતરમાં ઝાંખી કલ્પના કરો. વીરભાઈનો હાથ પકડીને સંતને સોંપવા ટાણાનું પતિ-પત્ની હાલરડાં ગાતાં ગાતાં પુત્રનું મસ્તક ખાંડણીએ ખાંડતા હશે તે યે કેવાં હશે ? જલારામની આજ્ઞાથી સંતને સાથે હાલી નીકળનાર મા વીરબાઈનો આત્મા કેટલો ઉચ્ચ કોટિનો હશે ! આથી લોકસાહિત્યકારોને લખવું પડ્યું હશે -

**''પ્યારા પુત્રનું મસ્તક વાઢી તેનો ભોગ સાધુને ધરતાં,**

**ઘરની નારીને દાનમાં દેતાં લેશ નથી થરથરતાં,**

**સંતના સંતપણા રે મનવા નથી મફતમાં મળતાં,**

**નથી મફતમાં મળતાં એના મૂલ ચૂકવવા પડતાં - સંતના''**

શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસે આ ધરાને આમ કહીને બિરદાવી છે.

**''ભારત ભોમની વંદુ તનયા વડી,**

**ધન્ય હો ! ધન્ય સૌરાષ્ટ્ર ધરણી''**

સૌરાષ્ટ્રના બે અર્થો થાય : સહુનું રાષ્ટ્ર અને સારું - સુંદર - સરસ રાષ્ટ્ર.

આ પ્રદેશનું અમદાવાદ-વિરમગામ બાજુથી પ્રવેશવાળું દ્વાર તે ઝાલાવાડ. ન પાણિયો ને સૂકો ભઠ્ઠ પ્રદેશ એના માણસો ભારે મમતાળા.

**એક લોકગીતમાં કહેવાયું છે.**

**''આપણા મલકના માયાળું માનવી**
**માયા મેલીને વયા જાશું મારા મહેરબાન,**
**હાલોને આપણા મલકમાં''**

આ પ્રદેશમાં દેવભૂમિ પંચાલ છે, તેમાં ઘણા તીર્થો છે.

એક ભજનમાં કહ્યું છે -

**''દેવ તો પાંચાલ જુઓ ગરવો તે ધૂનાગરે,**
**તપસ્વીના થાય દર્શન પાપ પળમાં પરજળે,**
**સૂરજ દેવળ ગેબી ડુંગર તીરથ તો તરણેતર,**
**મચ્છુવાળા હોલ માતાં દીનનાં દુઃખડાં હરે''**

ભગવાન મહાવીરના વર્ધમાન નામ પરથી નગરી વઢવાણ. લીંબડીમાં પૂ. શ્રી અજરામરજી સ્વામીની ગાદી, રાષ્ટ્રની જરૂરિયાતનો મોટો ભાગ મીઠું પકવતું ખારાઘોડાનું રણ અને તેમાં વિચરતા જોવાં જેવાં ઘૂડખર વગેરે અણમોલ ખજાનો છે. આ મલકમાં કવિઓ, વાર્તાકારો, સાહિત્યકારો, વહીવંચાઓ વગેરે ઉત્તમ કક્ષાના થયા છે.

આઝાદી પછી કેળવણીક્ષેત્રે અને આરોગ્યક્ષેત્રે સારું કાઠું કાઢ્યું છે. સુરેન્દ્રનગરમાં મેડીકલ કૉલેજ પણ સ્થાપિત થઈ છે. ટી.બી. હોસ્પિટલે ઉત્તમ સેવા કરી છે.

આઝાદી માટે જાન-ફેશાની કરનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ પણ આ ભોમકામાં પાક્યા છે.

શોષિત સ્ત્રીઓનું હિત સધાય, તેના પ્રયાસો કરનાર પછાત ગ્રામ વિસ્તારોની કન્યાઓને કેળવણી પ્રદાન કરનાર વિકાસ વિદ્યાલય જેવી સંસ્થા વઢવાણમાં છે. જ્યારે ઘરશાળા, લોક વિદ્યાલય, ધજાળા વગેરે પછાત - ગરીબ બાળકો રહી અભ્યાસ કરે એવી પ્રવૃત્તિઓ મશહૂર છે.

ખમીરવંતો આ મલક બહુ પછાત છે. પાંચાળ માટે તો એમ કહેવાતું હતું કે-

**ખડ પાણી ને ખાખરા, પાણાનો નહિ પાર,**
**વણદીવે વાળુ કરે, દેવકો પાંચાળ**

આઝાદી પહેલાં આવી સ્થિતિ હતી, હવે વિકાસના પંથે એણે જબરું કાઠું કાઢ્યું છે,

વિદેશીઓ - યાત્રાળુઓ મુલાકત લે તો તેમને આ મલકમાં કેટલું ખમીર છે તે જોવા-જાણવા જરૂર મળશે. પાવનકારી આ ધરતીને નમન, વંદન.

**- વિનુભાઈ ગાંધી**

## રક્ષિત સ્મારકો

### માત્રી વાવ...



ગામ : કંકાવટી, તાલુકો : ધ્રાંગધ્રા

માત્રી વાવ તળાવની વચોવચ આવેલી છે. તળાવામાં પાણી ભરાતા આ વાવ પાણીમાં ડુબી જાય છે. આ વાવ પૂર્વાભિમુખ છે. વાવને પાંચ ફુટ આવેલા છે. વાવના કુવા થાળપર પથ્થરનાં પાટળા ઉપર કીર્તિમુખ કંડારેલ છે. આ વાવ ૧૭માં સદીની હોવાનું જણાય છે.



### ચંદ્રાસર તળાવ - પ્રતાપપુર...

ગામ : પ્રતાપુર, તાલુકો : ધ્રાંગધ્રા

ચંદ્રાસર તળાવનો આકાર અર્ધચંદ્રાકાર છે. જેથી કદાચ તેનું નામ ચંદ્રાસર પડ્યું છે. તળાવની ત્રણ બાજુએ ઢાળવાળા પ્રવેશદ્વારો છે અને મુખ્ય પ્રવેશદ્વારની સામી બાજુએ ગરણી છે. આ તળાવ છ હેકટર જેટલા વિસ્તારમાં આવેલું છે. તળાવમાં ઉતરવા માટે પગથિયા અને ઘાટ બાંધેલા છે. આ તળાવ આશરે ૧૭મી સદી જેટલું પ્રાચીન છે.

### ગ્રામદેવીનું મંદિર...

ગામ : કળમાદ, તાલુકો : મુળી



ગ્રામદેવાનું મંદિર આશરે ૧૬મી સદીનાં મંદિર સ્થાપત્યનાં નમૂના રૂપ છે. આગળ શ્રૃંગાર ચોકી મંડપ અને ગર્ભગૃહનાં સમતલ તલમાન યુક્ત આ મંદિર નિરાધર પ્રકારનું નાગર શૈલીનું છે. મંડપ પરનું શિખર ફાંસાકાર પ્રકારનું છે. મંડોવર સાદુ પરંતુ શિલ્પાકૃત છે. મંદિર નીચે બેઠકવાળી જગતી પર બાંધેલું છે.

## શિલાલેખ... રાજબા વાવ - રામપરા...

ગામ : રામપરા, તાલુકો : વઢવાણ



મુખ્ય ધોરી માર્ગ પર સાયલાથી ૬ કિ.મી. દૂર આવેલ ફૂલગ્રામથી વઢવાણ જવાના માર્ગે ૧૦ કિ.મી. દૂર રામપુરા ગામ આવેલ છે. આ વાવ ગામની પશ્ચિમે ૧ કિ.મી. દૂર આવેલી છે.

વાવમાં પ્રથમ કૂટ બાદ બંને બાજુએ ખૂણામાં લગાવેલ દેવનાગરી લિપિમાં કંડારેલી તકાત મુજબ માહે માગશર શુકલ પક્ષે સંવત ૧૫૩૮ (ઈ.સ. ૧૪૮૨) માં પરમાર કૂળના વિજયરાજ પરમારના વંશજ દ્વારા આ વાવનું નિર્માણ થયેલ હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

## મુનીબાવા મંદિર...



ગામ : થાન, તાલુકો : ચોટીલા

આ મંદિરનું નામ મુનિબાવા મંદિર કેમ પડ્યું તે આધાર સાથે જાણી શકાયું નથી. પરંતુ એમ અનુમાન થઈ શકે તે કોઈ સાધુ મૌનવ્રત ધારણ કરી લાંબા સમય સુધી અહી રહી મંદિરની સેવાપૂજા કરતા હશે. જેના પરથી સ્થાનિક લોકો મૌનીબાવા મંદિર અને પછી મુનિબાવા મંદિર તરીકે ઓળખાતા થયા હશે.

નદીને કિનારે ખડકાળ ટેકરી પર અને ભારે ઢાળવાળા વણાકવાળી જગતી પર ઉભેલું આ મંદિર તેના શૈલી પ્રકાર પરથી દસમી સદીનું હોવાનું અનુમાન થઈ શકે છે. આ મંદિરના નિર્માણકાળ અંગે કોઈ લેખિત આધાર પુરાવા પ્રાપ્ત થયેલ નથી. પૂર્વાભિમુખ આ શિવ મંદિર દશમી સદીના મંદિર સ્થાપત્યનું સુંદર ઉદાહરણ છે.



મુખ્યચોકી મંડપ અને ગર્ભગૃહયુક્ત આ મંદિર નિરંધાર પ્રકારનું છે. શિલ્પકામથી તે સમયની પૂર્ણ શિલ્પકળાનો પરિચય થાય છે. શિખર પરથી જાલક ભાત પણ તે પછીના સમયમાં થયેલ જાલક ભાત કરતા વિશેષ પ્રભાવશાળી જણાય છે. તેની વિશેષતા મંડપના વિતાનમાં રહેલી છે. મંદિર સ્થાપત્યનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તેમાં કેટલાંક લક્ષણો ઉમેરાતા ગયા. તે રીતે ગુજરાતભરમાં મંડપના વિતાનમાં ગજતાલુનો પ્રયોગ સૌ પ્રથમ આ મંદિરમાં જોવા મળે છે.

## ગંગવો કુંડ અને તેની ઉપરના ચાર મંદિરો....

ગામ : દેદાદરા, તાલુકો : વઢવાણ



દેદાદરા ગામની દક્ષિણે ગંગવા કુંડના અંતરંગમાં આવેલું દેવાલય ઝુમણું પણ આ જ પરિપાટીનું છે. કુંડના ચાર ખુણે ચાર મંદિર એકાડક તેમજ પ્રચાંડક પ્રકારના છે. આ બધા મંદિરોની આગળ મુખમંડપની રચના છે. અંબિકા તથા વિનાયકના એકાડક પ્રકારના અને સૂર્ય અને શિવના પ્રચાડક પ્રકાના છે. આ મંદિરો રોડાના મંદિર કરતા લગભગ એકાદ શતાબ્દી ઉતરકાલીન હોઈએ (નવમી) અને કામગીરીમાં ઉણપ વરતાય છે. .

## તરણેતર મંદિર...

ગામ : થાનગઢ, તાલુકો : ચોટીલા



થાનગઢથી ૯ કી.મી.ના અંતરે આવેલ તરણેતરનું શિવાલય એના નવનિર્માણ સ્વરૂપે ઉભેલું છે. આ મંદિરના ગર્ભગૃહ પર કોરાકોટ અને કોટાચ શૈલીનું શિખર અને મંડપ પર ચંદ્રશાલાનાં અલંકરણોથી વિભૂષિત પગથીયાવાળા ફાસનાની રચના છે. શિખર અને કર્ણકુટો જાલક ભાતથી વિભૂષિત કરેલા છે. મુખ્ય પ્રવેશ ચોકી અને ગૂઢ મંડપની છત કરોટક ઘાટની છે. એના ગજતાલુનો થર રોડાની પરંપરાનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. ગર્ભગૃહના પીઠ ભાગમાં ગણના ઉભેલા પ્રાચીન શિલ્પ લાકરોડાની શૃંગાર ચોકીના સ્તંભની કુંભીઓના ગવાધમાના ગણોની યાદ આપે છે.

સલિલાતરમાં ગજારોહીમાં શિલ્પ આવેલા છે. ગૂઢ મંડપ અને શૃંગાર ચોકીના સ્તંભ ભદ્રક ઘાટના છે પણ ગૂઢ મંડપના સ્તંભ ઊંચાઈમાં વિશેષ છે. પ્રાચીન મંદિરના અવશેષરૂપ અન્ય શિલ્પ સમૃદ્ધિમાં ગાનવાહનને નૃત્યમાં રત લોકો લીલાનું છતમાનું શિલ્પ તથા કોલ-કાચલા ઘાટનો મંડપનો કરોટક નોંધપાત્ર છે. ત્રણે બાજુએ આવેલા કુંડ દ્વારા મંદિર એની વિશાળ જગતી સાથે પરિવૃત થયેલ મંદિરના સ્થાપત્યમાં પાછળથી ફેરફાર જોવા મળે છે.



## કંકાવટીના પ્રાચીન દરવાજા...

ગામ : કંકાવટી, તાલુકો : ધ્રાંગધ્રા



ઝાલાવંશના રાજવીઓની રાજધાની એક સમયે કંકાવટી હતી. જેની આજુબાજુ ગઢ બાંધવામાં આવ્યો હતો અને ઈ.સ. ૧૪૨૯ આસપાસ ઝાલા રાજા જેતસિંહે અમદાવાદના સુલતાન અહમદશાહે કરેલ આક્રમણને ખાળવા માંડલથી પોતાની રાજધાની કંકાવટી ખસેડી. કંકાવટીના કોટના પ્રવેશદ્વાર સાદા પરંતુ સ્થાપત્યકલાના સિમાચિન્હ રૂપ ગણી શકાય. અહી કમાનયુક્ત અને તોરણ પ્રકારનાં પ્રવેશદ્વાર જોવા મળે છે. જે સોલંકી અને ઈસ્લામી સ્થાપત્યની મિશ્ર અસરો પ્રદર્શિત કરે છે. કંકાવટી એક સમયે રાજકીય અને વ્યાપારી દૃષ્ટિએ સૌરાષ્ટ્રને જોડનારૂ મહત્વનું મથક હતું.

## સુંદરીભવાની મંદિર...



ગામ : સુંદરી, તાલુકો : હળવદ


સુંદરી ભવાનીનું આ મંદિર મૂળ પ્રાચીન તલમાન પ્રમાણે બાધેલું હશે. પરંતુ કાળક્રમે તેમાં ફેરફાર કરવામાં આવેલો છે. આગળના ભાગે ઈજ્જાયુક્ત લંબચોરસ મંડપ અને ગર્ભગૃહ આવેલા છે. સંભવતઃ ૧૫મી સદીમાં બંધાયેલ આ મંદિર નાગર શૈલીનાં નિરાધાર પ્રકારનું છે. મંડપ પરની શિખર ગુંબજ આકારનું છે અને શિખર પર ત્રિરથીય રચના સાકાર થયેલ છે. શિખર પર ગવાક્ષ જેવી રચનાં કરેલી છે. જેમાં સંપુર્ણ વિકસિત ફલપતીનું નિરૂપણ કરેલું છે. ઉરૂશ્રુંગા પર સક્કરપારાની રચના અંકિત છે. આ મંદિર મૂળી પાસે આવેલ ગ્રામદેવીનાં મંદિર સાથે સામ્ય ધરાવે છે.

## વાવ... ગામ : ધાંધલપુર, તાલુકો : સાયલા



આ વાવને મુખમંડપ અને ત્રણ ફુટ છે. આ વાવ નંદા પ્રકારની છે. વાવાને ત્રણ મજલા છે. દરેક ફૂટનાં શિખર શંકુ આકારના છે. ફુટના અંદરના ભાગે કમળની આકૃતિ કંડારેલી છે. વાવની અંદરના ભાગે કીર્તિમુખો અને અન્ય પાણી આકૃતિઓ કોતરેલી છે. આ વાવની બાજુમાં એક વિશાળ પ્રતિમા પથ્થરમાં કંડારવામાં આવી છે. જેને ધુંધલીનાથ કહેવામાં આવે છે. આ વાવ ૧૩મી સદીની જણાય છે.

## જીન દરવાજો - ઝીંઝુવાડા..



ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)

આ પ્રવેશદ્વારનો અંદરનો રસ્તા ૪.૮૦ મીટર પહોળો અને ઉંડાઈ ૧૦.૧૦ મીટર છે. અન્ય પ્રવેશની જેમ જ બે ભાગમાં ત્રણ એમ કુલ ૬ બ્રેકીસ આપેલા છે. જેના પર દેવ-દેવીઓ, અપ્સરા અને સંગીત સાધનોના શિલ્પો છે. પ્રવેશની જમણી બાજુએ ગોખમાં અંબિકા અને ડાબી બાજુએ ગણેશ મુકેલા છે. ૧૨મી સદીના પ્રવેશદ્વારોમાંનું એક મહત્વનું સ્થાપત્ય છે.

## ઢીંક દરવાજો અથવા ધામાનો દરવાજો - ઝીંઝુવાડા...



ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)

આ દરવાજો ગઢની ઉત્તર બાજુએ આવેલો છે. દરવાજાના અંદરની લંબાઈ ૧૦.૧ મીટર અને પ્રવેશદ્વારની પહોળાઈ ૪.૯૦ મીટર છે. કુલ પહોળાઈ ૧૨.૨૫ મીટર છે. દરવાજાના અંદરના ભાગે કુલ છ બ્રકેટ કે કઠોડ આવેલા છે. જે દેવ-દેવીઓ, અશ્વો અને સારદુલ શિલ્પોથી અલંકૃત છે. પ્રવેશદ્વારની બંને બાજુએ વિશાળ ગવાક્ષ આવેલા છે. જમણી બાજુએ શિવ અને ડાબી બાજુએ ગણેશને કંડારેલા છે. આ પ્રવેશદ્વારની બાંધણી ઈ.સ. ની ૧૨મી સદીના જણાય છે.

## રાજેશ્વરી દરવાજો - ઝીંઝુવાડા...



ગામ : ઝીઝુંવાડા, તાલુકો : પાટડી (દસાડા)


આ દરવાજો અત્યંત સાદો અને કમાનયુક્ત છે. દરવાજાની ઉંચાઈ ૩.૩૫ મીટર અને અંદરની પહોળાઈ ૨.૬૫ મીટરની છે. આ પ્રવેશ મુળ ગઢનો ભાગ નથી પણ પાછળથી આશરે ૧૫મી સદીમાં સલ્તનકાળમાં બાંધેલું હોવાનું જણાય છે.

## દક્ષિણ દરવાજો - ઝીંઝુવાડા...

ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)



આ દરવાજાની અંદરની પહોળાઈ ૪.૮૦ મીટર અને ઉંડાઈ ૧૦.૧૦ મીટર છે. અન્ય પ્રવેશોની જેમ કુલ છ બ્રેકેટસ કે કઠોડા પર ઘોડેશ્વર, અપ્સરા, દેવ-દેવીના શિલ્પો કંડારેલા છે. દરવાજાની બાજુના કોઠાને બે માળ છે. જેમાં ઉપલા માળે છતપર કાંગરા મુકેલા છે અને છજ્જાયુક્ત ઝરુખા મુકેલા છે. નીચે ડાબી બાજુનું ગોખ ખાલી છે. જ્યારે જમણા ગવાથમાં અંબિકાનું શિલ્પ કંડારેલું છે. આ પ્રવેશ ૧૨મી સદીનું જણાય છે.




## પશ્ચિમ દરવાજો - ઝીંઝુવાડા...

ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)

આ કમાનદાર દરવાજાની અંદરની પહોળાઈ ૨.૮૫ મીટર અને ઉંડાઈ ૨.૮૦ મીટર છે. દરવાજાની કુલ પહોળાઈ ૭.૧૫ મીટર છે. આ પ્રવેશ સાદો છે પણ ઉપર કાંગરા આપેલા છે અને સક્કરપારની ડીઝાઈનની પટ્ટીકા કોતરેલી છે. આ પ્રવેશદ્વાર મધ્યકાલિન જણાય છે.

## મડાપોર દરવાજો - ઝીંઝુવાડા...



ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)

આ દરવાજો ગઢનો પ્રમુખ દરવાજો જણાય છે. પ્રવેશદ્વારની લંબાઈ ૧૦.૧૦ મીટર અને અંદરની પહોળાઈ ૪.૬૦ મીટર જેટલી છે. પ્રવેશદ્વારની કુલ પહોળાઈ લગભગ ૧૨.૦૦ મીટર છે. અંદરના ભાગે બે ભાગમાં ત્રણ ત્રણ બ્રકેટ કે કઠોડા આવેલા છે. જેના પર દેવ, અપ્સરા, અશ્વસવાર, શાર્દૂલ વગેરેના શિલ્પો કોતરેલા છે. પ્રવેશની બંને બાજુએ ગોખમાં જમણી બાજુએ અંબિકા અને ડાબી બાજુએ ગણેશ મુકેલા છે. ૧૨મી સદીના સ્થાપત્યનો આ નમૂનેદાર પ્રવેશ છે.

### સરોવર - ઝીંઝુવાડા...

ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)



એક સમયે ઝીંઝુવાડાની કિલ્લેબંધ અંદર આવેલા આ તળાવના એક છેડે જીન દરવાજો આવેલો છે. તળાવ લંબગોળ તલમાને બાંધેલો છે. જેના એક છેડે ત્રણ ગરણીઓ આવેલી છે. આ તળાવની લંબાઈ આશરે ૧૦૩ મીટર અને પહોળાઈ ૭૨ મીટર છે. તળાવમાં ઉતરવાના પગથિયા અને વિસામા આવેલા છે. આ તળાવ પ્રાયઃ ૧૨મી સદીનું છે.

### જીણાનંદ કુંડ ૧ - ઝીંઝુવાડા...


ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)



આ કુંડની લંબાઈ ૧૨૨ મીટર અને પહોળાઈ ૭૬.૨૫ મીટર છે. કુંડના પૂર્ણ ભાગમાં ઝાલકેશ્વરનું મંદિર આવેલું છે. આ કુંડની બાંધણી આશરે ૧૫મી સદીની જણાય છે. જેમાંથી ઝાલા રાજા જૈતસિંહનો શિલાલેખ મળી આવેલ છે. સ્થાનિક ઝાલા વંશના રાજા કંકાવટીમાં રહી આ વિસ્તાર પર રાજ કરતા સંભવત આ કુંડ જૈતસિંહે બંધાવ્યો હશે. કુંડની ચારે બાજુએ પગથિયા, શિલ્પાકૃતિઓ અને અલંકૃત કાંઠાની દિવાલથી કુંડ સુશોભિત છે.

### ઝીણાનંદ કુંડ ૨ - ઝીંઝુવાડા....

ગામ : ઝીંઝુવાડા, તાલુકો : પાટડી (દસાડા)



આ લંબચોરસ કુંડ ૫.૬૫ મીટરની લંબાઈ અને ૩.૮૦ મીટરની પહોળાઈ ધરાવે છે. અંદરનું થારું ચોરસ છે. જેની દરેક બાજુનું માપ ૧.૯૦મીટર છે. કંડુની ઉંડાઈ ૦.૮૫ મીટર છે. જ્યાં શિવલિંગ મુકેલું છે. કુંડના ગવાથમાં દેવી પ્રતિમા કંડારેલી છે. આ કુંડ પ્રાયઃ ૧૪ થી ૧૫મી સદી જેટલો પ્રાચીન છે.

## પંચાયતન મંદિર...

ગામ : પરબડી, તાલુકો : ચોટીલા



સેજકપુરના નવલખા મંદિરને મળતું આવે છે. મુખ્ય મંદિરની બંને બાજુ બે નાના મંદિરો અને બીજા બે મુખ્ય મંદિરની દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પૂર્વ આવેલ છે. આમ મુખ્ય મંદિર સાથે અન્ય ચાર મંદિરોના સમૂહથી પંચાયતન મંદિર બને છે. મુખ્ય મંદિરનો ઘણો ખરો આગળનો ભાગ નષ્ટ થઈ ગયેલ છે. દ્વારશાખના લલાટબિંબમાં ગણેશનું શિલ્પ શિવ મંદિર હોવાનું પ્રતિક છે. મુખ્ય મંદિર શિવનું અને તેની આજુબાજુના એટલે કે દક્ષિણ - પશ્ચિમનું મંદિર વિષ્ણુનું અને ઉત્તર - પૂર્વનું મંદિર સૂર્ય અથવા બ્રહ્માનું હોવાનું અનુમાન છે. મુખ્ય મંદિરની દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પૂર્વ આવેલા નાના મંદિર ભગ્નાવસ્થામાં છે. સ્થાપત્ય દષ્ટિએ આ સ્મારક ૧૩મી સદીનું હોવાનું જણાય છે.



## ચૌમુખી વાવ/ તળાવ પાસેનું મંદિર...

ગામ : ચોબારી, તાલુકો : ચોટીલા

વાવમાં જવા માટે ચારેય તરફ એકબીજાને સમાંતર પ્રવેશ હોઈ, આનું નામ ચૌમુખી વાવ નામ પડ્યું છે. પગથીયા ઉતરી વાવમાં પ્રવેશ કરીએ તો વચમાં ચોરસ કુવો આવે છે. આમ આ વાવ મધ્યે કુવો આવેલ હોઈ, વાવ કરતાં કુંડ શબ્દ વાપરવો વધુ ઉચિત જણાય છે. વાવની દક્ષિણે એક ચોરસ મંડપ જેવું બાંધકામ છે. જેમાં ચાર ઉભા સ્તંભ છે જે ઉપરના આડા પાટડાને ટેકો આપે છે. વચ્ચેના બે સ્થંભો દક્ષિણ બાજુના પ્રવેશદ્વાર સાથે જોડાયેલા હોઈ, ચોરસ મંડપ બને છે. વાવના પ્રવેશદ્વારની દિવાલમાં ગવાક્ષો છે જેમાં સપ્તમાતૃકા, મહીષાસુરમર્દિની, શેષાઈ વિષ્ણુ, શિવ તથા વિષ્ણુની પ્રતિમાઓ કંડારેલ છે. સ્થાપત્ય પરથી આ વાવ ૧૨મી સદીની હોવાનું જણાય છે.



## ભીમોરાની ગુફાઓ...

ગામ : ભીમોરા, તાલુકો : ચોટીલા

ચોટીલાથી ૧૧ કિ.મી. દૂર નાના ખાતર નામના કાઠીએ ભીમોરા ગામ વસાવ્યું. એણે બાંધેલો કિલ્લો આજે તો તુટી ગયો છે. પણ તેની ભીમ ગુફા જોવા લાયક છે. ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ અહીં નિવાસ કર્યાની વાયકા છે.

## સ્મશાન પાસેના પાળીયા....



ગામ : હળવદ, તાલુકો : હળવદ

હળવત એક પ્રાચીન શહેર છે અને તે સ્મશાન પાસેના પાળિયા માટે જાણિતુ છે. અહી આવેલા પોતાના પતિઓ પાછળ મૃત્યુ પામેલ મહિલાઓના સ્મૃતિ ચિહ્નો ૧૫મી સદીના હોવાનું મનાય છે.



## માધાવાવ....

ગામ : વઢવાણ, તાલુકો : વઢવાણ

પ્રજા પમાટે પ્રાણ સમર્પી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઈ.સ. ૧૨૭૫) ના મંત્રીશ્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છિક બલિદાનની દંતકથા ધરાવતી માધાવાવ રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા સુરક્ષિત છે.



## ગંગાવાવ...

ગામ : વઢવાણ, તાલુકો : વઢવાણ

ભોગાવો નદી કાંઠે વસેલું વઢવાણ શહેર વર્ધમાનપુરી નામથી ઓળખાતું હતું. અહીં સંવત ૧૯૬૯માં બાંધવામાં આવેલ ગંગાવાલ પ્રાચીન વાવ છે. જેને રાજ્ય સરકાર દ્વારા રક્ષિત જાહેર કરવામાં આવેલ છે.

## મણવા મામાનું મંદિર...

ગામ : દેદાદરા, તાલુકો : વઢવાણા

મહાગુર્જર શૈલીના વિકસિત સમયનો પરચિય આપતું આ મંદિર ૧૦મી સદીના મધ્યમાં બાંધવામાં આવેલ છે. પીઠના બે સાદા થર અને તેની પર આવેલ સુંદર કીર્તિમુખ પટ્ટ તથા ઉંચી જગતી આ મંદિરનાં વિશિષ્ટ લક્ષણો છે. ત્રણ અંગો ધરાવતા મંદિરનું ફક્ત ગર્ભગૃહ જ વિદ્યમાન છે. મર્યાદિત અલંકરણ મંદિરની સપ્રમાણતાને ઉચ્ચ કક્ષાએ લઈ જાય છે. આ બાંધકામ સૌરાષ્ટ્રની તત્કાલીન મંદિર સ્થાપત્યની શૈલીનો અપ્રતિમ નમૂનો છે, જે બાહ્ય અસરોના આગમન પહેલાં પ્રચલિત હતી.

## પ્રાચીન વાવ...



ગામ : હામપુર, તાલુકો : ધ્રાંગધ્રા

વઢવાણ તાલુકાના હામપુર ગામે અતિ પ્રાચીન વાવ આવેલી છે, જેને પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત જાહેર કરવામાં આવેલ છે.

# ઝલક અમારા જિલ્લાની

## શ્રધ્ધાનું સ્થળ : ચોટીલા ડુંગર

મુખ્યમથક અમદાવાદ રાજકોટના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર સૌરાષ્ટ્રનું મહત્વનું યાત્રાધામ ચોટીલા આવેલું છે. જિલ્લા મથક સુરેન્દ્રનગરથી ૬૫ કિ.મી. છે. મોટાભાગના ખાચર કાઠીઓનું આ વિસ્તાર મૂળ પરગણું. ચોટીલાના ડુંગર માથે મા ચામુંડાનો વાસ છે. ૧૧૭૩ ફૂટની ઊંચાઈએ આવેલું માનું મંદિર શક્તિપૂજાની જ્યોતને ઝળહળતી રાખી રહ્યું છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું જન્મ સ્થળ ચોટીલામાં આવેલ છે.



દર મહિનાની પૂર્ણિમાએ, મા શક્તિના વાર એવા રવિવારે અને નવરાત્રિ દરમિયાન સવિશેષ રીતે યાત્રાળુઓનો પ્રવાહ ચારે દિશાએથી પગપાળા ચાલીને ડુંગરે વસેલી મા ચામુંડાના દર્શને ઉમટી પડે છે, આમ તો માના પાળે હરપળ માનવી પોતાની ભક્તિની ઝોળીમાં શ્રધ્ધાનું ભાથું લઈ આવતો જ રહે છે અને પોતાનાં દુઃખ દૂર થતાં અનુભવે છે.

જિલ્લાનાં વન વિભાગે વર્ષો પહેલા બોડો ડુંગર કહેવાતા ચોટીલાને લીલીછમ હરિયાળીવાળા વન વિસ્તારમાં પલટાવવા કરેલ અણથક પ્રયાસોના ફળ ડુંગરની આસપાસ વિસ્તરેલી લીલી વનરાજીમાં જોઈ શકાય છે.

ચોટીલા ડુંગર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા માતાના દર્શન જતો સમગ્ર માર્ગ સુંદર પગથિયાં અને માથે છાયાં આપતા શેડવાળો બનાવાયો છે. શ્રધ્ધાળુઓ પછી તે ગમે તે ઉંમરના હોય, આસાનીથી પસાર કરી માનાં મંદિર સુધી પહોંચી શકે છે.

ચોટીલા ડુંગરથી તળેટીમાં દેવસ્થાન ટ્રસ્ટ તરફથી સુંદર રસોડાની તથા પથિકાશ્રમની સવલત ઉભી કરાઈ છે. આ સ્થળ પ્રવાસીઓની સગવડોને ધ્યાને રાખી વિકાસ પામી રહ્યું છે. જિલ્લાનું વહીવટી તંત્ર પણ આ પવિત્ર દેવસ્થાન, યાત્રાધામના વિકાસ માટે વિકાસનું સુરેખ આયોજન કરી રહ્યું છે.

## ભક્તિવન ચોટીલા

ચોટીલા ખાતે ચામુંડા માતાના ડુંગરની તળેટીમાં આશરે ૧૨ એકર જમીનમાં ભક્તિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભક્તિવનમાં લેન્ડ સ્કેપીંગની કામગીરીથી સમગ્ર વિસ્તારને ત્રણ મુખ્ય ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. (૧) તુલસીકુંડ (૨) ભક્તિવન સંકુલ (૩) પુનિતવન સંકુલ જે પૈકી તુલસીકુંડનું બાંધકામ તથા તેને ફરતે ૧૦૮ તુલસીક્યારા, બે આકર્ષક વનકુટીરના બાંધકામ, મુખ્ય વિશાળ દરવાજો, કલાત્મક અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો ફુવારો, ઓવરહેડ ટેન્ક, બે લોન વિસ્તાર, રસ્તાઓ પર બ્લોક, કર્બીંગ, પગથિયા, તમામને ફરતે રેલીંગ ઉપરાંત બે છેડા પર બે વધુ દરવાજા વિગેરેનું ભક્તિવન સ્થળે સુંદર રીતે બાંધકામ આવલે છે.



તુલસીકુંડની ચારે બાજુએ પથ્થર પેચીંગ કરી ઉપરના ભાગે તથા પાણીના ધોરીયામાં ગ્લેઝ ટાઈલ્સના ટુકડાથી સુશોભિત કરવામાં આવેલ છે. આ કુંડને ફરતે ગ્લેઝ ટાઈલ્સના ટુકડા લગાડેલ ૧૦૮ તુલસી ક્યારાઓ બનાવી તેમાં તુલસીના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. આ કુંડને ત્રણ બાજુએ રસ્તા આવેલ છે. તુલસીકુંડ ફરતે પ્રદક્ષિણા કરવા માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તુલસીકુંડના સુશોભન માટે તેને ફરતે બેડ બનાવવામાં આવેલ છે. બાગબગીચામાં સિંચાઈ મોટ પાણીનો બોર, ઓવરહેટ ટંક, ઐતિહાસિક અને પૈરાણીક કથકથિત એક સુંદર ડીસ્પ્લેસેન્ટર, પાણીની સુંદર પરબ, ટોયલેટ વગેરેનું આકર્ષક બાંધકામ કરવામાં આવેલ છે.

ભક્તિવન સંકુલની વચ્ચે વનકુટીર (વૃક્ષ આકારમાં) તથા તેની ફરતે નવ આદ્યશક્તિ માતાજીના નવ વનોનું નિર્માણ કરેલ છે. દરેક વનોને ફલાવર બેડ (જાસુદ)થી વિભાજીત કરેલ છે તથા તેના પર ગ્લેઝ ટાઈલ્સના ટુકડા વાવેતર કરી ૫૧ શક્તિપીઠના માતાજીની વિગત સાથે લોકોને જાણકારી મળી રહે તે રીતે ગોઠવવામાં આવેલ છે. વચ્ચે આવેલ પરિસરમાં એક યંત્ર મુકેલ છે. જેમાં રૂા. ૫/- નો સિક્કો નાખવાથી માતાજીના શ્લોકનો મધુર અવાજ સાથે જ નજીકના વૃક્ષ વાવેતરમાં ગોઠવેલ ત્રિસુલમાંથી પાણીની ધારાઓ અભિષેક થાય છે જે પાણી વાવેતર કરેલ રોપાને સિંચી શકાય તેવી સુંદર વ્યવસ્થા ઉભી કરેલ છે.

આ ભક્તિવન સંકુલમાં એક તરફ શ્રી ચામુંડા માતાજી પુષ્પવાટિકા બનાવેલ છે. શ્રી ચામુંડા માતાજીને અર્પણ થતાં પુષ્પો કમળ, જાસુદ, ગુલાબ અહીંથી જ મળી રહે તેવી વ્યવસ્થા રાખેલ છે તથા એક તરફથી ત્રિફળાવન બનાવી તેના ત્રણ ભાગમાં આમળા, હરડે તથા બેહાના વૃક્ષોનું વાવેતર કરેલ છે. આ સંકુલમાં એક રોપ વિતરણ કેન્દ્ર બનાવેલ છે. જેમાંથી દર વર્ષે ચોમાસા દરમિયાન લોકોને રોપ વિસ્તરણ કરી શકાય તથા ભવિષ્યમાં બાગભગીચાના જાળવણી માટેના રોપા સાચવી શકાય.

પુનિતવન સંકુલની વચ્ચે વનકુટીરનું બાંધકામ કરીને તેને ફરતે ચાર વનો (૧) બાળ નિરોગી વન (૨) નક્ષત્ર વન (૩) રાશીવન (૪) ગ્રહવાટિકાનું નિર્માણ કરવામાં આવેલ છે. સંકુલની બંન્ને બાજુએ બે લોન વિસ્તારો બનાવેલ છે જેમાં બેસવા માટેની બેન્ચ મુકી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

આખા ભક્તિવનની વચ્ચોવચ એક ફુવારો મુકેલ છે. જેમાં બે હોર્સપાવરની મોટર દ્વારા ફક્ત જળશક્તિ વડે તેની ઉપર રાખેલ અંદાજીત ૫૦૦ કિ.ગ્રા. થી વધુ વજનનો મારબલનો મોટો ગોળો ગોળ ફરે છે અને પાણી નીચે પડે છે અને સુંદર ફુવારો આકર્ષણનું કેન્દ્ર બને છે.

ભક્તિવન સંકુલમાં લોકોને બેસવા માટે ૫૦ જેટલી બેન્ચ મુકેલ છે. તમામ ફલાવર બેડમાં કુલ મળીને ૩૫૦૦૦ ફલાવર્સના રોપા તથા વનોના નિર્માણ અને ફરતે અન્ય વૃક્ષો ૧૦૦૦૦ મળી કુલ ૪૫૦૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે તથા નયનરમ્ય બગીચા વૃક્ષ વાવેતર ભક્તિવનના આકર્ષણનો અહમ હિસ્સો છે.

ભક્તિવન પરિસરમાં વાતવરણને રમણીય બનાવવા માટે ૨૨૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં સુંદર લોન એરીયા (ઘાસ) તૈયાર કરવામાં આવેલ છે. સાથોસાથ લોકોની જરૂરીયાત માટે સ્વચ્છ પીવાનું પાણી તથા ટોયલેટ મુકવામાં આવેલ છે. ભક્તિવનમાં લોકોને કોઈપણ સ્થળેથી આખા સંકુલમાં ફરી શકે તે હેતુથી રસ્તાઓનું નેટવર્ક પેવર બ્લોક વડે બનાવવામાં આવેલ છે.

## મનપાંચમનો મેળો - તરણેતર

ચોટીલા તાલુકાના થાનગઢથી ૧૮ કિ.મી. દૂર તરણેતર ગામે ત્રિનેત્રેશ્વર મહાદેવની નિશ્રામાં, ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠનો લોકમેળો ભરાય છે. જેમાં ત્રણથી ચાર લાખ જેટલાં લોકો આવે છે. જેમાં મોટે ભાગે રબારી, ભરવાડ વગેરે આવે છે. રાજ્યના આ આંતરરાષ્ટ્રીય કક્ષાના મેળામાં ગુરજાત અને ગુજરાત બહાર, દેશ-વિદેશનાં પર્યટકો આવે છે. ભારતમાં હિમાલયમાં બદ્રી-કેદારમાં અને ત્યારબાદ માત્ર તરણેતરમાં ત્રિનેત્રિશ્વેર મહાદેવનું મંદિર આવેલું છે. ૧૯૦૨માં લખતરના રાજવી કરણસિંહજીએ આ મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો હતો. મંદિરના સંકુલમાં મંદિર સામે તુલકી ક્યારો છે. ત્રણ બાજુ કુંડ આવેલ છે. મંદિરનું સ્થાપત્ય ૧૪મી સદીનું જણાય છે જે રક્ષિત જાહેર કરાયેલ છે. એક વાયકા પ્રમાણે અહીં દ્રોપદીનો સ્વયંવર રચાયો હતો અને પાંચ પાંડવો પૈકી બાણ વિદ્યાના શ્રેષ્ઠ અર્જુને મત્સ્યવેધ કર્યો હતો.



દેવાધિદેવ મહાદેવજીને પ્રસન્ન કરવા બ્રહ્માજીએ આદરેલી તપસ્યાઅને નેત્રકમળ પૂજાની વાત પુરાણોમાં છે. તરણેતરનું આ સ્થળ એ તપસ્યાની ભૂમિ છે. બ્રહ્માજીએ આપેલુ નેત્રકમળ ધારણ કરી મહાદેવ ત્રિનેત્રેશ્વર કહેવાયા, એમના એ સ્વરૂપની પૂજાનું આ દિવ્ય સ્થાન છે.

મંદિરની સામે જ વિશાળ સરોવરના કિનારે આવ્યું છે. પાંચાળની ભૂમિના યૌવનના થનગનાટને વ્યક્તિ કરતા, ઢોલીના ઢોલના તાને ગુલતાન થઈ ધરતી ધ્રુજાવતા હુડા નૃત્યનું મેદાન. ત્રણ દિવસના મેળા દરમિયાન પાંચાળનું રૂપકડું યૌવન અહીં સતત મોકલા મને નાચી પોતાના હૈયાના હેતને વ્યક્ત કરતા થાકતું નથી.

હુડામાં વ્યક્ત થતું યૌવન ત્રિનેત્રેશ્વરની ભક્તિમાં રંગાય અને રાત્રે મંદિરના પાછળ ભાગમાં અલખને આરાધતા સંતો - ભક્તોની રાવટીઓમાં ભજન બની જીવને હરિરસમાં તરબોળ કરી દે. પાંચાળ તો પવિત્ર ભૂમિ સંતોના પવિત્ર આશ્રમો અહીં ત્રણ દિવસ અન્નક્ષેત્રો ચલાવી રોટલાનો મહિમા ગાતા રહે છે.

તરણેતરનો મેળો વરસાદની મોસમમાં જ આવે, પાણીથી છલકાતું એનું સરોવર, પ્રેમથી વૃક્ષો વાવી ઉછરેલી ગ્રામ વાટિકા, વિશ્વ વિખ્યાત એવી સિંહને પણ પડકાર દે તેવી ગીર ગામના સંવર્ધનને પ્રોત્સાહિત કરતું પ્રદર્શન પણ આ મેળામાં પ્રવાસીઓ માટે આકર્ષનું કેન્દ્ર બની રહે છે.

રાતની એક મસ્તી એટલે મેળાના ભાતીગળ છત્રી નીચે પથરાયેલાં રંગમંચ ઉપર પાંચાળના લોક કલાકારો દ્વારા જોડાતા ડાયરાઓમાં, એમના ઘેઘુર ગળામાંથી વહેતી રહેતી, લોકગીતો અને વાર્તાઓની રસતરબોળ કરી દેતી સરવાણીઓ, આખી રાત લોકો થાક્યા વિના અહીં બેસી રહી આ ધરતીના ગાનને માણ્યા કરે છે. પ્રવાસન નિગમના આગવા સંકુલમાં આવેલા નોખા રંગમંચ ઉપર દેશની વિવિધ સંસ્કૃતિઓ, કલાને વ્યક્ત કરતાં લોકનૃત્યો માણવો એ પણ એક લ્હાવો છે.

દિવસ દરમિયાન બસ લોકો ફરતા જ રહે, ક્યારેક રસ્તાની આસપાસ લાગેલા પાથરણા બજારમાંથી તેઓ ખરીદી કરે તો ‘ફજેત’ તરીકે ઓળખાતા જાયન્ટ વ્હીલ્સ, જાદુના ખેલ અને મોતના કુવા સામ સામે દિલધડક રીતે દોડતી મોટર સાયકલ અને મારૂતિ કારનો ખેલ પણ એ અચુક જુએ જ.

સ્થાનિક કલાકારોના સ્વ. સહાય જુથો દ્વારા મોતીકામ, માટીકામ, વાંસકામ, ભરતકામ જેવી સુંદર કલાથી શોભતી ગૃહવપરાશની, સજ્જાની વસ્તુઓથી શોભતાં, પ્રવાસીઓને તે ખરીદવાનું સુંદર સ્થળ પુરૂં પાડતા ક્રાફ્ટ બજાર પણ હવે તો તરણેતરના મેળાનું આગવું અંગ બની રહ્યાં છે.



ભરતકામ અને આભલાના ભરતથી શોભતી છત્રી અને લાગેલા રૂમાલના શણગાર તરણેતરના મેળાની એક ઓળખ છે. બહેને બનાવેલી આ છત્રાવાળો યુવાન કોઈ જવાનડીના હાથને ખોળતો, ચારે તરફ નજરો દોડાવતો ઉભો હોય એ દૃશ્ય યાદગાર બની રહે છે. તરણેતરનું આ સ્વરૂપ એને મનપાંચમનો કે પરણેતરને મેળો એવું લાડકું નામ પણ આપે છે.

છેલ્લાં કેટલાક વર્ષથી યોજાતો ગ્રામીણ રમતોત્સવ મેળાનું આગવું આકર્ષણ બની રહ્યું છે. શણગારેલા ઊંટ ગાડા, બળદ ગાડા, અશ્વો અને અસવારો પણ આ મેળાને અનોખી રોનક આપે છે અને પાંચાળની ધરતીના ખમીર અને યુવાનીના સંસ્કારોને વ્યક્ત કરે છે. આ રમતોનું સંકુલ વિવિધ સ્પર્ધાથી ત્રણ દિવસ સતત ધબકતું રહે છે, આ સંકુલમાં થયેલું પેરાગ્લાઈડીંગ પણ અદ્‌ભૂત આકર્ષણ જમાવે છે. સ્પોર્ટસ ઓથોરીટ ઓફ ગુજરાતને આ મેળામાં રમતોત્સવનું આયોજન કરી એક નવા રંગનું પીંચ્છ મેળાની કલગીમાં ઉમેર્યું છે.

તરણેતરનો મેળો એનાં વિવિધ મનમોહક આકર્ષણો, ભક્તિ, શ્રધ્ધા અને સ્નેહ તથા ખમીરના અનોખા સંગમ અને પાંચાળની ધરતીની અનેકરૂપે વ્યક્ત થતી કલા સંસ્કૃતિની અભિવ્યક્તિના કારણે એના પ્રકાર એક અનોખો મેળો બની આજે સમગ્ર વિશ્વના પ્રવાસીઓને એના તરફ આવકારીર રહ્યો છે.

## જુના સુરજ દેવળ - અતિ પ્રાચીન સૂર્ય મંદિર


થાનને ભારતના અતિ પ્રાચીન પ્રદેશોમાનું એક ગણવામાં આવ્યું છે. એની આસપાસનો સમગ્ર પ્રદેશ જે પવિત્ર સ્થાનો સાચવી બેઠો છે. એની મહત્તાએ આ નગર થાનને એક વિશિષ્ટ મહત્વ આપ્યું છે. થાન એટલે આ પ્રદેશના પવિત્ર યાત્રા સ્થળોની મુલાકાતે આવતા અને અહીં જ વસતાં સંતોની ભૂમિ.

આ પવિત્ર સ્થળો એટલે ભગવાન ત્રિનેત્રેશ્વરનું સ્થાન એવું તરણેતર, કંડોળા ખાતેનું સૂર્યદેવની ભવ્ય પ્રતિમા ધરાવતું સૂર્ય મંદિર, સર્પબંધુઓ, વાસુકી અને બાંડુકા જેને અત્યારે વાસંગી અને બાંડીયાબેલી તરીકે ઓળખીએ છીએ. તેમની ભૂમિ જેવા પાંચાળના પવિત્ર તીર્થો.

પાંચાળ પ્રદેશની દ્રોપદીના વિખ્યાત સ્વયંવરની આ વતા પાંડવકાળની એક અદ્‌ભૂત રમ્ય શૌર્યકથા છે. કિંવદંતી અનુસાર સતયુગની વાત સાથે આ પ્રદેશ જોડાયેલો છે. એવી પુરાણ ખ્યાત કથા છે કે સત્‌યુગમાં સૂર્યવંશના પ્રતાપી રાજવી માંધાતાના હાથે અહીંના સૂર્ય મંદિર (સુરજદેવળ) નું નિર્માણ થયું હતું.

થાન જોજનો પહોળા અવની પટ ઉપર વિસ્તરેલું હતું, અહીં ૫૧ હજાર જેટલા વણિકો, ૩૬ હજાર બ્રાહ્મણો, ૭૨ હજાર ક્ષત્રિયો અને ૯૦ હજાર શુદ્રો મળી કુલ ૨,૫૦,૦૦૦ જેટલા માનવીનો નિવાસ હતો. સ્વંયં નારાયણ અને લક્ષ્મીજીએ આ પ્રદેશની મુલાકાત લીધી હોવાની દંતકથા પણ છે. થાનનો મધ્યમ કિલ્લો કંડોલ કહેવાતો. આ કંડોલ પાસે જ સૂરજદેવળનું સ્થાન આજે પણ વિદ્યમાન છે.





નવા સૂરજ દેવળ

એક કથા એવી છે કે વાલોજી નામના કાઠીના પાછળ પાવાગઢથી જામ આબડાનું કટક પડેલું. જામ વાલોજીએ થાનના કિલ્લામાં આશ્રય લીધો હતો. જામ આબડો ગઢને ઘેરો નાખી પડ્યો હતો. ચિંતિત વાલોજીને કાઠીઓના કૂળ દેવતા સૂર્ય દેવે સ્વપ્નમાં આવી દર્શન દઈ સહાયની ખાતરી આપી. વાલોજી કાઠી હિંમતથી જામ આબડા સાથે લડ્યા. જામને કચ્છમાં નાસી જવું પડ્યું અને ઉપકારવશે વાલોજીએ કંડોલા ટેકરી પરના પ્રાચીન સૂર્યમંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

સમયાંતરે અહીં આવેલા અને લાખામાચીના નિર્માણમાં સહયોગી બનેલા લાખા ફુલાણીએ પણ આ મંદિરનું સમારકામ કરાવ્યાના ઉલ્લેખ છે.

અવાર નવાર થયેલા જીર્ણોધ્ધાર - સમારકામોએ મૂળ મંદિરને ખૂબ જ અસર કરી છે અને હાલ એ પૂરાતન સૂર્ય મંદિરની ભવ્યતા અને એના અવશેષમાં ખોવાયેલી મંદિરની આસપાસ નજરે પડે છે. હાલ આ મંદિર પુરાતત્વ વિભાગના રક્ષિત સ્મારક તરીકે છે.

## વસુંધરાનો વૈભવ (બાડીંચાબેલીનું વન)..થાનગઢ





**ભીમોરાની ગુફા :**

ચોટીલાથી ૧૧ કિ.મી. દૂર નાના ખાચર નામના કાઠીએ ભીમોરા ગામ વસાવ્યું. એણે બાંધેલો કિલ્લો આજે તો તુટી ગયો છે, પણ તેની નજીકની ભીમ ગુફા જોવા લાયક છે. ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ અહીં નિવાસ કર્યાની વાયકા છે.



**અવલીયા ઠાકર**

પાંચળના મધ્યબિંદુ સમા થાન પરથી નજર ફેરવીએ તો ચારે તરફ ધર્મ સ્થાનકો નજરે પડે છે. ચોટીલાથી થાન જતો ૧૫ કી.મી.નાં અંતરે અવલીયા ઠાકરની જગ્યા આવેલી છે. મોટાભાઈ ભરવાડ જ્ઞાતિનું આ તીર્થસ્થાન છે. નાની એવી ટેકરી ઉપર આવેલું આ સ્થાનક પરથી નજર દોડવીએ તો એક બાજુ થાન, બીજી તરફ નવા સુરજદેવળ ચામુંડા માતાના દર્શન થાય છે.

અવલીયા ઠાકરના સ્થાનકે ભરવાડ જ્ઞાતિના સમૂહલગ્ન યોજાતા હોય છે. એક સાથે ૫૦ કે ૧૦૦ જેટલી જાનના માણેક સ્તંભ હોય છે. આ દશ્ય પણ જોવા જેવું હોય છે.

**ચૌબારી વાવ**

ચોટીલાથી ૨૦ કિ.મી. દૂર આવેલ આ ગામ ખાતે ચારે બાજુથી અંદર ઉતરવાના પગથિયાવાળી ચૌમુખી વાવ આવેલી છે. પુરાતત્વ ખાતા દ્વાર તે રક્ષિત ઈમારત છે. તેની બાજુમાં આવેલ નાગ દેવતાના ત્રણ મંદિરનું ઐતિહાસિક મહત્વછે. એક દંતકથા મુજબ કચ્છનો વિખ્યાત લાખો વણઝારો કચ્છની આટકોટના માર્ગે જતાં અહીં રોકાયો હતો.

એક વાયકા એવી છે કે લાખા વણઝારાએ એની સાથે લાવેલા બાજરાનું બી અહીં ઢોળાયું હતું અને ત્યારથી આ વિસ્તારમાં ચૌબારી સૌ પ્રથમ બાજરીના પાકનું વાવેતર ધરાવતું ગામ બન્યું.

ચૌબારી વાવ, લાખો વણઝારો અને બાજરાના બી સાથે સંકળાયેલો આ પ્રદેશ ઈતિહાસના પાના ઉપર અનોખી રીતે પોતાનું નામ અંકિત કરે છે.

ચૌ મુખી પ્રવેશ ધરાવતી આ વિશિષ્ટ પ્રકારની વાવ અત્યારે તો ઈતિહાસને યાદ કરતી એના ભગ્ન સૌંદર્યને પોતાની વિશાળતામાં સમેટીને બેઠી છે.



**ઝરીયા મહાદેવ :**

ચોટીલાથી ૮ કિ.મી. દૂર થાનના રસ્તે જંગલ અને પહાડીઓ વચ્ચે ભગવાન શિવનું આ રમણીય થાનક આવેલું છે. પથ્થરોમાંથી નીકળતું જળ શિવજીનો સતત અભિષેક કરતું રહે છે. આ શિવલીંગ સ્વયંભુ હોવાની માન્યતા છે.






**ગેબીનાથ :**

દેવભૂમિ પાંચાળમાં થાનથી આશરે ત્રણેક કિ.મી.ના અંતરે તરણેતરના રસ્તે ગેબીનાથના ભોયરૂ તરીકે ઓળખાતી જગ્યા આવે છે. બે સામસામા ડુંગર પર જુના સુરજદેવળ અને બીજા પર ગેબીનાથના બેસણા છે. અત્યાર તો ભોંયરૂ બંધ કરવામાં આવ્યું છે. પણ આ જગ્યા આજે પણ ગેબીનાથના ભોંયરા કે સ્થાનક તરીકે ઓળખાય છે.

પ્રાચીન ઈતિહાસમાં જણાવ્યા મુજબ કચ્છના ઓઢા-જામ અને હોથલ છુટા પડ્યા બાદ હોથલદેએ પોતાના ત્રણ પુત્રો જેસલજી, જખરોજી અને નાના ગંગોજી અલગ અલગ આશીર્વાદ આપ્યા. જેમાં જેસલજી બાદશાહી ઈલ્કાબ ધારણ કરશે, જખરજી દાતાર થશે ને ગાંગોજી ગીરના રાજા થશે અને જંગલના લોકો તેની તહેનાતમાં રહેશે અને પાછલી અવસ્થામાં સાધુ થશે.

ગાંગોજી ગીરમાં આવ્યા. ગીરનની અઘોર વનરાજીમાં તેમને નવનાથ પૈકીના ગોરખનાથનો મેળાપ થયો. સંસારી યુધ્ધથી થાકેલા ગાંગોજીને વૈરાગ ઉપજતા દિક્ષા લઈ કાળ ભગવાન સામે યુધ્ધ આરંભ્યું. ગુરૂ ગોરખનાથની સેવા કરતા કરતા ગાંગોજી સીધી ગયા. શિષ્યની ગુપ્ત અને પરાક્રમી સિધ્ધિઓ જોઈ ગોરખનો તેમને 'ગેબીનાથ' નામ આપ્યું. ગેબીનાથે ગિરનારની ભૂમિમાં આકરી તપશ્ચર્યા કરી પછી ગોરનાથનો આદેશ લઈ પાંચાળમાં ઉતર્યા અને થાનગઢ પાસે બ્રગુફામાં ધૂણી ધખાવી યોગસાના કરતાં.



થાનગઢ પાસે ગેબીનાથનું જ્યાં સ્થાનક છે તે ડુંગરની હેઠવાસમાં ગામ વસેલું છે. આશરે ૧૫૦ વર્ષ પહેલા આ ગામ વસ્યું હતું. ગેબીનાથે જ્યાં તપ કર્યું તે ભોંયરૂ હાલ ઘણા વર્ષોથી બંધ છે પરંતુ તેના ઉપરથી ચાલીને તો નીચે પોલાણ હોય તેવો અવાજ સ્પષ્ટ પણે સાંભળી શકાયછે. અગાઉ ત્યાં નાનકડી ઝુંપડી હતી. આજે મોટું મંદિરબનાવવામાં આવ્યું છે.

ગેબીનાથના બે પ્રતાપી સંત શિષ્ય મેપા ભગત અને મોલડીના કાઠી ગલઢેરા આપા રતાએ શિષ્ય પરંપરા આગળ ધપાવી તેવામાં આપા જાદરા, આપા ગોરખા, આપા દાના, આપા વિશામણ, ગીગા ભરત વગેરે. લોકોક્તિ પ્રમાણે પાંચાળ ભક્તિના બીજ ગેબીનાથે રોપ્યા છે.

**મોલડીના સંત આપા રાત**

રાજકોટથી ચોટીલા તા બામણબોર પાસે મોલડી ગામ આવેલું છે. આપા રતાની જગ્યા ગામની ધારે આવેલી છે. આ જગ્યામાં બાવનવીર હનુમાનજીની પૂજા થાય છે. તેની સ્થાપના આપા રતાએ કરી હોવાનું માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં એકમાત્ર આ જગ્યા છે જ્યાં બાવનવીર હનુમાનની પૂજા થતી હોય.

ભાદરવા સુદ સાતમ આપા રતાની તિથિનાં દિવસે અહીં મેળો ભરાય છે અને હનુમાન જયંતિનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પ્રાચીન અને ઐતિહાસિક સ્થળની અંદર આપા રતાની સમાધિ આવેલી છે અને તેમના પછી થયેલા સંતોની દેરીઓ પણ છે.

## વડવાળા દેવ : દૂધરેજ

**દૂધરેજને પાદર વડલો બિરાજે જો,**
**ઈ રે વડલાની શીતળ છાંય રે, વડવાળા દેવ,**
**આપણા સાધુને ઉતારા ઓરડા,**
**મહંતને મેડી મોલાત....**

લોકગીતોમાં વણાયેલો ‘વડલો’ બળ્યા - ઝળ્યાનો આશરો બને છે. શીતળતાનું એ પ્રતીક છે. એ વાત સુરેન્દ્રનગરથી ત્રણેક કિ.મી. ના અંતરે ધ્રાંગધ્રા રોડ પર આવેલી રબારી - ગોપાલક સમાજના ઈષ્ટદેવ વડવાળા મંદિરનો ‘વડલો’ સાર્થક કરે છે. આ વડલો પણ એક લાંબા કાળનો ઇતિહાસ ધરાવે છે. આજે જે વડલો પોતાની વડવાઈ પસવારીને ઊભો છે એ ‘વડલા’ અને વડવાળા દેવસ્થાનના જન્મની કથા ઇતિહાસ મર્મજ્ઞ જૈફ વયના ડેરવાળા નામના શ્રી જામભા ચંદનસિંહ રાણા કહે છે, ‘મૂળ ઝીંઝુવાડા ગામના - ગિરાસદાર સામંતસિંહ જે પછીથી યાદવસ્વામી પાસે દીક્ષા પામીને સંવત ૧૬૮૬માં સ્વામી બન્યા



તે સ્વામી ફરતા ફરતા દૂધરેજ આવ્યા અને નાની એવી જગ્યા બાંધી. એક દિવસ તેમણે વડના દાતણની ચીરીનો ટુકડો જમીન પર નાખ્યો અને ગામમાંથી આવતું હતું તે દૂધ વડને પાવામાં આવ્યાં.'

ફાગણ સુદ પૂનમે રોપેલી ચીરીમાંથી દિવસો જતા વડ થયો. એ વડની છત્રછાયા નીચે શ્રીમદશંકરાચાર્યની પરંપરાના એકવીસમાં શિષ્ય શ્રી નિલકંઠ સ્વામીની પ્રેરણાથી શ્રી રામીય વૈષ્ણવોનું ધર્મ ધામ સમું શ્રી વટપતિ (વટવાળા દેવ) ભગવાનનું સ્થાન આવેલ છે. તેમના આરાધ્ય દેવ ભગવાન રામચંદ્રજી છે અને તે શ્રી વડટપતિ કે વડવાળા દેવ તરીકે જાણીતા છે.

ઉમઈ નદીના કિનારે આવેલ આ સ્થાનપર નૂતન મંદિર સો વરસ પહેલા લધારામજીની ગુરુ પરંપરાના દસમાં શિષ્ય ગંગાસ્વાનમીના સમયમાં ૧૯૫૦માં મહાસુદ પૂનમે નિર્માણ પામ્યું. પૂર્વમાં સિંહદ્વાર, ઉત્તરમાં નંદીદ્વાર અને દક્ષિણમાં હસ્તિદ્વાર એમ ત્રણ પ્રવેશ દ્વાર છે. કલાકારીગરો અને કોતરણીની ભવ્યતાવાળા મંદિરમાં અનુક્રમે શ્રી દ્વારકાનાથજી, શ્રી વટનાથ, ભગવાન શ્રી રામચંદ્રજી, સ્વામીષટ્પ્રક્ષદાસજી અને ભગવાન શિવ એમ પાંચ મંદિર છે.

મંદિરના મહંત શ્રી કલ્યાણદાસજીના માર્ગદર્શન હેઠળ મંદિરમાં અંધ, અપંગ, બહેરા, મૂંગા અને મંદબુદ્ધિના લગભગ પચાસેક જીવોની સેવા થાય છે. ગૌશાળામાં બસ્સો જેટલી ગાયો છે. દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની સગવડ છે. રબારી સમાજના ચૌદ પરગણાના ભક્તો અહીં આવે છે. સેવા, ભક્તિ અને શ્રધ્ધાના સમન્વય સમા આ ધામે નર્મદા નિધિમાં પણ લાખો રૂપિયાંના રોકાણ દ્વારા રાષ્ટ્રીય કાર્યક્રમમાં પણ યોગદાન આપ્યું છે.

**દેદાદરા :**

વઢવાણથી ૧૨ કિ.મી. અંતરે દેદાસરા ગામ આવેલું છે. ગામની દક્ષિણે ગંગવાકુંડ તરીકે વિખ્યાત કુંડ આવેલો છે. કુંડની ચારે બાજુએ સુંદર સ્થાપત્ય ધરાવતા ચાર મંદિરો છે. જે ચાલુક્ય કાળના હોવાની માન્યતા છે. એક હજાર વર્ષ પહેલાનું આ તમામ સ્થાપત્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે. તાલુકાના રામપરા ગામે આવેલી સુંદર સ્થાપત્ય ધરાવતી રાજબાઈ વાવ ઈતિહાસના ઓવારણા સમાન છે. આ વાવ પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.



**વઢવાણ શહેર**

ભોગાવો નદી કાંઠે વસેલું વઢવાણ શહેર વર્ધમાનપુરી નામથી ઓળખાતું હતું. એક વાયકા પ્રમાણે જૂનાગઢના રાજા અને રાણકદેવીના પતિ રા'ખેંગાર અને તેના બે પુત્રોના ખૂન બાદ સિધ્ધરાજ જયસિંહ રાણકદેવીને પકડીને લઈ જતા હતા ત્યાં માર્ગમાં વઢવાણ નજીક ભોગાવો નદીમાં તેણી સતિ થઈ હતી. ભોગાવો નદીના દક્ષિણ કાંઠે રાણકદેવીનું મંદિર આવેલ છે. અહીં સંવત ૧૯૬૯માં બાંધવામાં આવેલ ગંગાવાવ પ્રાચીન વાવ છે. પ્રજા માટે પ્રાણ સમર્પી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઈ.સ. ૧૨૭૫) ના મંત્રી શ્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છિક બલિદાનની દંતકથા ધરાવતી માધાવાવ રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા સુરક્ષિત છે, જે પણ અહીં આવેલ છે. આ ઉપરાંત એક લાખાવાવ પણ આવેલ છે.

વઢવાણ સ્ટેટના મહારાજ દાજીરાજજીએ શરૂ કરાવેલ હવા મહેલનું બાંધકામ રાજાનું અવસાન થતાં બંધ થઈ ગયું હતું જે આજે એક ખંડેર તરીકે છે. આ હવા મહેલનું બાંધકામ સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન છે. અહીં સ્વામિનારાયણ મંદિર, વાઘેશ્વરી મંદિર, મહાવીર સ્વામીનું જૈન મંદિર આવેલ છે.





**મરૂભૂમિનું મોતી - વચ્છરાજ બેટ**



વિક્રમ સંવત ૧૧૪૦ની સાલ. પોષનો મહિનો અને અજવાળી આઠમનો દિવસ. કચ્છના નાના રણની વેરાન ભૂમિમાં આ દિવસે બની ગયેલી એક ઘનટા રણના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ છે.

પાટડી તાલુકાના ઝીંઝુવાડાથી ૨૫ કિલોમીટર અંતરે આ જગ્યા વચ્છરાજ બેટના નામે આજે વિખ્યાત છે. મહેસાણા પંથકના બહુચરાજી માતાના મંદિર નજીકનું કાલેરી ગામ સોલંકી શાખના રજપુતોનું ગામ. વિક્રમની ૧૧મી સદીમાં ત્યાં હાથીજી નામે સોલંકી વશેના જાગીરદાર હતા. હાથીજી ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા. તેમના પત્ની કેસરબાની કુખે વચ્છરાજનો જન્મ થયો.

કુંવર વચ્છરાજ મામ સામતસંગ રાઠોજ સાથે વઢિયારમાં લોલાડા ગામે આવ્યા અને મામાને સંતાન ન હોવાથી લોલાડાની જાગીરના વારસદાર બન્યા. બાજુના ગામેથી વચ્છરાજના વિવેશાળનું માગુ આવ્યું અને રાઠોડ વજેસંગની દિકરી પુનાબા સાથે એમના લગ્ન લેવાયાં.

ત્રીજા મંગળ ફેરા માટે કુંવર વચ્છરાજનો પગ ઉપડ્યો ત્યાં તો ગામની ગાયોને લૂંટારાઓ વાળી જાય છે તેવી ખબર આવી અને એક પળમાં તલવારથી લગ્નગાંઠના છેડાને અળગો કરતાં વચ્છરાજ બોલ્યા, સોલંકીઓ બેઠાં હોય અને ગાયો લૂંટાય તો ધરતી પરથી સત્ મરી પરવારે.

લૂંટારા સામે વીર વચ્છરાજ બહાદુરીથી લડ્યા અને ગાયાનો ઘણ પાછું લઈ આવ્યા. આ ઘણમાં ચારણબાઈની એક ગાય પાછી નહોતી આવી અને તે લેવા વીર વચ્છરાજ ફરી રણમાં ગયા અને લૂંટારાઓ સાથે યુધ્ધા ચડ્યાં. લડાઈમાં વચ્છરાજસિંહનું માથું કપાયું અને જે જગ્યાએ પડ્યું તે ગામ નાનું વચ્છરાજપુરા કહેવાયું અને માથું પડ્યા પછી પણ બે-ત્રણ કિલોમીટર સુધી લડતું ઘડ જે જગ્યાએ પડ્યું તે વીર વચ્છરાજ બેટના નામે આજે પ્રસિદ્ધ છે.

આ સ્થળ રણના અંતરિયાળ વિસ્તારમાં આવ્યું હોવા છતાં ત્યાં મીઠા પાણીનો ભંડાર છે અને ગાયોની સુંદર ગૌશાળા વિકાસ પામી છે. વીર વચ્છરાજદાદાના આ શ્રધ્ધાસ્થાને અનેક યાત્રાળુઓ આવે છે.

**ખારાઘોડાનું તળાવ**

જિલ્લાના દસાડા તાલુકાના રણકાંઠે ખારાઘોડા ગામ પાસે અંદાજે ૧૫૦ એકર વિસ્તારમાં વિસ્તરેલું મીઠા પાણીનું તળાવ આવેલ છે. આ તળાવના સામે કાંઠે સાવડા ગામની સીમ આવેલ છે. આ તળાવમાં વર્ષોથી ખાસ કરીને શિયાળાની ઋતુમાં દેશ વિદેશના પક્ષીઓ આવે છે. નળ સરોવર જે રીતે વિદેશના પક્ષીઓ નિહાળવાનું શ્રેષ્ઠ સ્થળ છે તેમ ખારાઘોડાનું આ તળાવ પણ દેશ વિદેશના પક્ષીઓ જોવા માટે આદર્શ સ્થળ છે.


દેશ વિદેશથી આવતાં પર્યટકો અમદાવાદથી ભૂજ (કચ્છ) તરફ રોડ માર્ગે જતાં વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, માળિયા રાજ્ય ધોરી માર્ગ ઉપર દસાડા તાલુકાના માલવણ ચાર રસ્તા (ચોકડી) થી ૧૮ કિ.મી. પાટડી અને પાટડીથી પાંચ કિ.મી. દૂર ખારાઘોડા નજીક આ તળાવની મુલાકાત લઈ દેશ વિદેશના પક્ષીઓ નિહાળી શકે છે.

## ઝાલાવાડનું ઓલૌકિક તીર્થ : ધામા

આમ તો ઝાલાવાડને સુરેન્દ્રનગરનું મુળ નામ છે કારણકે અહીં મખવાન હરપાલદેવજી અને તેમના ધર્મપત્ની શ્રી શક્તિદેવીનાં વંશજોનું વારસામાં મળેલ રાજ્ય એટલે ઝાલાવાડ. પુરાણ કાળમાં બારમી સદીમાં દાદા હરપાલદેવજી અને માઁ શક્તિએ બાબરા ભુતની સહાયથી ૨૩૦૦ ગામે તોરણ બાંધીને ૨૩૦૦ ગામનુનં ઝાલાવાડ કે જેમાં ૧૮૦૦ પાટણ સ્ટેટના અને ૫૦૦ વાઘેલા સાણંદ હરમકના એમ ૨૩૦૦ ગામે તોરણ બાંધ્યા. એક વખત ઝાલાવડની રાજધાની પાટડી મુકામે ગાંડા



હાથીથી પોતાના ત્રણ કુમારોને બચાવવા મા શક્તિએ ઝરુખેથી પોતાના હાથ દૈવી શક્તિથી લંબાવીને બાળકોને બચાવી લીધા હતાં. તેથી મખવાદન દાદા હરપાલદેવજીનાં ચાર પુત્રો ઝાલવાથી ઝાલા થયા એમ કહેવાયું. પરંતુ આ વાતની ખબર ખટપટીયાઓને ન પડે તે માટે મા શક્તિએ દાદ હરપાલદેવજી પાસેથી આ વાત ખાનગી રહે તે માટે વચન લીધું હતું. પરંતુ કાળક્રમે દાદા હરપાલદેવજીથી વચન ભંગ થતા મા શક્તિએ પોતે પગપાળા પ્રયાણ કર્યું. અને સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ધામા મુકામે વાવમાં માતાજી અંતર્ધાન થયાં. જતાં પહેલા પોતાના પુત્રો શ્રી સાંગુજી, શ્રી માગુંજી, શ્રી શેખડોજી ને પોતાની યાદ ન સતાવે તે માટે અને પોતે હાજરા હજુર છે તે માટે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે દરબાર ગઢમાં પોતાના હાથનો પંજો આજે હૈયાત છે. પૌરાણિક દરબરા ગઢ, પંજાનું ચિન્હ અને ઝરુખો મોજુદ છે. પાટડીનો દરબારગઢ પણ જોવાલાયક છે. આજના સમયે પણ મા શક્તિનાં આરાધ્ય દર્શન કરાવતાં ભવ્યાતિ ભવ્ય મંદિર હાલમાં ધામાતીર્થ પાટડી તાલુકાના ઝીંઝુવાડા પાસે શોભાયમાન છે. મા શક્તિ અંતર્ધાન થયા ત્યારે ચૈત્ર વદ તેરસ હતી. આ તીથી ઢોકળા તેરસ તરીકે ઓળખાય છે. આ દિવસે સમસ્ત ઝાલા પરિવાર અહીં ધામાતીર્થ મુકામે મા શક્તિને વંદન કરવા અચુક આવે છે. સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ઝીંઝુવાડાથી થોડે દુર ધામા ખાતે મા શક્તિનું ભવ્ય મંદિર શોભાયમાન છે. આ સ્થળ દર્શનીય અને જોવાલાયક છે.




**રામદેવપીર મંદિર**

સુરેન્દ્રનગર જિલ્લામાં સવારામ સાહેની પ્રાગટ્યભૂમિ એવા પીપળી ધામ ખાતે આવેલ ભવ્ય મંદિરમાં રામદેવપીરની સુંદર મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી છે. જેના કારણે ઝાલાવાડ પંથકનું પીપળી ધામ ભાવિકો માટે દર્શનીય ધામ બની રહ્યું છે. દર પૂનમે હરિહર અને હરહરની જ્યાં હાકલ પડે છે. દ્વારકાધીશના મંદિરની ઉંચાઈ જેટલી જ મંદિરની ભવ્યતા આંકવામાં આવે છે.

**ઉપરિયાળા જૈન તીર્થ**

સુરેન્દ્રનગર જિલ્લાના ઉપરિયાળા ખાતે જૈન લોકોની આસ્થાના સ્થાનક એવું જૈન તીર્થ આવેલું છે. આ તીર્થમાં આદિનાથ ભગવાનની વિશાળ મૂર્તિ આવેલી છે. આ મંદિરને વિવિધ કલરના કાચના ટુકડાઓથી જડવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાં જૈન મંદિરોમાં ઉપરિયાળા મંદિર તેના કાચની કલા-કારીગરીના કારણે અલગ તરી આવે છે.





## ઝીંઝુવાડા - આગવી વિરાસત

ગુજરાતના પ્રાચીન બંદરો ઉપરના સેટેલાઈટ દ્વારા કરાયેલા એક રિમોટ સેન્સીંગ અભ્યાસમાં જણાવ્યું છે કે, હજારો વર્ષ પૂર્વે મૌર્યકાલિન સમયમાં ઈસ. ૩૨૧ થી ૧૮૦ દરમિયાનના સમયગાળામાં નદીઓ તથા સમુદ્રોના જળમાર્ગે ગુજરાતનો વ્યવહાર અને વહાણવટું વિકસેલા હતા. દરિયાઈ વ્યાપાર માટે અબર મહાસાગરનો વ્યાપક ઉપયોગ હતો. ગુજરાતને સુમેર, ફિનિશિયા, રોમ, ઈજિપ્ત, અરેબિયા, ઈરાન, પૂર્વ આફ્રિકા, લંકા, બ્રહ્મદેશ, મલાયા, જાવા, સુમાત્રા અને ચીન જેવા પ્રાચીન રાષ્ટ્રો સાથે દરિયાઈ વ્યાપરના સંબંધો હતા.

મધ્યકાલિન સમયમાં ગુજરાતના સાગર કિનારે ૮૪ જેટલાં નાના-મોટાં બંદરો હતા, આમાનાં ૬૨ બંદરો ૧૮૪૨ સુધી સૌરાષ્ટ્રના કિનારે હતા. ભૌગોલિક ફેરફારના કારણે જમીનના તળમાં ફેરફાર થયા અને સમુદ્ર દુર થતો ગયો. આ વખતે સૌરાષ્ટ્ર કાંઠાના બંદરો નામશેષ બનતાં ગયાં, આ નામશેષ બંદરોમાંનું એક નામ છે ઝીંઝુવાડા.

રાજબાઈ માતાના મંદિરે આવેલ ઝીંઝુવાડાના ભવ્ય કિલ્લાના બુરજ ઉપર એક પ્રાચીન સ્તંભના આકારમાં ઉભેલી ધાતુની દંડ જેવી રચના દીવાદાંડી હોવાનું આજે ગામ લોકો જણાવે છે.

સોલંકી સિદ્ધરાજ જયસિંહ સંવત ૧૧૬૫ (સને ૧૧૦૯) ના મહા સુદી ૪, રવિવારે ઝીંઝુવાડાનો ગઢ બાંધવાનું મુર્હુત કર્યું અને ઉપાધ્યાય ભાણાના પુત્ર વાસેશ્વર વોહરાને સોંપ્યું. કિલ્લાના ચાર હયાત દરવાજાની ભવ્યતા, એની અપ્રતિમ કોતરણી, કિલ્લાની રચના એનું અદ્‌ભુત સ્થાપત્ય, સિંહસર તળાવના ઓવારા ઉપર સુંદર કોતરણી એ બધું નજરને સહજ બતાવવાનો વિષય છે, એનું વર્ણન કરવા શબ્દો શોધવા પડે.

ઝીંઝુવાડાથી નૌઋત્ય ખૂણામાં રણમાં ત્રણ કિલોમીટર દૂર ઝિલકેશ્વર તીર્થ આવેલું છે. મહાભારતના વન પર્વમાં ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ ઝિલકેશ્વરમાં વાસ કર્યાનો ઉલ્લેખ છે.

ઝિલકા તીર્થ પંચતીર્થ ગણાય છે, અહીં આવેલી ગરવા તીર્થ સમા તેજાનંદ સ્વામીની સમાધિ ઝિલકેશ્વર તીર્થનું ગૌરવ છે. આ સંત ઈ.સ. ૧૪મી સદીમાં થઈ ગયા હોવાનું મનાય છે. તેજાનંદ સ્વામી એમના પુણ્ય પ્રતાપે સ્વયં ગંગાજીને ઝિલકા કુંડમાં લાવ્યાની વાયકા છે.



**સાયલા : (ભગતનું ગામ)**

સિધ્ધરાજ જયસિંહે વિશાળ અને સુંદર માનસરોવરના કાંઠે બાંધેલું સાયલા ગામ (ભગતનું ગામ) લાલજી મહારાજની જગ્યા માટે પ્રખ્યાત છે. અહીં આવેલું રામચંદ્રજીનું મંદિર ૧૫૦ વર્ષ પુરાણું છે. આ ઉપરાંચ રાજસોભાગ આશ્રમ તેમજ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ - ભારતનું મથક પણ આવેલ છે.



**ધાંધલપુર**

ચોટીલાની પૂર્વે ૧૬ કિ.મી.ના અંતરે આવેલું ધાંધલપુર ગામ બે વાતે વિખ્યાત છે. અણહીલવાડ પાટણના કરણદેવ સોલંકીના વિખ્યાત રાણી મિનળદેવી એકવાર ધોળતા જતા અહીં રોકાયાં હતાં.

અહીંના એક સિધ્ધ સંતના દર્શને તે ગયા હતા અને એમના આશીર્વાદથી તેમને થયેલો પુત્ર સિધ્ધરાજ. સિધ્ધરાજ ગુજરાતનો રાજવી બન્યો ત્યારે તેમણે ધાંધલપુરનો કિલ્લો અને અડાળાનું તળાવ અહીં તેના જન્મની યાદમાં બનાવેલા.

બીજી વાત ધુંધલીનાથ સંતની છે. તેમની ૧૨ ફૂટ ઊંચી વિશાળ પ્રતિમા અને સુંદર સ્થાપત્યવાળી મીનળ વાવ ધાંધલપુરની શોભા બની રહી છે. ભાદરવા સુદ ૭ના રોજ અહીં વિશાળ જનસંખ્યા મેળામાં ઉમટી પડે છે. દંતકથા છે કે સંત ધુધલીનાથ સિધ્ધપુર પાટણના હતા. તેમના શાપ - પટ્ટણ સો દટ્ટણના કારણે આજે પાટણનો ઈતિહાસ શોધવો મુશ્કેલ બની રહ્યો છે.

**સેજકપર :**

સાયલાથી ૧૮ કિ.મી. દૂર આવેલ સેજકપર પ્રાચીન ગામ છે. અહીં પ્રાચીન સ્થાપત્યકલાનું બેનમૂન નવલખા શિવમંદિર આવેલ છે. સરકારે આ મંદિરને રક્ષિત જાહેર કરેલ છે.

## અનન્યા અનુભવ : જૈન તીર્થ ડોળિયા

સાયલાથી ચોટીલાના રસ્તે હાઈવે ઉપર જ આવ્યું છે ડોળિયા. ધોરીમાર્ગને અડીને આવેલું ભવ્ય જિનાલય એના દર્શન માત્રથી આપણને ત્યાં જવા પ્રેરણા આપે છે.

પ્રથમ મજલે બિરાજમાન પાર્શ્વનાથ ભગવાનની સુંદર પંચધાતુની બનેલી પ્રતિમા સાત ફૂટ ઉંચી અને ૨૨૦૦ કિલો વજનની છે. આ ભવ્ય પ્રતિમાના દર્શન માત્રથી માનવ મનને અપાર શાંતિનો અનુભવ કરાવે છે. સુંદર કલાત્મક કોતરણથી શોભતા આ ભવ્ય જિનાલયના મુખ્ય મંદિરમાં ૫૧ ઈંચની ભગવાન નેમીનાથની તથા ૩૫ ઈંચની ભગવાન પાર્શ્વનાથ અને શાંતિનાથની મોહન મૂર્તિઓ સ્થાપિત કરાઈ છે. જિનાલયની શાંતિ અને પાવન મૂર્તિઓનું સાનિધ્ય અહીં આવતા તમામ કોમના શ્રધ્ધાળુઓ માટે વરદાન સાબિત થાય તેવું છે.

ભક્તિ આરાધના માટે રોકાવા ઈચ્છા મુમુક્ષુઓ માટે સુંદર ૭૬ આવાસો તથા સેવા પૂજાની સવલતો અને ૨ વિશાળ ભોજનલય આ સમગ્ર સંકુલને યાદગાર બનાવી દે છે.


સાયલાથી આગળના રાજમાર્ગે ચોટીલા તરફ આગળ વધતા પ્રવાસીઓ એકવાર આ તીર્થના દર્શને જાય તો ભવ્ય જિનાલય ધરાવતા તીર્થની મુલાકાત એમના માટે જીવનભરનું સંભારણું અચુક બની રહેશે.

### ગેથળા હનુમાનજી મંદિર

લખતર - અમદાવાદ રોડ ગેથળા હનુમાનજીનું મંદિર આવેલું છે. એક વાયકા મુજબ ગેથળા હનુમાનજી મંદિરમાં આવેલ મૂર્તિનું સ્થાપત્ય છત્રપતિ શિવાજી મહારાજના ગુરૂ સમર્થ રામદાસજીએ કર્યું છે. સામાન્ય રીતે મંદિરોમાં સ્થાપન કરાતી મૂર્તિઓ પથ્થરમાંથી બનાવવામાં આવતી હોય છે. પરંતુ રામદાસજીએ આ મૂર્તિ તેમના હસ્તે ગોબરમાંથી બનાવી હોવાનું મનાય છે.



### નારીચાણા હનુમાનજી મંદિર



ધ્રાંગધ્રા તાલુકાના નારીચાણા ગામે આવેલ આ મંદિરમાં બિરાજમાન હનુમાનજીની મૂર્તિ અંદાજીત ૪૦૦ વર્ષ જૂની હોવાનું લોકો માને છે. એક વાયકા પ્રમઆણે અહીં પહેલા ચારણોના નેસ હતા. તે સમયે ચારણની દિકરીને ખેતર ખેડતા સમયે હનુમાન દાદા પ્રગટ થયા. તેમનું પ્રાગટ્ય ભાદરવા સુદ બીજના દિવસે થયું હોવાથી વર્ષોથી આ સ્થળે ભાદરવા સુદ બીજનો મેળો ભરાય છે. હનુમાનજી દાદાના પ્રાગટ્ય બાદ અંદાજીત ૧૫૦ વર્ષ પહેલા આ જગ્યાએ સુંદર મંદિરનું નિર્માણ થયું. મંદિરના નિર્માણ બાદ ધીરે-ધીરે અહીં લોકોનો વસવાટ થતાં અહીં નારીચાણા ગામ વસ્યું છે.



### ધ્રાંગધ્રા : એકદંતા ગણપતિ

ફલ્કુ નદીના કાંઠે વસેલું ધ્રાંગધ્રા શહેર મૂળ ધ્રાંગધ્રા રાજવીનું ગામ. ગામને ફરતો કુલ ચાર દરવાજા ધરાવતો કિલ્લો છે. રાજવીનો મહેલ સુરજ મહેલ, ગેસ્ટ હાઉસ તરીકે ઓળખાતું મયુર ભવન તથા હાલ સરકારી કચેરીઓ ધરાવતું બિલ્ડીંગ, માન મહેલાત વિગેરે ભવ્ય ઈમારતો તેમજ જોગાસર અને માનસર તળાવ સુંદર વિકસિત અને દર્શનીય છે. સોડાએશની ફેકટરી - ધ્રાંગધ્રા કેમિકલ્સ વર્કસ, પથ્થરમાંથી કલાત્મક કૃતિઓ કંડારતા સોમપુરાઅહીંની શાન છે. સમગ્ર દેશમાં આવેલ એકદંતા ગણપતિનાં બે મંદિરો પૈકી એક ધ્રાંગધ્રા શહેરમાં આવેલું છે. જોગાસર તળાવના કાંઠે આપેલ આ સ્થળ લોકોની આસ્થા સાથે જોડાયેલું છે. જેના કારણે અહીં અનેક યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે.

### દૂધઈ : વડવાળા મંદિર

મૂળી તાલુકામાં આવેલ દૂધઈ વડવાળા મંદિર માટે પ્રખ્યાત છે. તેની સ્થાપના શ્રી મેઘીદાસજી મહારાજે ૨૫૦ વર્ષ પહેલાં કરી હતી. રબારી લોકોનું આ યાત્રાધામ છે.

ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય એવી આ પશુપાલક - ગોપાલક જાતિ આ મંદિરને પોતાની શ્રધ્ધાનું આગવું સ્થાનક માન એના દર્શને ઉમટી પડે છે.



## મુળીમાં માંડવરાય દાદાનું પૌરાણિકલ મંદિર



**ઉગમણીનાં અધિપતિ, દેવળ ઉગમણે દ્વાર,**
**અમુલખ મુળી આથથી માંડવરા દરબાર.**
**તું ઉગ્યે અધ આથમે કિરણ પ્રત્યક્ષ ઈશ**
**અચળ મુળી પરમારનાં ધણી માંડવરાધીશ.**

પરમારો થરપારકર - કચ્છમાં થઈ સૌરાષ્ટ્રમાં સંવત ૧૨૧૫માં આવ્યાનું મનાય છે. આ વાતને પુષ્ટિ આપ તો એક દુહો છે જેમાં લખ્યું છે ''સંવત બાર પનરોતરે સોઢે કિયો સંગ્રામ.'' પરમારકુળ લખધીરજીને ઈષ્ટિદેવના દર્શન કરવાનાં નિમ હતા એટલે તેઓએ પોતાના ઈષ્ટ દેવ આદિત્ય નારાયણ ''માંડવરાવજી''ને પણ સાથે લીધાં હતાં અને આમ ઈષ્ટ દેવના આધારે અને વિશ્વાસે નીકળેલા પરમારો વિશાળ પટવાળી ભોગવતી (ભોગવો) નદીનાં કાઠે આવ્યા હતા. જેમ ધરતીને 'રોકાઈ જાવ' તેમ આગ્રહ કર્યો હોય તેમ નવરાજી અને કુદરતી પ્રકૃતિ તેમજ આજુબાજુ કોઈ રંજાડ નરી એવી એવી ભૂમિ લાગતાં ત્યાં જ રોકાઈ જવા વિચાર્યું. નદીની મધ્યમાં જ રેતીનાં ઢગલામાં રથનું પૈડુ ખુચી ગયું. અથાગ મહેનત કરવા છતાં જેમાં ઈષ્ટદેવશ્રી માંડવરાવજીને પધરાવ્યાં છે તે રથ બહાર નીકળી શકતો ન હતો. ત્યારે પરમારોના આગેવાન ઠાકોર શ્રી લખધીરજીએ ભગવાન માંડવરાયજીને વિનંતી કરી કે પ્રભુ દાય કરી બહાર પધારો તો સામા કાંઠે ઉતારોકરી આપને ત્યાં પધરાવશું અને અમારો નિવાસ અહી કરીશું. અને મંદિર બંધાવી આપની સ્થાપના કરીશું. વિનંતી ભગવાને માન્ય રાખી હોય તેમ રથ નદીની રેતીમાં થઈ બહાર આવ્યો અને લખધીરજીએ ત્યાં જ વસવાટ કરવાનો નિર્ણય કર્યો અને આમ ભોગાવાના કાંઠે પરમારોએ પડાવ નાખ્યો.

આ સમયે તેઓ સાથે અન્ય જાતિના લોકો પણ હતા જેમાં પટેલ શાખાનાં વણીકનો પણ સમુહ હતો. બારોટના ચોપડા પરથી તે પટેલ વણીક સમુહના આગેવાન મુખીનું નામ વીકમથી પટેલ હતું. આમ ભગવાન માંડવરાયજીને પરમારો તથા પટેલ વણીક સમુહે પોતાનાં ઈષ્ટદેવ તરીકે સ્વીકાર્યા અને આજ દિનપરિયંત શ્રધ્ધા પૂર્વક પોતાના ઈષ્ટદેવ માનતા આવ્યા છે અને નિવેદ - પૂજન સમર્પિત કરતાં આવે છે.

સંવત ૧૨૧૫ વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) શનિવારના દિવસે જીવદય અને આશરા ધરમને નિભાવવા માટે માતૃશ્રી જોમબાઈમાની આશાથી પરમાર કુળ ભૂષણ મુજાજી પરમારે તેતરના શિકારને શીકારીઓનાં હાથમાં નરી સોંપવા અને તેતરને (જીવતો પક્ષી) ને બચાવવા ખાતર ચભાડશાખાનાં રાજપૂતો સાથે યુધ્ધ કર્યું. અને એ યુધ્ધનો પ્રસંગ ઈતિહાસના પાને 'એક તેતરના કારણે' નાં ઉજવણી ઈતિહાસની ગવાહી પુરે છે. આ યુધ્ધમાં પાંચસો ચભાડશાખાના રજપુતો કામ આવ્યા હતાં. પરમારોનાં સૈન્યનાં ૧૪૦ સૈનિકોએ પોતાના માથા આપ્યા હતાં. જેમાં ૪૫ પરમાર શૂરવીરો, ૨૦ ખેરસતીનાં સૈનિકો, ૧૨ ભાટી સરદારો, ૩ રત્નુશાખાનાં ગઢવી ચારણો, ૨૪ રાયકાઓ - ૧૬ લશ્કરનાં સિપાઈઓ - ૫ પટેલ શાખાના વણીકો, ૭ સુથાર ૮ વજીર એમ કુલ ૧૪૫ શુરવીરોએ માથાનાં દાન દીધાં હતાં. આ શૈન્યનાં સુમદાર મુખ્ય રતનજી પરમારના પુત્ર મુંજાજી પરમાર એક તેતરના કારણે યુધ્ધ કરી વીરગતીને પામ્યા હતાં.

**ઉમરડા :**

મૂળીથી દક્ષિણ - પશ્ચિમે ૧૧ કિ.મી. દૂર આવેલ ઉમરડા ગામની બીલ્વા ગંગા નદીના કાંઠે અંદાજે ૩૦૦ વર્ષ પૂર્વે સ્થાપના થઈ હતી. અહીં ત્રણ નદીઓના સંગમ ઉપર બીલેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. જે ૧૪૦ વર્ષ પુરાણું છે. મંદિર નજીક બીલીના વૃક્ષ ઘણાં મોટા પ્રમાણમાં થતાં હતાં આથી આ મંદિરનું નામ બીલેશ્વર મહાદેવ પાડવામાં આવ્યું હતું. અહી મહાશિવરાત્રી તથા શ્રાવણમાસના સોમવારે મેળો ભરાય છે.



**હળવદ :**

હળવદ એક પ્રાચીન શહેર છે અને તે સતિના પાળીયા માટે જાણિતું છે. અહીં આવેલા પોતાના પતિઓ પાછળ મૃત્યુ પામેલ મહિલાઓના સ્મૃતિ ચિહ્નો ૧૫મી સદીના હોવાનું માનય છે.

**સતિમાની દેરી**


સતિમાની ડેરી


નકળંગ ધામ

**સ્વામિનારાયણ મંદિર - ચરાડવા**




**સુંદર ભવાની**

હળવદની દક્ષિણે ૧૬ કિ.મી. દૂર આવેલ સુંદરી ગામે કન્ડોલીયા બ્રાહ્મણોના કુળદેવી એવા સામુદ્રી માતાનું મંદિર આવેલ છે. એક વાયકા પ્રમાણે, સમુદ્રમાંથી માતાનો ઉદ્‌ગમ થયેલ હોઈ તે સામુદ્ર માતા તરીકે ઓળખાય છે. કહેવાય છે કે અહીં કનક-ઋષિએ તેનો આશ્રમ બાંધ્યો હતો. મંદિરના પ્રાંગણમાં રહેલી પાંચ પાંડવો તથા શ્રીકૃષ્ણની અતિ પ્રાચીન મૂર્તિઓ દર્શનીય છે.



**લીંબડી :**

વઢવાણથી દક્ષિણ - પૂર્વમાં ૨૩ કિ.મી. દૂર ભોગાવો નદીના કાંઠે વસેલું લીંમડી શહેર એ લીંબડી સ્ટેટનું પાટનગર હતું. જિલ્લાનું વેપાર ઉદ્યોગનું મોટું કેન્દ્ર એવા આ લીંબડી શહેરમાં ગાંધી સ્મૃતિ મંદિર, ટાવર બંગલો, જગદીશ આશ્રમ, ફુલનાથ મહાદેવ, મોટા મંદિર સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ, રામકૃષ્ણ મિશન, કબીર આશ્રમ વગેરે દર્શનીય સ્થળો આવેલાં છે.



વિવેકાનંદ સ્મૃતિ મંદિર

**મીરાના મોહનનું મંદિર**

લીંબડી તાલુકાના શિયાણી ગામે મીરાના મોહનનું મંદિર આવેલું છે. આ મંદિર સાથે જોડાયેલ એક ઐતિહાસિક કથા પ્રમાણે મીરાબાઈ તેમના મોહનની મૂર્તિ લઈને મેવાડથી દ્વારકા જતાં હતાં ત્યારે રસ્તામાં આવેલ આ શિયાણી ગામે તેઓ રોકાયા હતા અને બાળપણથી તેઓ જે મોહનની મૂર્તિ સાથે રાખતા હતા તે ગામને તેમણે આપી હતી. જે આ સ્થળે આજે પણ દર્શનાર્થે રાખવામાં આવી છે. આજે આ સ્થળ સુંદર મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.



**જૈન તીર્થ - શિયાણી**

વઢવાણથી ૧૪ કિ.મી. દૂર ૧૧૦૦ વર્ષ પ્રાચીન શિયાણી ગામ આવેલ છે. ૧૭મી સદીમાં લીંબટી સ્ટેટનું રાજધાનીનું ગામ હતું. આઈને-અકબરીમાં નોંધાયા મુજબ લીંબડી સ્ટેટના ત્રણ પરગણા પૈકીનું એક પરગણું શિયાણીમાં હતું.

ગુજરાતના જૈનોના બે મુખ્ય તીર્થ શત્રુંજ અને શંખેશ્વરની વચ્ચે શિયાણી ગામે આવેલ અંદાજીત ૨૦૦૦ વર્ષ જુના આ તીર્થ સંપ્રતી રાજાના સમયનું એક પ્રાચીન તીર્થ છે. આ તીર્થ સાથે શ્રી શાંતિનાથ ભગવાન તથા તેના પ્રાસાદ સાતે ચમત્કારોની અનેક કથાઓ અને કિવદંતીઓ જોડાયેલી છે.



**રાજ રાજેશ્વરીધામ (ત્રિ-મંદિર)**

રાજ રાજેશ્વરી ધામ ખેત બ્રહ્મા, વિષ્ણું અને મહેશની સુંદર મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે. રાજશ્રી મુનિના માર્ગદર્શન નીચે તૈયાર થયેલ આ ધામમાં ત્રિમૂર્તિ મંદિર સહિત યોગા માટેના ખંડસહિત અનેકવિધ વિભાગો જોવાલાયક છે.



**રંગપુર :**

લીંબડીથી ઉત્તર-પૂર્વમાં ૨૯ કિ.મી. દૂર આવેલું રંગપુરગામ પઢાર જાતિના લોકો દ્વારા બંધાવાયેલ હિંગળાજ માતાના મંદિર માટે જાણીત છે. ૧૯૫૩-૫૬ દરમિયાન હાથ ધરાયેલ ઉત્ખલનમાં હડપ્પન અને હડપ્પન સંસ્કૃતિ બાદના અવશેષો મળ્યા હતા.




**શ્રી ચરમાળીયાદાદા મંદિર, ચોકડી**

**આનંદ આશ્રમ, મોજીદડ**



## આગવી ઓળખ અને વિશેષતાઓ

### ઢાંકી પમ્પીંગ સ્ટેશન, લખતર





ઢાંકી પમ્પીંગ સ્ટેશન સુરેન્દ્રનગરથી ૩૫ કિમી અને લખતરથી ૧૧ કિ.મી.ના અંતરે આવેલું છે. આ એશિયાનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન છે. આ પમ્પીંગ સ્ટેશન સને ૨૦૦૫ થી કાર્યરત છે. જેનું વિધિવત ઉદ્‌ઘાટન સને ૨૦૦૭ના માર્ચ માસમાં કરવામાં આવેલું હતું. આ પમ્મીંગ સ્ટેશન પર કુલ ૧૬ પંપ મુકવામાં આવેલા છે. જેમાં ૧૦ પંપ કમ્યુનેટીવ વર્ટીકલ (C.V.) પંપ છે. આ પંપની દરેક મોટર ૪૫૦૦ H.P. ની છે. દરેક પંપની પાણી વહન કરવાની ક્ષમતા ૨૦ હજાર લીટર પ્રતિ સેકન્ડની છે. જ્યારે બીજા ૬ પંપ વર્ટીકલ ટર્બાઈન (V.T.) પંપ છે. જેની દરેક મોટર ૧૩૬૯ H.P. ની છે. દરેક પંપની પાણી વહન કરવાની ક્ષમતા ૫૦૦૦ લીટર પ્રતિ સેકન્ડની છે.

આ પમ્પીંગ સ્ટેશન પરના બધાં જ પમ્મ કાર્યરત હોય ત્યારે ૨,૩૦,૦૦૦ લીટર પ્રતિ સેકન્ડ પાણી વહન કરી શકે છે. આ પંપ ૧૧૦૦૦ કિલોવોટ પર વર્ક કરે છે. આ સમગ્ર પમ્પીંગ સ્ટેશન કોમ્પ્યુટર દ્વારા સંચાલિત છે. આ પમ્પીંગ સ્ટેશન પરના પંપ ચાલુ હોય ત્યારે દર માસે ૪.૫ થી ૫ કરોડ રૂપિયા જેટલું વીજબીલ આવી શકે છે.

આ પમ્પીંગ સ્ટેશન નર્મદા કેનાલ પર ગોઠવવામાં આવેલ છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી છોડવામાં આવેલ પાણી કુદરતી ઢાળ મુજબ ઢાંકી સુધી વગર ખર્ચે કેનાલમાં પહોંચે છે. અહીંથી પાણી ધોળીધજા ડેમ, સુરેન્દ્રનગર સુધી પહોંચાડવા માટે પાણી ૬૬.૪૩ મીટર જેટલું ઉંચાઈ પર લઈ જવું પડે છે. જેના માટે ઢાંકીથી શરૂ કરી ધોળીધજા ડેમ સુધીમાં પાંચ પમ્પીંગ સ્ટેશન બનાવેલ છે. પ્રથમ પમ્પીંગ સ્ટેશન ઢાંસકી, બીજુ લખતર, ત્રીજુ બાળા, ચોથું રાજપર અને છેલ્લું પમ્પીંગ સ્ટેશન દૂધરેજ - ખમીસણ નજીક આવેલું છે અને ત્યાંથી કેનાલ દ્વારા પાણી ધોળી ધજા ડેમમાં પહોંચે છે.

આ યોજના દ્વારા સુરેન્દ્રનગર વઢવાણ જોરાવરનગર અને આસપાસના ૬૧ ગામોને પીવા તેમજ સિંચાઈ માટે નર્મદાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, Wadhawan અને Joravarnagar અને નવ તાલુકાઓ ૬૧ ગામોની ૫.૭૩ લાખ લોકો તરત Dhanki નજીક સૌરાષ્ટ્ર શાખા નહેર પાસેથી નર્મદા નહેર પાણી ઉત્થાન અને Dholidhaja ડેમ માટે પુરવઠો સુવિધા હતું તે પાંચ નવી પંમ્પીંગ સ્ટેશન સાંકળ દ્વારા ફાયદો થશે.

ભૌગોલિક Dholidhaja ડેમ નર્મદા જળ ઉપલબ્ધ છે. જ્યાં સૌરાષ્ટ્ર શાખા નર્મદા નહેર માતાનો Lilapur - Dhanki સ્ટેશન. ૧ પંમ્પિંગ તુલના ૬૬.૪૩ મીટર ઊંચા સ્થળ પર સ્થિત છે. આ બધા રવિવાર ઉદ્ઘાટન કરવા માટે સુયોજિત થયેલ છે. જે તેમના તાજેતરની પ્રોજેક્ટ ગુજરાત સરકાર, અમ.ઉચ્ચ ૬૬.૪૩ મીટર પાણી પંપ થી ૫૯ કિ.મી. ૧૦૪,૪૬ કિમી વિસ્તાર વચ્ચે પાંચ મોટી પંમ્પીંગ સ્ટેશન આવેલું છે.


પાંચ પંમ્પીંગ સ્ટેશન, પ્રથમ એક Lilapur - Dhanki પંપીગ સ્ટેશન પાણી, ૧૦,૮૦૬ મીટર ઊંચી હટાવીશું. Lakhtar નજીક બીજા પંપીગ સ્ટેશન પાણી ૧૫.૭૧ મીટર ઊંચી પંપ આવશે. બાલા પંપીગ સ્ટેશન ઉચ્ચ પાણી ૧૫,૦૪૭ મીટર હટાવીશું. Rajpar ખાતે પમ્પીંગ સ્ટેશન અન્ય એક મીટર ઊંચા ૧૯,૦૪૭ મીટર પાણી ઉત્થાન આવશે. આમ મળીને તેઓ Dholidhaja ડેમ છે. જે અંત મુકામ પર ૬૬.૪૩ મીટર ઊંચી તરીકે પાણી પંપ આવશે.

Nayka ડેમ રૂા. ૨.૬૧ કરોડ નવા પાઈપ લાઈન દ્વારા Dholidhaja ડેમ સાથે જોડાયેલું છે. Dholidhaja ડેમમાં નર્મદા જળ Nayka જૂથ પાણી પૂરવઠા યોજના હેઠળ Wadhawan અને Muli તાલુકાઓના ૧૮ ગામોને પાણી પૂરા પાડે છે. આ ઉપરાંત, પાણી Thangadh નગર અને Sayla તાલુકાના ૨૨ ગામોમાં પૂરી પાડવામાં આવશે. નર્મદા માતાનો પાઈપ લાઈન લોભ દ્વારા, કે જે સુરેન્દ્રનગરજિલ્લામાં સંપૂર્ણપણે અને કાયમી દૂર થઈ શકે છે. Salya, Muli અને ચોટિલા તાલુકાઓ, પીવાના પાણીની સમસ્યા ૨૨૪ ગામો કનેક્ટ કરી શકે છે. કુલ ૧૮૦૦ કિ.મી. પાઈલ લાઈટ કામો ૪૨૪ ગામોમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે રૂા. ૨૫૦ કરોડ ખર્ચે ગુજરાત છેલ્લા ત્રણ વર્ષોમાં પણ કરવામાં આવી છે. નર્મદા માતાનો સૌરાષ્ટ્ર મુખ્ય નહેર હાલમાં લગભગ વર્ષ ૨૦૧૨માં પૂર્ણ થશે કે ચાલી રૂપિયા ૧૩૦૪ કરોડ પ્રોજેક્ટ હેઠળ ૧૬૬૬ ગામે અનો સૌરાષ્ટ્રના ૧૭ શહેરો માટે પીવાના પાણી પૂરી પાડે છે.

સરદાર સરોવાર નર્મદા નિગરના એન્જિનિયરો અને અધિકારીઓ રવિવારના રોજ મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સમર્પિત કરી સુનિશ્ચિત થયેલ છે કે જે આ પ્રોજેક્ટ સફળતા માટે ઘડિયાળ રાઉન્ડમાં કામ કરે છે.

પંમ્પીંગ દ્વારા પાણી ઉઠાંતરી ભારે વીજ વપરાશ જોવા ખૂબ જ ખર્ચાળ છે. તેમ છતાં, આ પ્રોજેક્ટ ગરીબ ચોમાસા અને જિલ્લામાં ડેમ ૨૦ ટકા પ્રાણી સંગ્રહ કરતાં ઓછા નગણ્ય કારણે આ વિસ્તારના લોકો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

## પ્રાકૃતિક વન સૌંદર્ય : માંડવ વન, બાંડીયાબેલી



પાંચાળના પર્વતો વચ્ચે મનોરમ્ય પ્રકૃતિ અને અદ્‌ભુત વૈવિધ્ય ધરાવતી જીવસૃષ્ટિ તથા પર્યાવરણીય સૌંદર્યનો અનોખો સંગમ એટલે માંડવનો વન વિસ્તાર. ચોમાસાના આગમન સાથે જે એનાં વૃક્ષો અને ઝરણા તથા વિશાળ ઘાસ વિસ્તારો અને જીવસૃષ્ટિ જીવંત બની મહેંકી ઉઠે છે. આ વન ૧૭૪૫ હેકટર વિસ્તારમાં ફેલાયેલું છે.

આ વિસ્તાર પ્રસિદ્ધ તરણેતર પ્રવાસન રૂટ ઉપર થાનગઢ તા. ચોટીલાથી ૧૨ કિ.મી. અંતરે છે.

પાંચાળની રમ્ય ધરતી ઉપર પ્રકૃતિએ જેને હેતભરી શણગાર્યું છે. એવું માંડવ વન આપણને સાદ દઈ રહ્યું છે. પાંચાળ પ્રદેશના પર્વતાળ પરિવેષથી સાવ ભિન્ન એવું આ વનસૌંદર્ય કુદરતના નિર્મળ સ્વરૂપને પ્રગટ કરે છે.


આ ગીચ વન પ્રદેશને વચમાં ભગવાન શિવ અને વાસુકી તથા બાંડૂકા નામે રહેલા નાગબંધુઓની સ્મૃતિ કરાવતું મંદીર સંકૂલ શ્રધ્ધાતી મનને છલકાવી દે છે. ઈશ્વરનો વાસ કેવી જગ્યાએ હોય તે જગ્યા આપણે સમજાવે છે. અહીંનું શાંત અને પવિત્ર વાતાવરણ આપણને અહીથી ક્યાંય જવા નથી દેતું.

માંડવ વનના મુખ્ય વૃક્ષોમાં ગોરડ, હરમો, ગુગળ, ટીમરૂ સાદડ, ધાવડો, જાંબુ, રાયણ, ખાટી આમલી, પીલું, આસીત્રો, વિકળો, ગંગેટી, ચણીબોર જેવા અનેક ઔષધિય ઉપયોગીતા ધરાવતા નાના-મોટા ઘણી જાતના વૃક્ષોનો સમાવેશ થાય છે. સાથે -સાથે શણિયાર, રાતક, ઝીંઝવો, લાપડું જાતનું ઘાસ પણ અહીં મોટા પ્રમાણમાં જોવા મળે છે.


આ વિસ્તારમાં વિવિધ જાતના પ્રાણીઓ જેવાં કે નીલગાય, નાર (વરૂ) ઝરખ, શિયાળ, ચંદન ઘો, બે જાતના શેળા, શેઢાળી વિગેરે જોવા મળે છે. દીપડો પણ ક્યારેક અહીં દશ્યમાન થાય છે. પક્ષીઓમાં મોર, તેતર, કુંજ, સારસ, સમડી, બાજ, ગીધ જેવા ૬૦ જાતના પક્ષીઓ ઉપરાંત ૧૧૦ જાતના યાયાવર પક્ષીઓ ઓગસ્ટથી જાન્યુઆરી દરમિયાન જોવા મળે છે. સુરખાબ, પેલીકન (ગ્રે /ક્ષઉ) ડુબકી, જલમરઘી તેમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઝેરી તેમજ બિનઝેરી પ્રકારના સર્પોની અનેક જાતો પણ માંડવમાં જોવા મળે છે. વિવિધ જાતના કરોળિયાઓ ઉપરાંત જમીનમાં દર કરી રહેતા કરોળીયા પણ ખાસ આ વનમાં જોવા મળે છે.

પતંગીયાની અનેક જાતોમાં રાણી કલરનાં, વાદળી આંખનાં, લાલ વાણીયો અને પારદર્શકો વાણીયા મુખ્ય છે. જે એપ્રિલ માસની ગરમીમાં વિશેષ જોવા મળે છે. ચોમાસા દરમિયાન અનેક જાતના કીટક પણ દષ્ટિગોચર થાય છે, જેમાં સફેદ ટપકાવાળા કાળા અને કેસરી ઢાલીયા મુખ્ય છે. આ વન વિસ્તારમાં કેટલીક ટેકરીઓ ઉપર સમુદ્ર રેતી, છીપલા, પાથીકાના ઘર જોવા મળે છે અને કુદરતી રીતે ચોરસ આકારમાં કપાયેલા મોટા મોટા પથ્થર કુદરતી બેનમુન ગોઠવણી જેવા જણાય છે.

આ વિસ્તારમાં ચોમાસા અને શિયાળા દરમિયાન ખાસ જોવાલાયક છે. ખાસ કરીને રળિયામણા નયનરમ્ય દિસે છે.



## શ્રી સ્વામિ વિવેકાનંદ સ્મૃતિ મંદિર :



કાઠીયાવાડમાં શાળાના બાળકો એવા કોઈ ઊંધા-ચત્તા ઉખાણાં એકબીજાને પૂછીને સ્લેટમાં લખતો, ''લીમડી ગામે ગાડી મલી'' એને ઊંધેખી વાંચતા. આજ વાક્ય આવશે એવું બોલતા. આમી લીંબડી ગાનું ઊધું-ચત્તું વાક્ય બાળપણથી જ લીંબડી વાસીઓમાં લાંબા સમય સુધી યાદગાર રહ્યું. લીંબડીના ઠાકોરસાહેબના યુગમાં આ શહેરની જાહોજલાલી હતી. અત્યારે લીંબડી જાણે 'રામભરોસે' ચાલે છે. લીંબડીએ ઘણી 'કડવી મીઠી' જોઈ છે. ૧૮૭૮-૭૯ના વર્ષમાં લીંબડીના ભોગાવો નદીમાં મોટું પૂર આવ્યું હતું. જેના પરિણામે લીંબડી - વઢવાણના રસ્તાઓ પર ધોવાણ થતાં સંખ્યાબંધ ઠેર ઠેર ખાડા ટેકરા બની ગયા હતા. પરિણામે આજે લીંબડીની અસલ ગામની શેરઓના આવા બેહાલ રસ્તાઓથી વાહનોને મુશ્કેલીમાં મૂકી દે છે. સમસ્ત લીંબડી, માત્ર ત્યાં રહેલા ઐતિહાસિક એવા માત્ર ટાવર બંગલાથી ઓળખાય છે. દૂર દૂરથી ચોટીલા પર્વત જેવો આ ટાવર દેખાતા લોકો બોલી ઊઠી : લ્યો, લીંબડી આવી ગયું. પહેલા અહિં દરબારગઢ હતો. બાજુમાં રાણીવાસ હતો. સામે કમ્પાઉન્ડમાં જ કોર્ટ બેસતી હતી. પરંતુ એક દિવસ રાણીવાસમાં ઉપલા મજલામાં આગ લાગતો એ સ્થળ ભસ્મીભૂત થઈ ગયું. આજે આ કોટનું મકાન અને રામીવાસનો નીચલો ભાગ ખંડિયરે હાલતમાં જર્જરિત છે. જ્યાં લુખ્ખાઓ બપોરે આરામ કરવા આવતા હોય છે. બાકીની વિશાળ જગ્યાએ અહિં જ ઠાકોર સાહેબે ૧૮૮૧માં ટાવર બંગલાનું ખાતમૂહૂર્ત કર્યું. જેને બંધાતા પાંચ વર્ષ લાગ્યા હતા. એન્જિનીયર રોબર્ટ બેલ બૂથની દેખરેખ હેઠળ એ જમાનામાં રૂા. પાંચ લાખના ખર્ચે તૈયાર થયા હતાં. ખાસ ઇંગ્લેન્ડથી મંગાવેલું કિંમતી અને કલાત્મક ફર્નિચર ગોઠવવામાં આવ્યું હતું. વિશાળ દિવાલો શણગારવાનું કામ ચિત્રકાર વાન ગોગને સોંપાયું હતું. તેની બારીઓમાં યુરોપીયન રંગીન કાચનો ઉપયોગ થયો હતો. તેના ઉપરના ટાવરમાં ચારે દિશામાં મોટી ઘડિયાળો એક માણસ જેટલી હાઈટની દર કલાકે ડંકો વગાડતી હતી. ૧૮૮૬ ડિસેમ્બરમાં મુંબઈના ગવર્નર લોર્ડ રેનો સન્માન સમારંભ આ ટાવર બંગલામાં યોજાયો હતો. ૧૮૯૧ના અંતમા રામકૃષ્ણ મિશનના સ્થાપક સ્વામી વિવેકાનંદ અમદાવાદથી વઢવાણ થઈને ગાડા રસ્તે ચાલતાં ચાલતાં લીંબડી આવ્યા હતાં. લીંબડીમાં એક શિવ મંદિરની બાજુમાં એક મકાનમાં જાણે-અજાણ્યે ઉતરી ગયા.હકીકતમાં આ મકાન વાન માર્ગીઓનો અખાડો હતો. બાવાઓ પણ ચબરાક હતા. એમણે સ્વામી વિવેકાનંદને ફસાવી દીધા. એમણે સ્વામીજીને ઓરડીની બહારથી સાંકળ ચઢાવી બંદીવાન બનાવ્યું. ત્યાંના સાધુઓએ વિવેકાનંદને કેદ કરી બ્રહ્મચર્યથી સ્ખલિત કરવાનું કાવતરૂ કર્યું. પરંતુ વિવેકાનંદે ચાલાકી વાપરીને દૂધ આપવા આવતા ભગવાના છોકરા મારફત માટીના ઠીકરા ઉપર કોલાસાથી 'સાધુ ભયમેં હૈ' લખી લીંબડીના ઠાકોરસાહેબને આ સંદેશો મોકલી આપતાં જશવંત સિંહજીએ સ્વામીજીને મુક્ત કરાવ્યા અને ટાવર બંગલાના દરબાર હોલમાં ઉતારો આપ્યો. રાજાના વખતમાં અહિં ઘોડાઓનો તબેલો તથા હાથીઓ માટે હાથીખાનું હતું. મોરબીના બજાર જેવું એક છાલિયા બજાર બંધાવ્યું એ જશવંતસિંહજીના દત્તક કુંવરે ગાદીએ બેઠા પછી આ બજારના મકાનો કોતરણીવાળા બનાવ્યા પણ આજની તારીખે આ બજારની દુકાનો આગળ લારી ગલ્લાઓ અને અન્ય દુકાનો કરોળીયાના જાળાંની જેમ વિટળાઈ ગઈ હોવાથી આજે આ બજારનું નામનિશાન રહ્યું નથી. લીંબડીના મહારાજાએ વિવેકાનંદની પ્રિય સંસ્થા રામકૃષ્ણ મિશનને આ બંગલો કાયમ માટે સમર્પણ કરી દીધો.

## નળસરોવર પક્ષી અભ્યારણ્ય

ગામ : સુરેન્દ્રનગર જિલ્લો, અમદાવાદ - સુરેન્દ્રનગરના રસ્તે આણંદ પાસે ૩૫ કિ.મી.


વિસ્તાર : ૧૧૫ ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : યાયાવર પક્ષીઓ જેવાં કે વિવિધ પ્રકારનાં બગલાંઓ, સ્પુનબીલ, બાજ અને સ્થળાંતરી પક્ષીઓની અનેક જાતો

સુવિધા : પક્ષીનિરીક્ષણ માટે સરોવરમાં જવા નાની હોડીઓ, બાયનોક્યુલર પણ ભાડે મળી શકે છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી ફેબ્રુઆરી

રેલવે મથક : સાણંદ



આધુનિક ટેકનોલોજીના યુગમાં ગામડાઓનું શહેરીકરણ થઈ રહ્યું છે. મોટા મોટા શહેરો સિમેન્ટ ક્રોંકિંટના જંગલો બનતા જાય છે અને પ્રાકૃતિક સૌંદર્ય વિસરાતું જાય છે, માનવી પ્રકૃતિથી દૂર થતો જાય છે, આવા સતત પ્રવૃત્તિશીલ માનવી અને પ્રકૃતિનું સંતુલન જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં કુરદતી સંપત્તિ, વન્ય પ્રાણી અને પક્ષીઓને બચાવવા માટે અભયારણ્યો ઉભા કરવામાં આવ્યા છે. આ અભયારણ્યો પૈકી નળ સરોવર એ જુદા જુદા અનેક વિધ પક્ષીઓના વિહારધામ તરીકે જાણીતું છે. જેને બચાવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા તેને સને. ૧૯૬૯માં આરક્ષિત જાહેર કરવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાને જોડતા આ નળ સરોવરસમાં ૨૦૦ થી વધુ પ્રજાતિઓના પક્ષીઓ દેશ દેશાવરથી હજારોની સંખ્યામાં આવે છે. આશરે ૧૨૦.૮૨ ચો. કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલું છીછરા પાણીનું આ નળ સરોવર ભૌગોલિક વૈવિધ્ય ધરાવતું જળચર યાયાવર પક્ષીઓ માટેનું સુંદર વિહારધામ હોવાથી વન વિભાગ દ્વારા તેની જાળવણી માટે અનેક પગલાં ભરવામાં આવ્યા છે.

આ નળ સરોવરમાં ૩૫૦ જેટલા નાના-નાના ટાપુઓ આવેલા છે. જ્યાં મોટી સંખ્યામાં સ્થાનિક નિવાસી, સ્થાનિક પ્રવાસી તથા યાયાવર પક્ષીસી પક્ષીઓ જેવા કે સફેદ છાતીવાળો કલકલીયો, કાળી કાંકણસાર, દરિયાઈ ઘોમડી, નકરો, કુંજ,

લુહાર, ધોળી ડોક, ઢોંક, સફેદ ઢોંક, ટીલીયાળી બતક, લાલ ચાંચ ટીંટોડી, હંજ (સુરખાબ), શ્યામશીર ઘોમડો, વન પીળકીયો, નાની કાંકણશાળ, કાળાપેટે, વા બગલી, કંસારો, નકટો, નાનો પતરંગો, દૂધરાજ, નાની મુરઘાલી, ગજપાંઉ, નીલકંઠ, મોટો ગડેરો, ચમચો, પચનક, લટોરો, ગયણો, લાલચાંચ કારચિયા જેવા અનેક પક્ષીઓ જોવા મળે છે.

આ નળ સરોવર ખાતે સમયાંતરે વિવિધ જાતના પક્ષીઓની વસતી ગણતરીનું કાર્ય યોજાય છે. આ પક્ષી ગણતરી માટે વન વિભાગ દ્વારા ઘનિષ્ટ કામગીરી કરવામાં આવે છે, જે અંતર્ગત નળ સરોવર તથા તેમની આસપાસ આવેલા જળપ્લાવીત વિસ્તારોમાં પાણીનો સર્વે કરી અને તેને વિવિધ ઝોનમાં વિભાજીત કરવામાં આવે છે, જેથી કરીને જે તે ઝોનને સારી રીતે ઓળખી શકાય, આ પક્ષીઓની ગણતરી માટે સમગ્ર ગુજરાતમાંથી વિદ્વાનો, પક્ષી નિરીક્ષકો, તજજ્ઞો આવે છે. તેની સાથી વન વિભાગના અધિકારી / કર્મચારીઓ પણ આ કાર્યમાં જોડાય છે.

રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત આ નળ સરોવરમાં વર્ષ ૨૦૦૪માં પક્ષીઓની ગણતરી હાથ ધરવામાં આવી હતી, આ પક્ષી ગણતરી દરમિયાન ૧૧૫ પ્રજાતિઓના ૧,૯૧,૦૭૬ જેટલા પક્ષીઓ નોંધાયા હતા. એક અંદાજ મુજબ નળ સરોવરમાં જુદા જુદા સમયે ૨૫૦ થી વધુ પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળે છે.

ભારતમાં આવેલા ૨૦ જેટલા રાષ્ટ્રીય જળપ્લાવીત સ્થાનો પૈકીના એક એવા આ નળ સરોવરમાં પૂર્વ યુરોપ, મધ્ય એશિયા, પૂર્વ એશિયાના ઠંડા પ્રદેશોમાંથી ૩ હજારથી વધુ કિલોમીટરનું અંતર કાપીને આવતાં યાયાવર પ્રવાસી પક્ષીઓ તેના પ્રદેશોમાં શિયાળા દરમિયાન ખૂબ જ ઠંડી પડવાથી તેમના નિવાસ સ્થાન સમા પાણીના સરોવરો થીજી જવાથી અતિશય ઠંડીથી બતવા અને ખોરાકની શોધમાં આ નળ સરોવર ખાતે આવે છે. શિયાળા દરમિયાન સૌથી વધુ પ્રમાણમાં પક્ષીઓ જોવા મળે છે, આ પક્ષીઓની યોગ્ય કાળજી લેવાય અને લોકો પક્ષીઓનું નિરીક્ષણ કરી તે બાબતે જાગૃત બને તે માટે રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા ઘનષ્ટિ કામગીરી કરવામાં આવે છે.





## ઘુડખર અભ્યારણ્ય :

**પ્રસ્તાવના**

ઘુડખર અભયારણ્યનો મોટો વિસ્તાર કચ્છના નાના રણમાં આવેલો છે. તે અમદાવાદથી ૧૩૦ કિ.મી. તથા ધ્રાંગધ્રાથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલ છે. કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, રાજકોટ તથા સુરેન્દ્રનગર જિલ્લાઓમાં પથરાયેલું છે. આ અભયારણ્યનો વિસ્તાર ૪૯૫૩.૭ કિ.મી. જેટલો છે જે કચ્છનું નાનું રણ તથાતેની સાથે જોડાયેલા ખરાબા વિસ્તારનો બનેલો છે, આમાંથી ૩,૫૬૯ વર્ગ કિ.મી. નાનું રણ તથા ૧,૩૮૪ વર્ગ કિ.મી. રણનો કાંધી વિસ્તાર છે. સુરેન્દ્રનગર જિલ્લાના ટીકર, ધ્રાંગધ્રા, માલવણ, બજાણા, ખારાઘોડા, ઓડુ તથા ઝીંઝુવાડા, મહેસાણા જિલ્લાનું વિસનગર, બનાસકાંઠાનું સાંતલપુર તેમજ કચ્છ જિલ્લાનું રાપર, આડેસર તથા ગંગોદર વગેરે નાના રણની ફરતે આવેલા કેટલાક મહત્વનાં શહેરો છે. આ અભયારણ્યની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી ૧૯૭૩માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ ભયને આરે આવી પહોંચેલા સસ્તન વન્યપ્રાણી ઘુડખરનું રક્ષણ કરવાનો હતો. રણના કાંધી વિસ્તારમાં ગાંડા બાવળના ઝાંખરા, વિસ્તારની ધારે વિવિધ પ્રકારના છોડ તથા ઘાસનું આવરણ છે. દક્ષિણ તરફના કાંધી વિસ્તારમાં ઘુડખરની મહત્વની વસ્તી જોવા મળે છે.

ઘુડખરની બધી મળીને ત્રણ જાતીઓ અસ્તિત્વમાં છે, એમાંની એક આફ્રિકામાં તથા બે એશિયામાં જોવા મળે છે. ગઈ સદીમાં ભારતીય ઘુડસર કે જે ઈકવસહેમિયોનસની જાતિ છે તે પાકિસ્તાન તથા ઉત્તર પશ્ચિમ ભારતના સુકા વિસ્તારમાં ઘણા વિશાળ પ્રદેશમાં પથરાયેલી હતી. ઘુડખર રાજસ્થાનમાં જેસલમેર તથા બિકાનેર સુધી તથા પાકીસ્તાનમાં બલુચિસ્તાન સુધી અસ્તિત્વમાં હતાં. આજે ઘુડખરનું અસ્તિત્વ કચ્છના નાના રણ પુરતું સિમીત છે.

ઘુડતરની વસ્તી સમગ્ર અભયારણ્યમાં તથા મોટા રણમાં કેટલાક ભાગોમાં પથરાયેલી છે. સમાન્યતઃ આ પ્રાણીઓ ટોળામાં જોવા મળે છે, પરંતુ ક્યારેક તેઓ એકદ દોકલ ફરતા પણ જોવા મળે છે. ૧૯૭૬માં જ્યારે પ્રથમવાર ગણતરી હાથ ધરવામાં આવી ત્યારે એક પણ ઘુડખર અભયારણ્યની સરહદથી ૫ કિ.મી.ના પટ્ટામાં જોવા મળ્યું નહોતું પરંતુ હવે તેની વસ્તીમાં વધારો થયો હોવાથી આ પ્રાણીઓ અભયારણ્યથી દુર દુરના વિસ્તારોમાં વિચરતા મુલામ પડ્યા છે.

ગુજરાત રાજ્યનો વનવિસ્તાર ઓછો હોવા છતાં વન્યપ્રાણીસૃષ્ટિની બાબતમાં આ રાજય ઘણું જ સમૃદ્ધ છે. દેશ, ખંડ કે વિશ્વકક્ષાએ દુર્લભ અને નાશપ્રાયઃ ગણાતાં ઘણાં વન્યપ્રાણીઓ ગુજરાત રાજ્યમાં અસ્તિત્વ અને સંરક્ષણ ધરાવે છે. એશિયાટિક સિંહો, કેટલાક દરિયાઈ જીવો, સુરખાબ (ફલેમિંગો) અને ઘોરાડ (ગ્રેઈટ ઈંડિયન બસ્ટાર્ડ) જેવાં પક્ષીઓની સાથે જંગલી ગધેડાં એટલે કે ઘુડખર એવા વન્યજીવો છે. ઘુડખર સમગ્ર વિશ્વમાં માત્ર કચ્છમાં જ જોવા મળે છે.

સ્થળ : સુરેન્દ્રનગર/કચ્છ જિલ્લો, સુરેન્દ્રનગથી ૬૫ કિ.મી. હળવદ તરફ કચ્છના નાના રણમાં.


વિસ્તાર : ૪૯૫૩ ચોરસ કિ.મી.

વન્યપ્રાણીસૃષ્ટિ : જંગલી ગધેડાં, દીપડા, કાળિયાર, વરુ, નીલગાય, શિયાળ, જંગલી ડુક્કર તથા પક્ષીઓ

સુવિધા : ધ્રાંગધ્રામાં સરકારી વિશ્રામગૃહો છે.

શ્રેષ્ઠ સમય : ફેબ્રુઆરીથી મે મહિનો

રેલવે મથક : હળવદ



### વિવિધ નામો

ઘુડખર કરોડવાળાં (વર્ટેબ્રેટા) ઉપસમુદાયના સસ્તન (મેમલિયા - મમલ્સ) વર્ગના શફગણનું પ્રાણી છે. ગુજરાતીમાં તેને ''જંગલી અને રાની ગધેડાં (ખર)'' અને ''ઘુડખર'' કહેવામાં આવે છે. જ્યારે હિન્દીમાં તેને ''ગોરખર'' અને અંગ્રેજીમાં ''એશિયાટિક વાઈલ્ડ ઍસ'' કહે છે. તેનું જીવશાસ્ત્રીય (લૅટિન) કે વૈજ્ઞાનિક નામ ''ઈકવસ હેમિઓનસ ખર (Equus hemionus khur)'' છે. ઘુડખરની બીજી એક ઉપજાતિ તિબેટ અને લડાખમાં મળી આવે છે. જેને અંગ્રેજીમાં ''તિબેટિયન વાઈલ્ડ ઍસ'' કહે છે. અને તેનું જીવશાસ્ત્રીય નામ ''ઈકવસ હેમઓનસ કિંગ (Equus hemionus king)'' છે. ઘુડખરની આફ્રિકાના રણવિસ્તારોમાં એક ત્રીજી ઉપજાતિ પણ મળી આવે છે. જેને ''સોમાલી વાઈલ્ડ ઍસ'' એવું અંગ્રેજી નામ મળેલું છે. આ ત્રણેય જાતિઓની રહેણીકરણી એટલે કે જીવનપદ્ધતિ લગભગ એકસરખી જ છે.

### ઘુડખર અને ખચ્ચરનો તફાવત

આપણે ત્યાં કેટલાક લોકો ખચ્ચર કહે / ગણે છે. કેમકતે, ઘુડખર પણ ખચ્ચરની જેમ ઘોડા અને ગધેડા બંનેનાં લક્ષણોની યાદ અપાવે છે. વળી તેના ગુજરાતી નામ ઘુડખરમાં પણ બંને પ્રાણીઓનો ઉલ્લેખ થયેલો છે. ઘુડ (ઘોડો) અને ખર (ગધેડો). પણ હકીકતમાં એવું નથી. ખચ્ચર અને ઘુડખરને કશો જ સંબંધ જ નથી. જીવનશાસ્ત્રીય - વૈજ્ઞાનિક રીતે જોઈએ તો ઘુડખર એક સ્વતંત્ર પ્રાણીજાતિ છે.

### નિવાસ અને ઓળખ

આપણે ત્યાં ઘુડખર ખાસ કરીને કચ્છના નાના રણમાં જોવા મળે છે. ઘુડખર માંસલ અને ખડતલ પ્રાણી છે. તેનો વજન ૭૦ થી ૯૦ કિલોગ્રામ જેટલો હોય છે અને તેની ઊંચાઈ પાંચેક ફૂટ (આશરે ૫૫ થી ૬૦ ઈંચ) હોય છે. તેના કાન મોટા અને લાંબા હોય છે. તેની પૂંછડી ઉપર ઘોડાના પૂંછડા ઉપર હોય છે તેવા વાળ નથી હોતા પણ પૂંછડીના છેડે થોડાક વાળનો ગુચ્છ હોય છે. ઘુડખરના શરીરનો ઉપરનો ભાગ પીળાશ પડતા રંગનો હોય છે. જ્યારે તેનાં જડબાં, મોં પાસેનો ભાગ તથા પેટ અને પગની અંદરના ભાગો સફેદ રંગના હોય છે. તેના હોઠ અને નાક કાળા રંગનાં હોય છે. ગધેડાં અને ઝીબ્રાના પગ ઉપર અંદરના ભાગમાં હોય છે તેવું એક ગોળ કાળુ ચાઠું / ધાબું ઘુડખરના પગ ઉપર પણ હોય છે. તેની પીઠ પર ખભાથી

લઈને છેક પૂંછડી સુધી એક લાંબો કાળા રંગનો પટ્ટો હોય છે. કેટલાક (ઓછી ઉંમરના) ઘુડખરોમાં આ પટ્ટો છીંકણી રંગનો હોય છે. ઘુડખરમાં નરમાદા બંને સરખાં રંગરૂપ ધરાવે છે.

## વિશેષતાઓ...

ઘુડખર ટોળામાં રહેવા ટેવાયેલું છે. તે હંમેશા ૨૫/૩૦ લઈને ૫૦/૬૦ ના ટોળામાં જ જોવા મળે છે. કાળિયારની જેમ ઘુડખરના ટોળામાં પણ નેતા-સરદાર (જે તે વિસ્તાર પર આધિપત્ય ધરાવતા નર ઘુડખર) ની આજ્ઞાઓને શિરોમાન્ય ગણે છે. વધુમાં નેતા ઘુડખર પોતાના વિસ્તારની તમામ માદાઓને પોતાની પત્નીઓ બનાવવાનો અબાધિત હક ધરાવે છે. અન્ય નરોને માદાઓની પાસે જવાની પણ છૂટ નથી હોતી. ખડતલ અને ઝડપી ગતિવાળું હોવા છતાં ઘુડખર સ્વભાવે શરમાળ અને અત્યંત ડરપોક પ્રાણી છે. શક જેવું લાગતાં કે માણસને જોતાંવેંત તે પવનવેગે ભાગી છૂટે છે. તે કલાકે ૬૦ થી ૭૦ કિલોમીટરની ઝડપે દોડી શકે છે. દોડતી વખતે ઘુડખર હરણોની જેમ વચ્ચે વચ્ચે છલાંગો પણ મારે છે. તેની શક્તિ અને ઝડપી ગતિ જોતાં તેને કેળવીને ઉપયોગામાં લેવામાં આવે તો તે માણસ માટે ખૂબ જ ફાયદાકારક બની રહે તેમ હોઈ પહેલાંના જમાના (સમય)માં તેને પકડવાના અને કેળવવાના પ્રયાસો ઘણી વખત થઈ ચૂક્યા છે. પણ તેમાં નિષ્ફળતાઓ જ મળી છે. તેને પકડવાનું કામ ભારે કઠિન છે. તેમ છતાં ભૂતકાળમાં ઘોડા કે ઊંટ ઉપર સવાર થઈ તેનો પીંછો પકડીને તેને ખૂબ દોડવવામાં આવતું. આખરે તે જ્યારે થાકીને જમીન પર ફસડાઈ પડ્યું ત્યારે તેને પકડી લેવામાં આવતું.

## ખોરાક

આશરે ૨૦ (એક અન્ય અંદાજ મુજબ ૫૦) વર્ષનું સરેરાશ આયુષ્ય ધરાવતું ઘુડખર સૂર્યોદય પહેલાં, મળસ્કે ચરવાનું પસંદ કરે છે. તે પોતાના ખોરાકમાં રણની ઊગતી વનસ્પતિ - ઘાસનો ઉપયોગક રે છે. ચોમાસા દરમિયાન રણમાં ઠેર ઠેર ઘાસ અને અન્ય લીલોતરી ઊગી નીકળે છે. જે ઘુડખરનો મનભાવન અને પૌષ્ટિક ખોરાક બને છે. લીલોતરી ઓછી થાય છે ત્યારે ઘુડખરનાં ટોળાં પોતાના વિસ્તારમાં આવેલ એક બેટથી બીજા બેટ પર ખોરાકની શોધમાં ફરતાં રહે છે. આવી રીતે ખોરાક શોધવા માટે ક્યારેય તેઓ માત્ર એક દિવસમાં ૧૦૦ થી ૧૫૦ કિલોમીટરનો લાંબો પ્રવાસ પણ ખેડી નાખે છે. તેઓ માટે ચોમાસા પછી, જ્યારે ક્યાંય ઘાસ બચતું નથી ત્યારે તેઓ રણમાં થતા ગાંડા બાવળ (કેટલીક જગ્યાએ તેને 'હડકાયો બાવળ'ના નામથી ઓળખવામાં આવે છે તે) ની કુંપળો અને શિંગો (પૈડિયા) નો પોતાના ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

## પ્રજનન...

ચોમાસા દરમિયાન રણમાં પાણી ભરાઈ જાય છે. આથી ઘુડખરનાં ટોળાં પોતપોતાનાં વિસ્તારમાં આવેલા નાનામોટા બેટમાંથી એકાદ સુરક્ષિત બેટ ઉપર જતાં રહે છે. ચોમાસું તેમની પ્રજનનઋતુ છે. પ્રજનનઋતુ એટલે સંવનન કરીને બચ્ચાં પેદા કરવાની અને તેમને ઉછેરવાની ઋતુ સમયગાળો. પ્રજનનઋતુની શરૂઆત થતાં જ પ્રત્યેક સજીવમાં નવચેતન પ્રગટે છે. કુદરત તેમને હોય તેનાથી સુંદર અને આકર્ષણ કરવા માટે તેમને અવનવા પોષાકો, શણગારથી સજાવે છે.

## ઝાલાવાડનો લોક કલા વૈભવ

ઝાલાવાડ પ્રદેશની ત્રણ શ્વેત વિશેષતાઓ છે. એક એના નાના રણમાં પાકતું મીઠું. બીજો એની ધરતીનો મોંઘેરો કપાસ - રૂ અને ત્રીજું તેના પશુપાલકો દ્વારા માનવોને મળતું શક્તિદાયક પીણું દૂધ. મીઠું, રૂ અને દુધ ત્રણેય શ્વેત અને આ ત્રણ વસ્તુઓ આ પ્રદેશની વિશેષતા.

ઝાલાવાડને ભલે લોકો કસ વગરનો કહે, પણ અમને એ વાત મંજૂર નથી. અમારો મલક તો રસાળ છે, હેતાળ છે. એના માનવોના હૈયાની મોટપ અમાપ છે. પ્રકૃતિની વિપરીત સ્થિતિઓ વચ્ચે પડકારમય જીવન જીવી ઉછરેલા અહિંના માનવે પોતાની આગવી કલા સંસ્કૃતિ વિકસાવી જગતનાં મન જીતી લીધાં છે.

પશુપાલકોની કન્યાઓ રૂપાળા આભલા પર ભરતથી કપડાને શણગારતી હોય, પશુપાલક જણ ઉન કે રૂને ઉભા મારગે ફરકડીના સથવારે કાંતતો હાલ્યો જતો હોય, એમના ગહેકતા ગળામાંથી ઉર્મિઓના મોરલા ગીત બની દિશાઓને ભરી દેતા હોય છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રવાસીને રસ પડે તેવી વાત કરીએ તો આ મલકના માનવીના જીવનમાંથી વ્યક્ત થતી આજીવિકાના સ્રોત સમાન છતાં જીવનના કલા - પ્રેમની અભિવ્યક્તિ જેવી પ્રવૃત્તિઓમાં વઢવાણનું ત્રાંબા-પિત્તળ અને બાંધણીનું કામ, સોમાસર ગામે પાટણના પટોળાની યાદ અપાવે તેવાં પટોળાનું વણાટકામ અને ધ્રાંગધ્રા પથ્થરને જીવંત કરતા સોમપુરા કલાકારોનું શિલ્પકામ મોખરે છે.

ધ્રાંગધ્રા અટલે ધ્રંગ-ધરા, પથ્થરોની ભૂમિ. અહીંના માનવે પથ્થરને પ્રેમ કર્યો છે. પથ્થરને સુંદર ટાંકણાના સથવારે તરાશી ઉમદા નકશીકામ દ્વારા એણે અવનવા મનભાવન આકારો આપી બોલતો કર્યો છે. માનવ પ્રેમ કરે તો પથ્થર પણ વાતો કરતો થાય એ સત્યને અહીંના સોમપુરાઓ અને એમની પાસેથી આ તાલીમ લઈ કામ કરતા અન્ય કોમોના માનવોએ સિધ્ધ કરી બતાવ્યું છે.

ધ્રાંગધ્રા અને એની આસપાસના વિસ્તારોમાં આ કલાકારોની કલાને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે એક અલાયદો સ્ટોન પાર્ક ઉભો કર્યો છે. ધ્રાંગધ્રા આવો ત્યારે આ કલાકારોને હથોડી અને ટાંકણાના સથવારે પથ્થરમાં જીવ રેડતા જોવાનો મોકો અવશ્ય લેજો.

મૂળીથી ચોટીલાના રસ્તે વસ્યું છે. ગામ સોમસર. વણકરોની ૧૦૦ ઘરની વસ્તીમાંથી લગભગ અડધો અડધ જેટલાં, ૪૦ થી ૪૫ કુટુંબો તેમનાં પટોળાના વણાટકામથી ઝાલાવાડમાં આ ગામની ખ્યાતિ બક્ષિ રહ્યાં છે. પટોળા માટે જરૂરી કાચો માલ એવું રેશમ આ વણકરો બેંગલોરથી મંગાવે છે.

પાટણના પટોળામાં તાણા અને વાણા બંન્ને આવે છે જ્યારે સોમાસરના પટોળામાં આડો વાણઠી જ આવે છે. એક પટોળું બનતાં એક અઠવાડિયું જાય છે અને આ પટોળું ૧૮૦૦ થી લઈ રૂપિયા ૨૦ હજાર જેટલી કિંમતનું બની બજારમાં ઉભું રહે છે.

સુરેન્દ્રનગરનું વઢવાણ શહેર ત્રાંબા, પિત્તળના બેડાના કામ તથા બાંધણી માટે વિખ્યાત બની રહ્યું છે. અહીંના કંસારા બજારમાં જઈએ ત્યોર ત્રાંબુ અને પિત્તળ ટીપવાના અવાજો કાનને બજારનું વલણ આપ મેળે દર્શાવી દે છે. બેડાનું સૌદર્ય મનમોહક હોય છે.

બસ, આ જ છે અમારૂ ઝાલાવાડનું લોક જીવન અને અનેક મેઘધનુષી રંગોમાં વ્યક્ત થતો એનો લોક કલા વૈભવ.

## વિવિધ વિશેષતાઓના ચિત્રપ્રતિમાઓ :














**પઢાર**

પ્રાથમિક ઢબે જીવન જીવતી કોમમાં પઢાર કોમ મોખરે છે. વિશિષ્ટ જીવનરીતિવાળા પઢારો હંમેશાં સંઘર્ષમય જીવન જીવે છે. નાના ગોળાકાર કૂબા બાંધીને તેઓ વસે છે. માછલાં પકડવાં, હોડકાં ને તરાપાં હાંકવા, પક્ષીઓનો શિકાર કરવો એ પઢાર કોમનું મુખ્ય પ્રવૃત્તિ છે.

પઢાર લોકો નળસરોવરના કાંઠાની આજુબાજુનાં ગામોમાં વસે છે. સામાન્ય રીતે તેમની વસ્તીમાં બાર ગામ ગણાય છે. નળસરોવરમાં આવેલા કેટલાક બેટમાં પણ તેઓ વસે છે. આ લોકો રંગેશ્યામ, મધ્યમ કદના અને કસાયેલા હોય છે. કપરું જીવન ગાળવા છતાં તેઓ ચોરી-લૂંટફાટ કરવાની વૃત્તિના નથી. આ લોકોની રહેણીકરણી અને સંસ્કૃતિ જોતાં લાગે છે કે, આ પ્રજા સમુદ્રને કાંઠે વસનાર તથા સમુદ્ર ખેડનાર પ્રજા હશે.

ખલાસીઓ વહાણ હંકારતી વખતે શરીરના અવયવોને જે રીતે વાળે છે, જે રીતે તેઓ અવાજ કરે છે, તેનું જ પ્રતિબિંબ તેમના નૃત્યોમાં અને ગીત-સંગીતમાં દેખાય છે. પુરુષો જોડી પેડી અને શરીર પર બાંય વગરનું કેડિયું કે પહેરણ પહેરે છે. સ્ત્રીઓ આઠથી દસ વારના રંગની ચણિયા અને શરીર કપડું અથવા બાંય વગરના, બંધ ગળાના કબજા પહેરે છે. કોઈ કોઈવાર ઓઢણી પણ ઓઢે છે. દાગીનામાં કાન, નાક, ગળા અને હાથ પગરમાં ચાંદીના સામાન્ય દાગીના પહેરે છે. પુરુષ વર્ગ દાગીના પહેરતો નથી.

નૃત્યકળા એ પઢાર કોમની વિશિષ્ટતા છે. તેઓ સમૂહમાં જ નૃત્ય કરે છે. એક જણ ગાય અને બીજા ઝીલે છે. ગીતો ભક્તપ્રધાન અને શૃંગારિક પણ હોય છે. આ લોકો રસ-ગરબા અને રાસડા પણ લે છે. તેઓ હિન્દુઓના બધા તહેવાર ઊજવે છે.

પઢાર લોકો ખોરાકમાં ખાસ કરીને ‘બીડ’ ના રોટલા ખાય છે. ‘બીડ’ એક પ્રકારનાં કંદમૂળ છે. જે બીડ એટલે એક પ્રકારનું ઘાસ. જેની નીચે જમીનમાં ગાંઠ હોય છે તેને સુકવીને ચાર પાંચ દિવસ પછી લાકડાના ધોકા વડે ઝુંડવામાં આવે છે. ત્યારબાદ આ બીડને દળીને તેનાં રોટલાં બનાવવામાં આવે છે. સવારના પહોરમાં પઢાર લોકો બીડ ખોદવા નીકળી પડે છે. સ્ત્રીઓ સહિત આખી લંગાર જમીનમાંથી બીડ જ લેવાજાય છે. બીડને ખૂબ મૂળિયાં ચોટેલાં હોય છે. તે સાફ કરીને સૂકવીને પછી તેને ખાંડીને લોટ બનાવવામાં આવે ચે. આખીય પ્રક્રિયા ખૂબ મહેનત માંગી લે તેવી છે. ચોમાસામાં તેમનો આખો પ્રદેશ જળબંબાકાર હોય છે એટલે ચોમાસા માટે તેમની બીડ અગાઉથી સંઘરી રાખવાં પડે છે. ચોમાસામાં તેઓ માછલાં પકડી તેની પર ગુજારો કરી લે છે.





**કાઠિયાવાડી ઘોડો :**



આ Kathiawari જાતિ ઘોડો બધા ઘોડો જાતિઓની શુદ્ધ અને સૌથી જૂની તરીકે સમગ્ર ભારતમાં સ્વીકારવામાં આવે છે. તેની ઉત્પત્તિ ખુલ્લા સૂકી જમીન માઈલ સમગ્ર ઝડપે તેને લઈ શક્યા નથી જે કોઈપણ પ્રાણી ત્યજી છે, કાઠી માતાનો આદિવાસીઓ અને રાજપૂત કુળો શાસકો એક warhorse તરીકે ઉપયોગ થાય છે. ભારતમાં ગુજરાત, રાજ્યમાં સૌરાષ્ટ્ર પ્રદેશના મધ્ય પૂર્વીય જમીન છે. જો Kathiawari જાતિ સ્ટેલિયન વિપરિત,તેઓ તેમના શાંત રાખવા માટે વિશ્વાસ કરી શકે છે, કારણકે કાઠિયાવાડમાં 'લિટલ ખોરાક અથવા પાણી સાથે અને તેઓ Kathiawari જાતિ mares તરફેણ...!

આજે, ઘોડા લગભગ દરેક જાતિ અને પ્રકાર ભારતમાં Kathiawari જાતિ રક્ત નિશાનો છે અને તમામ 'નવાબ માતાનો' અને 'મહારાજા' અને બ્રેડ હતા, જે ૧૯૦૦ ના દાયકાની શરૂઆતમાં યુગમાં Charls, Gulfaam, Ashwinikumar ના પુરુષ લાટીમાં ઉતરી આવ્યા છે. તાજેતરના સમયમાં સ્ટેલિઅન્સની ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં ગુજરાતમાં બધા બ્રેડ હતા, જે જુનાગઢ અને Innaj ગુજરાત Kathiawari ઘોડા સંવર્ધન ફાર્મ સરકાર પાસેથી, સ્કારલેટ, ચાંદ, અમિત, Raihans, નિલેશ, Chandragupt, ચિતલ ગમે છે.


આ Kathiawari જાતિ ઘોડો સરેરાશ ઊંચાઈ અને વિચિત્ર સ્ટેલિઅન્સની માં ૧૪-૫ થી ૧૩ હાથ ઊંચાઈમાં ૧૪-૫ હાથમાં ૧૫-૨ હાથ સુધી જાય છે. જો માટે ભવ્ય સૌમ્યતા એક છાપ આવે છે જ્યારે આ સ્ટેલિયન મહાન હાજરી ધરાવે છે. તેઓ એક અલગ રૂપરેખા હોય છે અને સંપૂર્ણ પ્રમાણ હોય છે. આ કોટની એક બહુરંગી ચમક હોય છે. વડા સહેજ પૈડાનું અંતર્ગોળ અને અંતર્મુખ પ્રોફાઈલ, દંડ તોપ માટે ક્રમિક છે, ગળામાં એકસારી આકારની કમાનવાળા ગરદન સાથે દંડ છે જ્યારે આંખો, મોટા અને સરખે ભાગે એક ટોડ આંખો જુએ સાથે મૂકવામાં આવે છે. પાછળ ટૂંકો હોય છે અને lions મજબૂત અને સ્નાયુબદ્ધ, આ સ્વરિત શ્વાસ સ્તર અને ઊંચા પૂંછડી સમૂહ છે. કાન નાના અને અઆધાર પર સાંકડા ૧૪ થી ૧૭ સેમી, મહત્તમ હોય છે. ટીપ્સ આવક અને સ્પર્શ વક્ર અથવા લગભગ પછાત ૧૮૦ ડિગ્રી પરિભ્રમણ સાથે 'સ્ટિંગ એક સ્કોર્પીયન ઓફ' જેવા સ્પર્શ કરવામાં આવે છે. આ ગાઢ ફ્લેટ અસ્થિ, એક ખાનદાન સ્વભાવ અને અસ્તિત્વ ટકાવી રાખવા માટે ક્ષમતા સાથે જોડાયેલી ડબલમાં સોલ, તીવ્ર, દૃષ્ટિ અને સુનાવણી, શુદ્ધતા અને prepotency સાથે હાર્ડ પગ અને hoofs ઉમેરાવી જ જોઈએ છે. અને ફ્રન્ટ પગ પર ઝેબ્રા નિશાનો પર બ્લેક ઈલ ગેરુ નો પણ આ જાતિના જોવા મળે છે. આ Kathiawari જાતીના હોલ માર્કની છે. તેઓ મહાન સહનશક્તિ સાથે, સૌથી વધુ આરામદાયક ઘોડા છે. તેમના તાર પ્રકાશ અને મહાન વિસ્તરણ માટે સક્ષણ એલિવેટેડ પ્રદર્શન સાથે મુક્ત છે. તેઓ કઢંગું વજન વહન કરી શકે છે કે કેમ તે શુદ્ધ

અને ભાગ અન્ય જાતિઓ સામે Kathiawari એક્સેલ બ્રેડ જ્યાં સહનશીલતા વધારે અંતર પર ખાસ કરીને જમ્પિંગ, રેસિંગ અથવા,...

અન્ય જાતિઓ અને અજ્ઞાત સંવર્ધન સાથે ઓળંગી છે ત્યારે તેઓ સારી કાન નિર્માણ, રંગ અને સવારી સહનશીલતા અંતર સાથે ખૂબ જ સારી ઘોડેસવારીની અને પ્રભાવ સ્ટોક પેદા કરે છે. હાલમાં ભારતમાં, સંવર્ધકો, રાજસ્થાન, પંજાબ, ઘોર પ્રદેશ અને ભારત ઉત્તર પ્રદેશમાં ક્રોસ સંવર્ધન કરે છે અને તેઓ ભારતના અન્ય ભાગમાં પોલીસ અને આર્મી બલ્સની વિભાગ બ્રેડ જો kathiawari ભાગ બજાર મેળવવામાં માટે લાયક છે.

Kathiawari જો કાઠિયાવજ દ્વિપકલ્પના મૂળ, ભાત ઘોડો એક નસ્લ છે. નજીકથી મારવાડી ઘોડો સંબંધિત છે, અને તે જાતિ અને તેઓ નીચે ઊતરવું જેમાંથી અરબી ઘોડો બંને સામ્યતા ધરાવે Kathiawari મૂળ મિનિમલ પૂરવઠો પર રફ ભૂપ્રદેશ લાંબા અંતરની, ઉપર વપરાશ માટે રણમાં યુદ્ધ ઘોડો તરીકે ઉછેરવામાં આવી હતી. તેઓ કાળા સિવાય બધા રંગો જોવા મળે છે, અને પ્રાચીન નિશાનો સાથે સામાન્ય રીતે ડુમ છે. સંવર્ધન ભારતની સ્વતંત્રતા પછી ઘટાડો થયો, અને આજે અસ્તિત્વ બાકી ખૂબ થોડા Kathiawari છે. મૂળ યુદ્ધ ઘોડો અને કેવેલરી માઉન્ટો તરીકે ઉપયોગ થાય છે, તેઓ હાલમાં માઉન્ટ પોલીસ ઘોડો અને સ્થિતીકરણ તંબુના રમત માટે વપરાય છે. જાતિના રજિસ્ટ્રી અને વાર્ષિક કાર્યક્રમો Kathiawari ઘોડા બ્રીડર્સ એસોસિએશન દ્વારા આયોજિત કરવામાં આવે છે.

શ્રેષ્ઠ ગુમવત્તા Kathiawari ૧૫ હાથ (૬૦ ઈંત, ૧૫૨ સે.મી.) હેઠળ છે, આ ઊંચાઈ પર ઘોડા ઘણીવાર બરછટ દેખાય છે અને ઈચ્છિત જાતિ પ્રકારના ચલિત થવું. જાતિના બ્લેક, સિવાય બધાં રંગો જોવા મળે છે. ચેસ્ટનટ ખાડી, ગ્રે અને છેલ્લે ડુમ અનુસરતા, મોટે ભાગે જોવા મળે છે રંગ છે. ઘણા ડુમ ઘોડોા (૨) (૩) પિન્ટો પેટર્ન અસ્તિત્વમાં હોય છે તાતાર દેશનો નાના બાંધાનો જંગલી ઘોડો માટે શક્ય જોડાણ બતાવે છે, કે જે આદિમ નિશાનો પ્રદર્શન, પરંતુ અત્યંત દુર્લભ છે. જાતિના વ્યાપક કપાળ અને ટૂંકા તોપ સાથે અંતર્મુખ ચહેરાના પ્રોફાઈલ છે. ગરદન અને શરીર વડા અને પૂંછડી બંને હાથ ધરવામાં આવે છે. પ્રમાણસર અને પ્રમાણમાં ટૂંકા હોય ઊંચી છે. (૧) સારી માત્રામાં હોવા છતાં, ઘણા પાશ્ચાત્ય સંવર્ધકો તેમને પગમાં અસ્તિ અભાવ રહેશે. જો કે soundness જાતિના એક સહજ લક્ષણ છે. (૨) જાતિના સૌથી વિશિષ્ટ લક્ષણો એક ક્યારેક ટીપ્સ પર ઓવરલેપ કે જે સ્પર્શ આવક વળાંક અને તેના કાન છે.આ Kathiawari ઘોડો કોઈપણ જાતિના



સૌથી અત્યંત મરોડદાર કાન છે. (૧) જાતિના ઈતિહાસમાં કેટલાક બિંદુઓ પર, સંવર્ધકો અન્ય કેટલાક વધુ મહત્ત્વપૂર્ણ, શારીરિક લાક્ષણિકતાઓના નુકસાન કરવા માટે, આ Curving કાનની જાળવણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. (૨) ઘણા રણ જાતિઓ જેમ, Kathiawari મિનિમલ પુરવા અને પાણી પર અસ્તિત્વ અને ઠંડા હવામાનમાં વિકસિત ઓલાદો કરતાં ગરમી સામે વધુ રક્ષણ આપે છે. તેમજ સામાન્ય faits તરીકે, Kathiawari પણ ધીમી, બાજુની ગતિ કરે છે. revaal કહેવાય છે. (૨) તેઓ ઉચ્ચ જુસ્સાદાર, બુદ્ધિશાળી અને પ્રેમાળ ઘોડા તરીકે ઓળખવામાં આવે છે.

જાતિના પ્રારંભિક ઉત્પત્તિ અપાન્ત બાકી છે, ઘોડા ૧૮૫૭ માટે ૧૫૩૬ના મુઘલ સમ્રાટો પહેલાં સારી રીતે ભારતના પશ્ચિમ કિનારે વસવાટ, મુઘલ શાસન અભિયાન શરૂ અને બ્રિટીશ રાજ દરમિયાન ચાલુ, અરબી ઘોડા ભારતમાં આયાત કરવામાં આવી હતી. અને આધુનિક Kathiawari જાતિ પૂર્વજો બનાવવા માટે, નેટીવ સ્ટોક સાથે ઓળંગી છે. (૨) આ Kathiawari પણ મંગોલિયન ઘોડો દ્વારા પ્રભાવિત થઈ શકે છે. (૬) પરંપરાગત રીતે ઉમદા ઘરોમાં એક પાયો મારે પછી ઘોડા તેમના લીટીઓ નામકરણ, ઘોડો તેમના પોતાના તાણ વિશેષતા, આ રેખાઓ ૨૮ હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. (૨) આ ઉમદા ઘરો અત્યંત ઊંચા તાપમાન અને ન્યૂનતમ પુરવઠો ટકી શકે છે કે જે પસંદ ઉછેર ઘોડા, શસ્ત્રો અને ખરબચડી ભૂપ્રદેશમાં લાંબા સમય માટે બખ્તર સાથે એક માણસ લઈ આવ છે અને હજુ પણ ધીમી અને ફોરું અને હરવાફરવામાં ચપળ કે ચાલાક છે. તેઓ યુદ્ધ માટે આદર્શ હતા થાકે નહિ તેવું, steek ઘોડા માટે બ્રેડ, અને Kathiawaris પોતાનો ઘાયલ ત્યારે પણ ઘણી વખત તેમના રાઈડર્સ બચાવ, યુદ્ધ તેમના વફાદારી અને બહાદુરી માટે જાણીતા હતા. આ સંવર્ધન ભારતની સ્વતંત્રતા સુધી જાળવી રાખવામાં આવી હતી. (૧)

હજુ પણ મુખ્યત્વે કાઠિયાવાડ દ્વીપકલ્પના ઉછેર હોવા છતાં, તે પણ મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યોમાં જોવા મળે છે. આ Kathiawari ઘોડા બ્રીડર્સ એસોસિએશન જાતિના રજિસ્ટ્રી ઠેરવે છે કે (૨) ગુજરાત સરકાર અગિયાર વિવિધ સ્થળોએ સંવર્ધન ફાર્મ ધરાવે છે. જુનાગઢ કે mares અને સ્ટેલિઅન્યની બંને ધરાવે છે અને જાતિના સાચવીને કામ કરી રહે છે, તો બીજી દસ Kathiawari સ્ટેલિઅન્સની પકડી જ્યારે એ છે કે અન્ય અથવા મિશ્ર જાતિઓની સ્થાનિક સ્ટોક સુધારવા માટે વપરાય છે. ૨૦૦૭ ના અનુસાર, ફક્ત આશરે ૫૦ Kathiawaris ઘોડા માટે પ્રખ્યાત છે. (૧) ૨૦૧૦ ની શરૂઆતમાં મારવાડી / Kathiswari ઘોડાની યુકે આધારિત મિત્રો ઉપયોગ બીટ્સ દાન માટે પૂછવામાં. આ ઘણી વાર ઘોડો ઈજા થઈ શકે છે કે જે તીક્ષ્ણ ધાર છે જે ઘરે બીટ્સ, સ્થળ ભારતમાં Kathiawaris સમાવેશ થાય છે, ઘોડો માલિકો માટે આપવામાં આવશે.

## વઢવાણના જૈન મંદિરો

### જૈન ધર્મની ધરોહરને સાચવતાં વઢવાણના જૈન મંદિરો

વઢવાણમાં જૈન ધર્મનો પ્રભાવ જુના સમયથી રહ્યો છે. શહેરના ઈતિહાસમાં સ્થિરતા, શાંતિ, પ્રવિત્રતા, સમૃદ્ધિ, સંસ્કારીતા, સામાજિક એકતામાં જૈન ધર્મ અને શ્રાવકોનો ફાળો અમુલ્ય રહ્યો છે. આ શહેરમાં પાંચ શીખરબંધી જૈન મંદિરો આવેલા છે.

ભગવાન શ્રી મહાવીર સ્વામીના મુળ નામ પરથી આ શહેરનું નામ વર્ધમાન પુર રાખવામાં આવ્યું હતું. જે અપભ્રંસ થતા વઢવાણ થઈ ગયું. જૈન ધર્મના અનેક આચાર્યોએ વઢવાણની ધરતીપર અનેક પુસ્તકોની રચના કરી છે. સોલંકી કાળમાં વઢવાણ દિગંમ્બર જૈન સાંપ્રદાયનું મુખ્ય મથક હતું. ઈ.સ. ૭૮૩માં દિગમ્બર જીન સેન સુરીએ વઢવાણના ચૈત્યોમાં હરીવંશ પુરામ નામે જૈન પુરાણની રચના કરી હતી. શહેરમાં પાંચ શિખરબંધી જૈન મંદિરો આવેલા છે. વઢવાણ મોતી અનેક પુસ્તકોની રચના કરી છે. સોલંકી કાળમાં વઢવાણ દિગંમ્બર જૈન સાંપ્રદાયનું મુખ્ય મથક હતું. ઈ.સ. ૭૮૩માં દિગમ્બર જીન સેન સુરીએ વઢવાણના ચૈત્યોમાં હરીવંશ પુરાણ નામે જૈન પુરાણની રચના કરી હતી. શહેરમાં પાંચ શિખરબંધી જૈન મંદિરો આવેલા છે. વઢવાણ મોતી ચોકથી લાખુપોળ તરફ જતા લાખુપોળનું મોટુ દેરાસર આવેલ છે. આ દેરાસરમાં મુળ નાયક તરીકે શ્રી આદીનાથજી અથવા શ્રી ઋષભદેવજી ભગવનની પ્રતીમાં બીરાજે છે. જેમના પરીકર ઉપર સંવત ૧૨૦૮ નો અભિલેખ કોતરાયેલો છે. આ દેરાસરજીનની પંક્તિમાં ૮૦ પાસણ પ્રતિમાજી અને ૧૦ ધાતુ પ્રતિમાં મુકાયેલી છે. આ દેરાસર સંઘ દ્વારા સંવત ૧૭૫૦ માં બંધાયું હશે તેમ મનાય છે.

લાખુપોળના મોટા દેરાસરની જમણી તરફ બરાબર બાજુમાં ભગવાનશ્રી શાંતિનાથ દાદાનું દેરાસર આવેલું છે. આ દેરાસરમાં મુળ નાયક તરીકે ભગવાનશ્રી શાંતિનાથજીની ભવ્ય પ્રતિમાં મનને દિવ્ય શાંતિ આપી રહી છે. જૈન મંદિર પરિકર પર સંવત ૧૫૮૪ ના વરસનો અભિલેષ કોતરાયેલો છે. એની બાજુમાં ભગવાનશ્રી અજિતનાથજી તથા શ્રી સંભવનાથજીની શ્વેત પ્રતિમાઓ છે. ધોળીપોળના દેરાસર તરીકે ઓળખાતા આ નાના સુંદર દેરાસરનું નિર્માણ સં. ૨૦૦૪ની સાલમાં થયું છે. જેમાં મુળ નાયક તરીકે શ્રી સીતલનાથજી સ્વામી બીરાજે છે. શહેરના મહાલક્ષ્મીની મંદિર તરફ જતા નાનુ દેરાસર આવેલુંછે. આ દેરાસરમાં મુળ નાયક તરીકે શ્યામબીબશ્રી શામળા પાર્શ્વનાથજી ભગવાન બીરાજે છે. કેટલાક વર્ષો પુર્વ વઢવાણમાં શેઠ નારાયણદાસના મકાનમાં પાયા ખોદતા મળી આવેલી શ્વેત આરસના મોટા જીન બીંબ પર આ દેરાસરમાં પધરાવ્યા છે. તેમાં એક પ્રતિમાના પરીકર ઉપર સં. ૧૧૭૪ તથા વઢવાણ શહેરના મુળ નામ વર્ધમાન પુર ઉલ્લેખ કરાયો છે. આ દેરાસરમાં કુલ પંદર પાસાણ પ્રતિમાઓ તથા દસ પ્રતીમાઓ મુકાય છે. મહાવીર સ્વામીના ૨૫૦૦ માં નિવારણ મહોત્સવના અનુસંધાને પુ. કાનજી સ્વામીજીની પ્રેરણાથી વઢવાણના મોતીચોક પાસે સંવત ૨૦૩૨માં મુળ નાયક તરીકે આશન પાટ પર આરસની ભવ્ય પ્રતિમાં તથા એમની બાજુમાં ભગવાનશ્રી આદીનાથજી તથા શ્રી નેમિનાથજી પાર્શ્વનાથજી તથા મુની સુપ્રતજીના ધાતુબીંબ બેસાડેલા છે. ઉપરાંત સિદ્ધિચક્ર શ્રી વિનાયક મંત્રજી અને સમયસારજી ધર્મગ્રંથ પુજા માટે મુકાયો છે. આ ભવ્ય મંદિરની ઉંચાઈ ત્રીસ ફૂટ છે. વઢવાણના આંગણે અસંખ્ય મુમુક્ષોએ દીક્ષા અંગીકાર કરી છે. પરંતુ તેમા સમગ્ર જૈન સમાજ પર પોતાના વિચારો આચરણ દ્વારા ઉંડી છાપ મુકનાર ગચ્છાધીપતિ પુ. આચાર્ય દેવ શ્રી મદ્ વિજય મહોદય સુરીશ્વરજી મ.સા. હસ્તગીરી તીર્થના પાયાના પથ્થર આચાર્ય ભગવત પુ. શ્રી માનતુંગ સુરિશ્વરજી મ.સા. અને તપસ્વી રતન પ.પુ. સા. જા. હંસ કીર્તીશ્રીજી મુખ્ય ધરોવર છે.

## સાહિત્યક્ષેત્રે વઢવાણ રાજ્યનું અનોખું પ્રદાન

સાહિત્યક્ષેત્રે વઢવાણ રાજ્યનું અનોખુ પ્રદાન છે. ઝાલાવાડે કવિ દલપતરામ તથા ન્હાનાલાલ, પ્રજારામ રાવળ જેવા કવિઓ તેમજ નાગરદાસ પંડ્યા તથા ધનસુખલાલ મહેતા જેવા સફળ અનુવાદકો તેમજ નવલરામ ત્રિવેદી જેવા નીડર વિવેચક આપ્યા છે.

૧૯મી સદીમાં ગુજરાતી પદ્ય અને ગદ્યનો પાયો નાખનાર કવિ દલપતરામ હતા. ૨૧ જાન્યુઆરી ૧૮૨૦ ના રોજ ઐતિહાસિક વઢવાણ શહેરમાં તેમનો જન્મ થયો હતો. આઠ વર્ષની ઉંમરે દલપતરામે સ્વામીનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો હતો. અર્વાચીન ગુજરાતી સાહિત્યનું પ્રથમ પ્રકૃતિ કાવ્ય બાપાની પિંપરની રચના તેમણે ૧૮૪૫માં કરી હતી. જ્યારે ગુજરાતની પહેલી ગદ્યરચના ૧૮૫૦માં ભુત નિબંધ ગદ્ય તેમણે લખ્યું.

દલપતરામની રચનાઓમાં મુખ્યત્વે લક્ષ્મી, મિથ્યાભિમાન નાટક, તાર્કિક બોધ, દલપત કાવ્ય ભાગ-૧ અને ૨ ગણી શકાય. દલપતરામે ભાતભાત અને જાતજાતના વિષયો પર કાવ્યોની રચના કરી છે.

કવીશ્વર દલપતરામના પાંચ પુત્રો હતો. જેમાં ચોથો પુત્ર ન્હાનાલાલ હતા. ન્હાનાલાલનો જન્મ ૧૬ માર્ચ ૧૮૮૭માં થયો હતો. ન્હાનાલાલના કાવ્યો અને નાટકો મુખ્ય છે.

ન્હાનાલાલે કુરૂક્ષેત્ર અને હરિસિંહતા નામના પ્રચલિત કાવ્યો લખ્યા છે. ન્હાનાલાલે ગુજરાતની ઉત્તમ ઉર્મિકાવ્યો અને ડોલન શૈલીની ભેટ આપી હતી. પ્રજારામ રાવળ વઢવાણના વતની હતી. વાઘેશ્વર ચોકથી બારી રોડ તરફ જતા કવિ પ્રજારામ રાવળની શેરી આવે છે. પ્રજારામ રાવળ જે શેરીમાં રહેતા તે શેરીને પ્રજારામ રાવળની શેરી તરીકે જાહેર કરીને આજે પણ વઢવાણ શહેર તેની સ્મૃતિ કાયમ માટે જાળવી રાખી છે.

કવિ પ્રજારામ રાવળે લખેલ ''ભોગાવો'' કાવ્ય પ્રચલિત બન્યું હતું.

ભોગાવો દોડે શું, પાણી પંપો છોડો બાવળો,
દેતો, લાંબી હાવળો...
આવે, નાવે,, તો ભેજાવે,
ના, ખાકે વઢવાણી તોભવે.

મહાકવિ કાલીદાસના રઘવંશ મહાકાવ્યનું સમશ્લોકી ભાષાંતર કવિ પ્રજારામ માટે યશકલગી સમું બની ગયું. તેમની મહાયુદ્ધ નામની કાવ્ય પુસ્તિકા, 'પદમાં' નામનો કાવ્ય અંગુર પણ પ્રગટ થયો હતો. વઢવાણ વિશે તેમની કેટલીયે રચનાઓ અપ્રગટ રહી છે. નવલકથા સમ્રાટનું બિરૂદ હાંસલ કરનાર ચુનીલાલ વર્ધમાન શાહનું લેખનકાર્ય ૧૮૮૬ થી ૧૯૬૬ એમ છ દાયકા સુધીનું હતું. તેમની કર્મયોગી, રાજેશ્વર, એકલવીર, સોમનાથનું શિવલિંગ, અવંતીનાથ, રૂપવતી બંને નવલકથાઓ પ્રશંસા પામી હતી. જીગર અને અમી નામની નવલકથા સમગ્ર ગુજરાતમાં વખણાઈ હતી. પ્રજાબંધુનું તેમણે સંપાદન પણ કર્યું હતું.

સુરતના વતની એવા ધનસુખલાલ મહેતાનો જન્મ વઢવાણમાં થયો હતો. નીડર, પૂર્વ ગ્રહ મુક્ત વિવેચક નવલરામ ત્રિવેદી વઢવાણનું ગૌરવ હતા. ગુજરાતી ભાષાના કેટલાય માતબર લેખો તેમણે લખ્યા છે. શેષ વિવેચન ગ્રંથ તેમના અવસાન પછી પ્રકાશિત થયેલ છે. ઝાલાવાડમાં આ ઉપરાંત અમરદાસ પંડ્યા, રામપ્રસાદ શુકલ, માણેકલાલ, વસુભાઈ શુકલનું સાહિત્યનું અનોખું પ્રદાન છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના સમૃદ્ધ કવિ રાજેન્દ્ર શુકલ પણ વઢવાણના છે.

## રણના કાંઠે શૂરા અને સંતનો ઇતિહાસ સંઘરીને બેઠેલું ગામ : ઝીઝુવાડા

અફાય રણની ગોદમાં ખુલ્લા આકાશની ચાદર ઓઢીને પાંગરેલું સુરેન્દ્રનગરના પાટડી તાલુકાનું ઝીંઝુવાડા ગામ ઈતિહાસ અને દંતકથાઓના અનેક પાનાંઓ ધરબાવીને બેઠું છે. પરંતુ પરાતત્વ અને ઈતિહાસના ચોપડે આ ઐતિહાસિક ગામની નોંધ લેવાઈ નથી. પ્રાચીન વાવ, કૂવાઓ, દરવાજાઓ, નળેશ્વર મહાદેવ, નળ દમયંતિનો કુંડ, ગૌરી કુંડ, બાવળો ટાપુ, ચાર વેદનું મંદિર, વાછરડા દાદાની જગ્યા, રાજેશ્વરી માતાનું મંદિર, શ્રી પૂજ્ય તેજાનંદ સ્વામીન જગ્યા, આ બધા સ્થળો ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં ચકાસવા જેવાં છે. ખંડિત થયેલા વાવ-કૂવાઓ-દરવાજાઓ જાણે કે ઈતિહાસ અંગે કંઈક કહેવા માંગતા હોય તેમ લાગે છે.

આ ભૂમિના પુરાવાઓ બોલે છે. કે સમરાંગણમાં માતા વઢાવી નાકનાર શૂરાઓની ભૂમિ છે. અહીં શૂરવીરોના એટલા બધા પાળિયા મોજુદ છે કે જેને પાળિયા ન જોયા હોય તેને અધધ.. થઈ પડે. ઝીલકેશ્વર મહાદેવની નજીક ખોળવામાં આવેલા પાળિયાઓ ગડી વાળેલા કાપડની જેમ થપ્પી મારેલ હોય છે. તેની નીચે કોણ, ક્યારે, કેમ, કેવીરીતે વીર ખપી ગયો તેની કોતરણી થયેલ છે, પરંતુ તેની તસ્દી લેનાર કોઈ નથી.

ઝીંઝુવાડાગામનું તળાવ ખૂબ જ પ્રાચીન છે એણ તેની બાંધણી પરથી લાગે છે. તે સોલંકીકાળમાં બંધાયું હશે એવું લાગે છે. તે તળાવની પાળ ઘણી પુરાઈ ગઈ છે, પરંતુ જે દેખાવ છે તેના પરથી તળાવની બાંધણી યુગના ધોળકાના માલવ તળાવને મળતી આવે છે. ગામના લોકોમાં એવી વાયકા છે કે આ તળાવ બાબરા ભૂતે બંધાવેલું, પરંતુ સરોવરની બાંધણી બનમૂન કોતરયણી જોતા લાગે કે આ સરોવર સોલંકી કાળમાં બંધાયું હશે. પુરાતત્વ ખાતાએ આ સરોવર તરફ ધ્યાન આપની જરૂર છે. સરોવરના કિનારે જ એક પ્રાચીન વાવ છે. દુકાળના સમયમાં આ વાવમાં ભરપુર પાણી રહે છે. એના રણના કાંઠાની આ વાવમાં ધોમધખતા ઉનાળઆના તાપમાં પણ આટલું બધું પાણી હશે એવું જોનારને આશ્ચર્ય થયા વગર રહેતું નથી.

અફાટ રણની વાવ ધર્મરાજાનો ઝીલાણંદ આવેલો છે. એના પૂર્વમાં શિવાલય આવેલું છે, જેને લોકો ઝીલકેશ્વર મહાદેવ તરીકે ઓળખે છે. ઝીલાણંદ કુંડનું પાણી ટોપરા જેવું ચાખવા મળતું. ચોમાસા જેટલું પાણી જ પાણી ઉનાળામાં પણ રહેતું. ગમે તેવા કારમા દુષ્કાળમાં કુંડ પાણીથી છલોછલ ભરેલો રહેતો. છેલ્લા દસ વરસથી સાવ ખાલી ભાસે છે. આજુબાજુની લીલોતરી અને ગાયોનાં ઘણ હવે અદશ્ય થઈ ગયા છે. બાણગંગા એ પણ ઝીણાનંદનું પ્રસિધ્ધ તીર્થ છે. દંતકથા તો એવી છે કે અર્જુને વનવાસ દરમિયાન પૃથ્વીમાં બાણ મારીને ગંગાજીને પ્રગટ કરેલા. દલિત સંત સ્વામી તેજાનંદના ગાયત્રી - યજ્ઞ વખતે ગોરી કુંડમાં પ્રગટ થયેલા સરસ્વતી બાણગંગામાં મળી ઝરણા - સ્વરૂપે વહેલાં.



## સર્પ ડોલાવીને પેટિયું રળતી મદારી કોમની ધ્રાંગધ્રામાં અનોખી વસાહત

ભારતમાં કદી ઠરીને ઠામ ન થયેલી વિચરતી જાતિને ઝાલાવાડે આશરો આપ્યો છે. ગુજરાતમાં એક વિચરતી જાતિ વાદીઓની છે. ઘણા મદારી તરીકે પણ ઓળખે છે. આ મદારીઓ ખભા પર કરંડિયા બાંધીને અહી તહી ભટકતા હોય છે. પરંતુ સમજુનાથ નામના એક વાદીના મુખીને પોતાની વસાહત રાખવાનો ખાલ્ય આવ્યો અને સરકારી સહાયથી તમામ પ્રાથમિક સુવિધાથી સજ્જ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રાં - હળવદ રોડ પર સર્પ નચાવી પેટિયું રળતી મદારી જાતિની અનોખી વસાહત ઊભી થઈ. મદાર તરીકે ઓળખાતી આ જાતિ સર્પ અને પ્રાણીઓને નચાવી તોપાની આજીવિકા રળે છે. શેરી, ચોક કે પોળના નાકે લોકોના ગોળ વર્તુળ વચ્ચે ડુગડુગી સંભળાય અને વચ્ચે વચ્ચે મોરલીના સૂર સંભળાય ત્યારે રસ્તે ચાલતા આપણા દિમાગમાં કુતૂહલ જન્મે છે અને આપણે ચટાપટાવાળી લૂંગી પહેલો, વજનદાર જોડાવાળો મદારી જોવા મળે છે. જેના એક હાથમાં ડુગડુગી હોય અને બીજા હાથમાં મોકલી હોય છે. આ મદારીઓ ખભા પર કરંડિયો બાંધીને અહી તહી ભટકતા હોયછે. ઉપર આકાશ અને નીચે ધરતી જ તેમનો આશરો હોયછે.

તેમની જાતિ છે લાલવાદી અને ફુલવાદી. તેઓ એક ગામથી બીજા ગામમાં જઈ દંગા નાખતા હોય છે.તેમના કોઈ કાયમી ઠેકાણા હોતા નથી. તેઓ શરીરે મજબૂત, કસાયેલા અને ખડતલ હોય છે. સાપ પકડવાનો અને સાપને નચાવીને આજીવિકા મેળવવાનો તેમનો બાપીકો ધંધો છે. ધ્રાંગધ્રા વાદીના મુખી સમજુનાથના દિમાગમાં પોતાની વસાહત રચવાનો ખ્યાલ આવ્યો અને આ ખ્યાલ મૂર્તિમંત કરવા તેમણે કમર કસી. સુરેન્દ્રનગ જિલ્લાના ધ્રાંગધ્રા શહેરની આથમણી દિશામાં સમજુનાથે વાદી વસાહત માટે જમીન જોઈને સરકારને અરજી. સરકારને આ વાત ગમી ગઈ. તેમણે જમીન મંજૂર કરી આપી. સમજુનાથે આ જમીન પર કમાન બાંધવા માટે જિલ્લા કલેકટર સમક્ષ મદદ માગી છે.

સરકારી સહયોગ અને મદારાઓની જાત મહેનતથી રહેણાકના પાકા મકાનો તૈયાર થયા. જિલ્લા આયોજન મંડળે નવો કૂવો કરવા ૩૬ હજાર મંજૂર કર્યા. ૧૧-૧૦-૮૬ના રોજ આ વસાહતમાં પ્રાથમિક શાળા પણ શરૂ કરવામાં આવી. આ વસાહતમાં હાલ ૨૦૦ કુટુંબો રહે છે. દિવ્ય ભાસ્કરે વૈદ્યનાથ મદારીને સર્પ અંગે માહિતી પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, સાપને મણિ હોત તો અત્યાર સુધીમાં બધા જ મદારીઓ કરોડપતિ થઈ ગયા હોત. વિશ્વમાં આશરે ૩,૦૦૦ જેટલી જાતના સાપો છે. જેમાંથી ૬૫૦ જાતના સાપ ઝેરી અને બાકીના બિનઝેરી છે. ભારતમાં ૩૦૦ જેટલા સાપ જોવા મળે છે. એ જ પ્રમાણે ગુજરાતમાં બાવન જાતના સાપ જોવા મળે છે. જેમાંથી અઢાર જાતના સાપ ઝેરી છે.

સાપ સામાન્ય રીતે છ ઈંચથી માંડીને ૨૯ ફૂટ સુધીની લંબાઈ ધરાવતો હોયછે. આ સાપો ૨૦ થી ૨૫ વર્ષ જીવે છે. સર્પ પકડવાના વર્ષોના અનુભવી એવા વૈદ્યનાથે જણાવ્યું હતું કે સાપને કાન હોતા નથી. સાપ ક્યારેય આંખનો પલકારો મારતો નથી. સાપની આંખમાં ધૂળ ક્યારેય પડતી નથી. દાંત વગરનો સાપ ક્યારેય હોતો નથી. એક માણસને મારવા માટે કાળોતરાનું છ મિલી ગ્રામ, નાગનું ૧૩ મિલીગ્રામ અને ખડચીતરાનું ૧૮ મિલી ગ્રામ ઝેર પૂરતું છે.

સાપને પકડવો, પકડીને રાખવો અને મારી નાખવો એ વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટ ૧૯૯૨ અન્વયે ગુનો બને છે. આ પગલું સાપના અસ્તિત્વ માટે આશીર્વાદ સમાન છે. જ્યારે આ અંગે મદારીઓએ જણાવ્યુ હતું કે અમો, સાપને ભગવાન માનીએ છીએ. સર્પને મારી નાખવોએ અમારા માટે સૌથી મોટો અપરાધ છે. કોઈ વ્યક્તિ કદી પોતાની આજીવિકા નષ્ટ થાય તેવું કદી ઈચ્છે નહીં. ભૂતકાળમાં ભારતભરમાં કદી ઠરીને ઠામ નહીં થયેલા આ વિચરતી જાતિને ઝાલાવાડે આશરો આપ્યો છે. ઝાલાવાડની ધરતી સાથે તેને મહોબ્બત બંધાઈ ગઈ છે. જિંદગીમાં સપનામાં પણ નહી વિચારે તેવું ઘરનું ઘર અને અન્ય સુવિધા મેળવનાર આ ગરીબ વાદી સમાજ રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના સથવારે ધ્રાંગધ્રાની ધિંગી ધરા પર પોતાનું જીવન ગુજરી રહ્યા છે.

**વઢવાણનાં માટલાં**

ઉનાળાના પ્રારંભે જ સૂર્યનારાયણે આકરૂ સ્વરૂપ ધારણ કરતા ઠંડા પાણીના માટલા ખરીદી માટે મિહલાની લાઈન લાગે છે ત્યારે વઢવાણના પ્રખ્યાત ઠંડા ઠંડા કૂલ કૂલ ! કે. આર. માટલા અને કોઠીઓ ગુરાતની સીમાઓ પણ ઓળંગી દીધી છે. કરશનભાઈ કુંભારે છેલ્લા ત્રણ દાયકાથી જૈન મુનિઓ, જૈનવ્રતધારી અને રોજા રહેતા લોકોને વિનામૂલ્યે માટલાઓ આપવા સેવાયજ્ઞનો હાથ ધર્યો છે.

સૂર્યનારાયણે ઉનાળાના પ્રારંભે જ રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં ગરમીથી બચવા માટે લોકો તરસ છીપાવવા ફ્રીઝના ઠંડા પાણીને બદલે માટીનું માટલું પાણી વધુ પસંદ કરે છે. વઢવાણ-હુડકો રોડ પર રહેતા માટીના માટલા બનવાતા કરસનભાઈ રણછોડભાઈ કુંભારે આઝાદી પહેલા માટીના માટલા બનાવવાનું શરૂ કર્યું હતું.

**ઉનાળામાં ત્રણ હજાર માટલાની ખપત**

ઉનાળાના આકરા તાપમાંથી બચવા અને પાણીની તરસ શાંત કરવા લોકો ફ્રીઝને બદલે માટીના માટલા વધુ પસંદ કરે છે. ઉનાળાની સમગ્ર સિઝન દરમિયાન વઢવાણના પ્રખ્યાત કે. આર. ના ૩૦૦૦ નાના મોટો માટલાઓની ખરીદી થાય છે. ણા માટલા ખરીદવા મહિલાઓની દરરોજ ભારે ભીડ પડે છે.

**જૈનમુનિ અને રોજા રહેતા લોકોને મફત માટલા**

દિગમ્બર સંપ્રદાયના પૂ. કાનજી સ્વામિના વિચારોથી પ્રભાવિત થયેલા કરશનભાઈ કુંભાર છેલ્લા ૩૦ વર્ષથી જૈનમુનિઓ અને એકાસણા કરતા જૈનવ્રતધારીઓને માટલા વિનામૂલ્યે આપે છે. આ ઉપરાંત મુસ્લિમોના પવિત્ર રોજા રહેતા ગરીબ પરિવારોને પણ વિનામુલ્ય માટલા આપે છે. દર વર્ષે ૨૧ મુર્હુતના માટલાઓ જૌન ઉપાશ્રયમાં આવે છે.

**ઠંડા ઠંડા કૂલ કૂલ માટલા કેવી રીતે બને છે ?**

શિયાળાની કડકડતી ઠંડી દરમિયાન ઠંડી બનેલી વઢવાણ પંથકની જમીનમાંથી માટી ખોદીને ગધેડા પર ઠંડી માટી ઘેર લાવવામાં આવે છે. ત્યારબાદ માટાલ અનો કેઠીઓના આકાર આપવામાં આવે છે. આ આકારને ટીપી ટીપીને તૈયાર કર્યા બાદ ફિનિસિંગ કરવામાં આવે છે. એક દિવસ માટલાનેહવા ન મળે તેમ સૂકવણી કરીને નિભાડામાં નાખવામાં આવે છે.

**એક નિભાડામાં ૮૦ માટલાં તપે છે.**

માટીના આકારને ટીપીને, તૈયાર કરાયેલા માટલાઓને નિભાડામાં તપાવવા માટે મૂકવામાં આવે છે. એક નિભાડામાં નાના મોટા ૮૦ માટલાઓને તપાવવા માટે મૂકવામાં આવે છે. આ માટલાઓ નિભાડામાં તપીને લાલચોળ બની જાય છે. આ સમગ્ર પ્રક્રિયા બાદ માટલાને વેચાણ માટે મુકવામાં આવે છે.

**બે લિટરથી ૧૦ લિટર પાણીનો સંગ્રહ કરી શકાય તેવાં માટલા**

એક નિભાડામાં નાના મોટા ૮૦ માટલાને તપાવવામાં આવે છે. આ માટલાઓમાં બે લીટરથી ૧૦ લીટર પાણી ભરી શકાય તેવા માટલાઓ તૈયાર થાય છે. આ નાના મોટા માટલાઓની કિંમત રૂા. ૫૦ સુધીની રાખવામાં આવે છે.

**રાજ્યમાં એકમાત્ર વઢવાણમાં નીકળતાં સોના-ચાંદીના ઝુલફીકાર**

દેશભરમાં મહોરમ પર્વ પર તાજિયા નીકળે છે. મહોરમના દિવસે ગુજરાત રાજ્યમાં માત્ર વઢવાણમાં જ સોના-ચાંદીના ઝૂલફીકાર સન્માનપૂર્વક નિહાળવા તેમજ મન્નત (માનતા) માટે દેશભરમાં લોકો ઉમટી પડશે.

ભારત દેશમાં મહોરમના પૂર્વ અગાઉ જ કલાત્મક તાજિયા બનાવવાની તૈયારી શરૂ થઈ જાય છે. મહોરમના દિવસે સમગ્ર દેશમાં તાજિયા નીકળે છે. પરંતુ તાજિયાના પ્રસંગે બગદાદના પીર સાહેબના ઝુલફીકાર બે તલવાર, બે જમૈયા, તીર કામટુ અને પીરના પંજાને ખુબ સન્માન સાથે સમગ્ર ગુજરાતમાં માત્ર વઢવાણ શહેરમાં નીકળે છે. અરબસ્તાનની ધરતી પર પેદા થયેલા મહાન સંત રત્ન પીર સાહેબની દુઆથી દાયકાઓ અને પેઢીઓથી હિન્દુના ઘરેથી જયાં સુધી ઝુલફીકાર ન આવે ત્યાં સુધી મહોરમના તાજિયા ઉપડતા નથી. વઢવાણ અબોલપીરના ચોકમાં રહેતા ખવાસ રાજપૂત મકવાણા પરિવારના છ પેઢીથી સોના-ચાંદીના ઝુલફીકાર નીકળે છે. વઢવાણમાં જે ઝુલફીકાર બનાવવામાં આવે છે એવા ઝુલફીકાર સમગ્ર દેશમાં ક્યાંય બનતા નથી.જે એક અજાયબી કહેવાય છે.

**ઝુલફીકાર અખંડિત છે...**

આ ઝુલફીકારને નિહાળવા તેમજ તેની મન્નત (માનતા) માટે સમગ્ર રાજ્યમાંથી લોકો મહોરમના દિવસે વઢવાણ આવે છે. ૧૯૬૩ના વર્ષમાં કોમી રમખાણો સર્જાયા હતા. આથી ક્યાંય પણ તાજિયા નીકળ્યા ન હતા. પરંતુ વઢવાણ શહેરના હિન્દુ અને મુસ્લિમો દાયકાઓથી એકબીજાના ધર્મને માન આપતા હોવાથી ૧૯૬૩ના વર્ષમાં વઢવાણ શહેરમાંથી ઝુલફીકાર સાથેના તાજિયા નીકળ્યા ન હતા. આમ, અત્યાર સુધીમાં મહોરમ પર્વના ઝલફીકાર ખંડિત થયા નથી.



• • •

## ઔદ્યોગિક વિકાસના પંથે સુરેન્દ્રનગર જિલ્લો

સૌરાષ્ટ્રના ઝાલાવાડ તરીકે ઓળખાતો પ્રદેશ એટલે સુરેન્દ્રનગર જિલ્લો. ગમે તેવી વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ અડીખમ અને ખમીરવંતી પ્રજાની ઓળખ કરવી હોય તો સુરેન્દ્રનગર - ઝાલાવાડના લોકોનો પરિચય કેળવવો પડે. વર્ષોથી સતત પાણીની અછત હોવા છતાં પોતાનું પાણી બતાવી શકરનાર પ્રજા તરીકે આગવી ઓળખ જિલ્લાના લોકોએ સમગ્ર ગુજરાત અને દેશને આપી છે અને તેમાં પણ ખાસ કરીને ઔદ્યોગિક ક્ષેત્રે સાધેલી પ્રગતિની વાત કરીએ તો મીઠુ પકવવવાનો ઉદ્યોગ, સિરામીક ઉદ્યોગ, એન્જિનીયરીંગ ઉદ્યોગ, હાથશાળ વણાટ ઉદ્યોગ તેમજ દવા ઉદ્યોગે સમગ્ર દેશભરમાં ખૂબ જ નામના મેળવી છે. આ સિવાય અન્ય ઉદ્યોગોમાં ખાદ્ય પ્રક્રિયા, રસાયણ તેમજ ધાતુના વાસણો બનાવવાના ઉદ્યોગોએ પણ જિલ્લામાં મહત્વનું સ્થાન મેળવેલ છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં અપૂરતો વરસાદ અને સિંચાઈની નહિવત્ સુવિધા હોવા છતાં રાજ્ય સરકારના વિકાસશીલ અને હકારાત્મક અભિગમને કારણે જિલ્લાનો નોંધપાત્ર વિકાસ થઈ શક્યો છે. ખાસ કરીને વિપુલ માત્રામાં ઉપલબ્ધ કુદરતી સંપત્તિ અને આંતરમાળખાકીય સુવિધાના વિકાસના કારણે ઔદ્યોગિક ક્ષેત્રે પણ જિલ્લાએ પોતાના વિકાસની કૂચ જારી રાખેલી છે. ભારત સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાને ૧૯૭૧થી ઔદ્યોગિક રીતે પછાત જિલ્લા તરીકે જાહેર કર્યા પછી જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ ઝડપી બને તે માટે અવારનવાર જાહેર કરવામાં આવેલી ઔદ્યોગિક નીતિને કારણે ધીમે ધીમે પણ મક્કમ રીતે ઔદ્યોગિક ક્ષેત્રે જિલ્લો આગળ આવેલો છે. ખાસ કરીને ૧૯૭૮માં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ઔદ્યોગિક નીતિના ભાગરૂપે દેશના તમામ જિલ્લાઓમાં ઔદ્યોગિક વિકાસની સહાય એક છત નીચે ઉપલબ્ધ થઈ શકે તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની રચના કરવામાં આવી અને સુરેન્દ્રનગર જિલ્લામાં પણ તા. ૧-૫-૧૯૭૮ થી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની શરૂઆત થઈ. રાજ્ય અને કેન્દ્ર સરકારની ઔદ્યોગિક નીતિના અમલીકરણની કામગીરી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે હાથ ધરવામાં આવી અને જિલ્લામાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા શરૂ થઈ.

૧૯૭૮માં ફક્ત ૯૯૩ લઘુ ઉદ્યોગો કાર્યરત હતા તે વધીને આજે ૮૪૫૩ જેટલા નોંધાયેલ લઘુ ઉદ્યોગો કાર્યરત છે અને સરેરાશ દર વર્ષે ૩૦૦ જેટલા નવા લઘુ ઉદ્યોગમાં ૧૧૪૮ જેટલા એકમો કપાસ આધારિત તેમજ ટેક્ષટાઈલ ક્ષેત્રે કાર્યરત છે. તેમાંય ખાસ કરીને કપાસનું જીનીંગ અને પ્રેસીંગ કરી, કપાસની ગાંસડીઓ તૈયાર કરી,દેશ-વિદેશમાં પોતાનો વેપાર ફેલાવ્યો છે. તેથી જ તો સુરેન્દ્રનગર ખાતે આવેલ રૂ નું વાયદા બજાર સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત થયેલ છે. જિલ્લામાં થતા કપાસના મબલખ પાકને કારણે આ ઉદ્યોગનો વિકાસ શક્ય બન્યો છે. જિલ્લાની કુદરતી સંપતિમાં કોલસો, ચાઈના ક્લે, ફાયર ક્લે, સિલીકા સેન્ડ, બ્લેક સ્ટોન, બેન્ટોનાઈટ વગેરે ખૂબ જ મોટા જથ્થામાં ઉપલબ્ધ છે.

આ ખનીજ સંપતિને કારણે થાનગઢનો સિરામી ઉદ્યોગ સમગ્ર દેશમાં પ્રખ્યાત બન્યો છે અને સિરામીકની ચીજવસ્તુઓની નિકાસ પણ કરવામાં આવે છે. સિરામીકની ચીજવસ્તુઓમાં મુખ્યત્વે સેનેટરીવેર્સ, ઈલેક્ટ્રીક પોર્સીલીન, ઈન્સ્યુલેટર્સ, જુદા જુદા પ્રકારની ટાઈલ્સ, સ્ટોનવેર પાઈપ તેમજ રીફ્રેક્ટરીઝનું ઉત્પાદન કરતા ઉદ્યોગોનું સ્થાન પણ ખૂબ જ મહત્વનું અને સૌથી વધુ રોજગારી પૂરી પાડતા ઉદ્યોગોનું સ્થાન પણ ખૂબજ મહત્વનું અને સૌથી વધુ રાજગોરી પૂરી પાડતા ઉદ્યોગો તરીકે ગણી શકાય તેમ છે. જિલ્લામાં મીઠું તેમજ મીઠા આધારિત ઉદ્યોગોનો પણ ખૂબ જ વિકાસ થયેલો છે. જિલ્લાનું સૌથી જૂનું અને હજારોની સંખ્યામા ંરોજગારી પુરૂ પાડતું વિશાળ ઔદ્યોગિક એકમ ધ્રાંગધ્રા કેમિકલ વર્કસ મીઠા આધારિત રસાયણો બનાવવા માટે સમગ્ર દેશભરમાં પ્રખ્યાત છે. આ ઉપરાંત મીઠા અને મીઠા આધારિત ઉદ્યોગો જેવા કે સોડાએશ, મેગ્નિશિયમ ક્લોરાઈડ, આયોડાઈઝડ સોલ્ટના એકમો પણ જિલ્લામાં કાર્યરત છે.

એન્જિનિયરીંગ ઉદ્યોગ ક્ષેત્રે પણ જિલ્લાએ ખૂબ જ નામના મેળવી છે. તેમાંય ખાસ કરીને બોલબેરીંગ બનાવતા એકમો, મશીનરી અને તેના ભાગો બનાવતા એકમો તેમજ ઓટોમોબાઈલ પાર્ટસ બનાવતા એકમો ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યરત છે. જિલ્લામાં નવા ઉદ્યોગનો પણ ખૂબ જ સારો વિકાસ થયેલ છે. મોટા ભાગના એકમ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય દવા ઉદ્યોગ સાથે સંકળાયેલ છે અને ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓનું ઉત્પાદન કરી રહ્યા છે. જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો પૈકી ફાર્માસ્યુટીકલ મશીનરી ક્ષેત્રે મેક્સન મશીનરી એક્ષ્પોર્ટ પ્રા.લી., મીઠા આધારિત ઉદ્યોગો ક્ષેત્રે ડી.બી. ડબલ્યુ. તથા હિન્દુસ્તાન સોલ્ટ, બોલ-બેરીંગ ક્ષેત્રે ટેક્ષટાઈલ બેરીંગ (કે.સી.આઈ.) પ્રા.લી., ચોકલેટ અને કેન્ડી ક્ષેત્રે મેક્સન ફુડઝ, અથાણા તેમજ કેચઅપના ઉત્પાદન ક્ષેત્રે કે.પી. ઈન્ડસ્ટ્રીઝ, મેગ્નેશીયમ ક્લોરાઈડ માટે ખારાઘોડાખાતે આવેલ પાયોનિયર મેગ્નેશિયમ પ્રા. લી., ઈલેકટ્રીક મોટરો અને પંપ માટે ડેલ પી.ડી. પંપ પ્રા.લી., સિરામીક ક્ષેત્રે સ્મૃતિ સિરામીક ઈન્ડસ્ટ્રીઝ, થાનગઢ, ઓટોમોબાઈલ ક્ષેત્રે કે.એ.પી. એક્સલ્સ, ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે બાયોડીલ લેબોરેટરીઝ પ્રા.લી., લેમીનેડેટ શીટસમાં મેઘદેવ એન્ટરપ્રાઈઝ, વઢવાણ તથા પ્લેટીનમ વિનીયર્સ પ્રા.લી. બામણબોર, ફાયર ફાઈટીંગ સાધનો માટે ન્યુ એજ ઈન્ડસ્ટ્રીઝ વગેરે એ દેશભરમાં ખ્યાતિ મેળવેલી છે.

જિલ્લામાં ખેતી પછી સૌથી વધુ રોજગારી ઉદ્યોગોના વિકાસ થકી ઉપલબ્ધ થયેલ છે તેમાં ખાસ કરીને કુટિર અને ગ્રામોદ્યોગ, હસ્તકલા ઉદ્યોગ અને લઘુ ઉદ્યોગો ક્ષેત્રે વિશાળ સંખ્યામાં રોજગારીની તકો ઊભી થયેલ છે. ખાસ કરીને નોંધણી કરાવતા લઘુ ઉદ્યોગો દ્વારા લગભગ ૪૯૧૪૦ લોકો રોજગારી મેળવે છે. કુટિર, ગૃહ, હસ્તકલા તેમજ હાથશાળ ઉદ્યોગોનું પણ જિલ્લામાં સારૂ એવું સ્થાન છે. ખાસ કરીને હાથશાળ ઉદ્યોગોની વાત કરીએ તો જિલ્લામાં ધ્રાંગધ્રા, વઢવાણ, લીંબડી, ચુડા તેમજ મુળી તાલુકાઓમાં આવેલા મોટા ભાગના ગામોના વણકરો વણાટ અંગેની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. નોંધણી ધરાવતી વિવિધ ઔદ્યોગિક સહકારી મંડળીઓ પૈકી ૧૬૦ જેટલી મંડળીઓ હાથશાળ કાપડના વણાટ કામની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી છે. આ મંડળીી તેમજ વ્યક્તિગત કારીગરો દ્વારા રેશમપટોળા, ટાંગલીયા, શાલ, ઉની, શાલ, શેતરંજી તેમજ પછેડીનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમાંય ખાસ કરીને જિલ્લાના વણકરો દ્વારા કરવામાં આવતા રેશમના પટોળા કે જેની કિંમત રૂા. ૨૫૦૦/- થી ૨૫૦૦૦/- સુધી હોય છે તે ખૂબજ લોકપ્રિય છે.

જિલ્લામાં ઔદ્યોગિક વિકાસની પ્રગતિ વેગવંતી બને તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાનો જિલ્લાના ઉદ્યોગો વધુને વધુ લાભ મેળવે તે જરૂરી છે અને તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સતત પ્રયત્નશીલ રહ્યું છે. એપ્રિલ - ૨૦૦૧ થી માર્ચ ૨૦૦૬ સુધીના સમય દરમિયાન ૧૭૨ એકમોને ૮૪૪.૦૦ લાખની સહાય કરવામાં આવેલી છે. તેવી જ રીતે ૧૧૯ એકમોને વેચાણવેરા મુક્તિ અને ૪૧ એકમોને વિલંબીત વેચાણવેરાના લાભો આપવામાં આવે છે.

જિલ્લાના હાથશાળ ઉદ્યોગો ઉચ્ચ કક્ષાનું વણાટ કામ કરીને નિકાસ બજાર મેળવી શકે તે માટે જિલ્લાના વણકરો માટે વિશેષ તાલીમ કાર્યક્રમોનું આયોજન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં જિલ્લાના ૩૦ જેટલા વણકરોને રાજ્ય સરકારના ખર્ચે સામેલ (તામિલનાડુ) ખાતે ફર્નિશિંગ કાપડના ઉત્પાદન માટે લાંબા સમયની તામલી આપી ઉચ્ચ કક્ષાનું હાથશાળ કાપડ બનાવવા પ્રોત્સાહિત કરવામાં આવેલા છે. તેવી જ રીતે કેરાલામાં આવેલ કન્નુર જિલ્લાની હાથશાળ મંડળીઓનો અભ્યાસ - પ્રવાસના કાર્યક્રમનું આયોજન પણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવેલું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે જી.આઈ.ડી.સી. વઢવાણ ખાતે કેરાલાની ખાસ પ્રકારની હાથશાળ લાવી તેના ઉપર વણકરભાઈઓએ તાલીમ આપવામાં આવેલા છે પરિણામે હવે જિલ્લાના વણકરો સારી ગુણવત્તાવાળું હોમ ફર્નિશિગનું કાપડનું વણાટકામ શરૂ કરેલું છે અને તેમના દ્વારા ઉત્પાદિત ઉચ્ચ ગુણવત્તાવાળા હોમફર્નિશિંગના વેચાણ માટે ગુજરાત રાજ્ય હાથશાળ નિગમની સેવાઓ પણ મેળવવામાં આવે છે. જિલ્લામાં શિક્ષિક અને અશિક્ષિત બેરાજગારો સ્વનિર્ભર બને તે માટેની સ્વરોજગાર

યોજનાનું અમીલકરણ પણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા થઈ રહ્યું છે. ૫૩ જેટલા એન્જિનિયરીંગ ઉદ્યોગો, ૪૨ જેટલા કેમિકલ ઉદ્યોગો, ૩૧ જેટલા ટેક્ષટાઈલ ઉદ્યોગો, ૧૭ જેટલા ખનિજ આધારિત ઉદ્યોગો, તેમજ અન્ય ઉદ્યોગો જેવા કે ડેરી ઉદ્યોગો, ગ્લાસ સિરામીક ઉદ્યોગો, ઈલેકટ્રોનિકસ ઉદ્યોગો, ચર્મોદ્યોગ વગેરનો સમાવેશ થાય છે.

જિલ્લાના લઘુ અને મધ્યમકક્ષાના એકમોને મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ -૨૦૦૩ જાહેર કરવામાં આવેલી છે. આ યોજના હેઠણ ઔદ્યોગિક એકમો દ્વારા મેળવેલ ટર્મલોન સામે વાર્ષિક ૫ ટકાના ધોરણે વ્યાજ સહાય ચૂકવવામાં આવે છે. પાંચ વર્ષ દરમિયાન મહત્તમ રૂા. ૨૫ લાખ સહાય મળવાપાત્ર થાય છે.

જિલ્લામાં ઉપલબ્ધ ખેતપેદાશો, ખનીજ સંપત્તિ, માવન સંપત્તિ તેમજ આંતરમાળખાકીય સગવડોને ધ્યાને લેતા જિલ્લામાં હજુ પણ ઔદ્યોગિક વિકાસની તકો રહેલી છે. તેમાંય ખાસ કરીને કપાસ આધારિત ટેક્ષટાઈલ ઉદ્યોગ, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગો તેમજ દવા ઉદ્યોગોમાં હજુ પણ વિકાસની તકો છે. જિલ્લામાં નિકાસલક્ષી ઉદ્યોગો શરૂ થાય તે માટે લીંબડી ખાતે તેમજ થાનગઢ ખાતે સ્પેશીયલ ઈકોનોમિક ઝોન શરૂ કરવાના ચક્રો પણ ગતિમાન થયેલ છે.

**મીઠા ઉદ્યોગ :**





જિલ્લાનો મીઠું પકવવાનો ઉદ્યોગ કેટલીક વિશેષતાઓ માટે જાણીતો છે. અન્ય વિસ્તારની જેમ અહીં દરિયાના પાણીમાંથી નહીં પણ જમીનના પાતાળ કૂવામાંથી પાણી ખેંચી તેમાંથી મીઠું પકવવામાં આવે છે.

જિલ્લામાં મીઠું પકવતો વિસ્તારો મુખ્યત્વે ધ્રાંગધ્રા, હળવદ તથા પાટડી તાલુકામાં આવેલા છે. જિલ્લાનું કુલ મીઠાનું ઉત્પાદન વાર્ષિક ૧૨ લાખથી ૨૦ લાખ ટન જેટલું થવા જાય છે. પાટડી, ધ્રાગંધ્રા તથા હળવદ તાલુકામાં કુલ મળીને આશરે ૧૩૬ નોંધાયેલા મીઠાના એકમો છે. જેમાં મીઠા ઉત્પાદન સહકારી મંડળીઓનો સમાવેશ થઈ જાય છે. દસાડા પાટડી, ધ્રાંગધ્રા તથા હળવદ તાલુકાઓની કુલ વસ્તી અનુક્રમેન ૧૬૯,૧૦૮, ૧,૯૫,૦૬૨ તથા ૧,૪૪,૩૦૨ જેટલી છે. આ ત્રણેય તાલુકાની આશરે ૨૦ ટકા જેટલી વસતી જુદી જુદી રીતે મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલી છે.

જિલ્લામાં અગરિયાઓ માટે રહેઠાણ બાંધી આપાવાની નમક મજદૂર આવાસ યોજના અંતર્ગત હાલમાં પાટડી, માલવણ, જૈનાબાદ, ખારાઘોડા તથા હાળવદ તાલુકાના કીડી ગામે કુલ મળીને ૨૦૬ આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે. અગરિયાઓની કલ્યાણકારી યોજના અંતર્ગત અનેકવિધ પ્રકારની સુવિધાઓ માટે જુદી જુદી એન.જી.ઓ.ની સહાયમાં રહીને જિલ્લા કક્ષાની સમિતિમાં જરૂરી દરખાસ્ત મંજૂર કરાવી, રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટિમાં મંજુરી અર્થે મૂકીને દરખાસ્તો માટે નાણાં પૂરા પાડવામાં આવે છે. તે અંતર્ગત અત્યાર સુધીમાં રણ વિસ્તારમાં રોડ - રસ્તા, પાણીની ટાંકીઓ,

પાણીની પાઈપ લાઈનો તથા અન્ય સુવિધાઓ અંગેની કામગીરી થઈ છે. અગરિયાઓ તેમના વ્યવસાયની લાક્ષણિકતાને લીધે હાડમારી ભરી પરિસ્થિતિનો સામનો કરે છે. તેવાં સંજોગોમાં ઉપરોક્ત યોજનાઓ દ્વારા તેઓને આરોગ્ય, શિક્ષણ, પુરવઠો, પાણી વગેરેની સુવિધાઓ પુરી પાડવાં માટે જિલ્લાના સરકારી વિભાગો પ્રયત્નીશીલ છે.

## કપાસના મબલખ ઉત્પાદન થકી કૃષિ ક્રાંતિ ક્ષેત્રે અગ્રેસર બનતું ઝાલાવાડ

ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લો બહુ મહત્વનો છે. ગુજરાતમાં જે કપાસ વવાય છે તેમાં કુલ ૨૩ લાખ હેક્ટર જમીનમાં કોટનનું વાવેતર થાય છે. એમાંથી ૪ લાખ હેક્ટર વાવેતર સુરેન્દ્રનગર જિલ્લામાં છે, સુરેન્દ્રનગર જિલ્લાને સૌથી વધારે વીજળી મળે છે, ૯૦ ટકા વિસ્તાર કેનાલ સાથે સંકળાયેલો છે. કેનાલો અને ડેમના કારણે જ સુરેન્દ્રનગર જિલ્લો ઉદ્યોગથી ધમધમે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં કોટન જિનર્સની વાત કરીએ તો ૧૯૯૫ પહેલાં જે જર્નીંગ ફેક્ટરી હતી તે બધી ભાગીદારીમાં ચાલતી. ૫-૧૦ લોકો ભેગા થઈને જીર્નીંગ ફેક્ટરી હતી તે બધી ભાગીદારીમાં ચાલતી. ગુજરાત સરકારં જીર્નીંગ ફેક્ટરીને પ્રોત્સાહન આપવા જે નીતિ આપવાની તેને કારણે વિકાસની તકો મળી.આમા ગુજરાત સરકારની વેચાણવેરાની નીતિનો મુખ્ય ફાળો છે. હવે જે જીર્નીંગ ફેક્ટરીઓની સ્થાપના થઈ છે તે આધુનિક મશીનરીને કારણે કપાસમાંથી રૂ ને ગુણવત્તાવાળું બનાવવા સારી મદદ રહે છે.કપાસમાંથી કીટાણું દૂર કરવા, અનેક પ્રકારના કચરા દૂર કરવા વગેરે બાબત આધુનિક મશીનોથી પાર પાડી શકાય છે. હવેની ફેકેટરીમાં આધુનિક અને ઓટોમેટીક પ્લાન્ટ નંખાય છે. તેને કારણે રૂની ગુણવત્તા પણ જળવાય છે. આને કારણે જ આજે ગુજરાતના કપાસની સમગ્ર દેશમાં ગુણવત્તાની બાબતમાં પ્રસિષ્ઠા ઉદ્‌ભવી છે. અટીરાએ ગુજરાતના કપાસમાં જે સંશોધન કર્યા તેનો લાભ જીર્નીંગ, પ્રેસીંગ ફેક્ટરીને મળ્યો જેથી ગુણવત્તા જળવાઈ. આધુનિક મશીનરીને કારણે જે ગુણવત્તા ઉભી થઈ તેને કારણે કપાસની માંગ આંતરરાષ્ટ્રીય બજારમાં ઉભી થઈ છે.

ગુજરાતમાંથી વિદેશમાં જે કપાસની નિકાસ થઈ તે ગુણવત્તાને કારણે છે. ગયા વર્ષે ૪૦ લાખ ગાંસડીની નિકાસ થઈ તેમાં મોટાભાગનો પાક સુરેન્દ્રનગરનો જ હતો. તે આ ગુણવત્તાને લીધે સુરેન્દ્રનગર જિલ્લામાં હાલમાં નાની મોટી ૨૨થી વધુ જીનીંગ ફેક્ટરીઓ છે.ખાસ કરીને સુરેન્દ્રનગર, લીંબડી, ચુડા અને ધાંગધ્રામાં વધુ ફેક્ટરી છે. આમાંની મોટાભાગની બધી આધુનિક ટેકનોલોજી ધરાવે છે.

ગુજરાત સરકારની જેમ ભારત સરકારે પણ ટી.એમ.સી. ટેકનોલોજી મિશન કોટન અંતર્ગત જુની જીનીંગ ફેક્ટરીના રીનોવેશન માટે નવી નીતિ અમલી બનાવી છે, જેનો લાભ પણ આ વિસ્તારની જુની પુરાણી ફેક્ટરીને મળ્યો છે.

કપાસના ઉત્પાદનમાં સતત વૃધ્ધિને કારણે જીનિંગ ફેક્ટરીમાં પણ વધારો થયો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં જ પહેલા ૪ ફેક્ટરી હતી જે છેલ્લા પાંચ વર્ષમાં વધીને ૨૨ જેટલી થઈ છે.

જીનસ Gossypium ઓફ કપાસ છોડ બીજ આસપાસ, એક શણ અથવા રક્ષણાત્મક કેપ્સ્યૂલમાં વધે છે કે નરમ, પોચી સ્ટેપલ ફાઈબર છે. ફાયબર લગભગ શુદ્ધ સેલ્યુલોઝ છે. કુદરતી શરતો હેઠળ, કપાસ bolls બીજના વિક્ષેપ વધારો વલણ ધરાવતા હોય છે.

આ છોડ અમેરિકા, આફ્રિકા અને ભારત સહિત વિશ્વમાં ઉષ્ણકટિબંધ અને ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં જોવા મળે છે, એક નાના વતની છે. જંગલી કપાસ પ્રજાતિઓની સૌથી વધુ વિવિધતા મેક્સિકોમાં જોવા મળે છે. ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા અનુસરતા. (૧) કપાસ જૂના અને નવા પ્રજાતિઓની સૌથી વધુ વિવિધતા મેક્સિકોમાં જોવા મળે છે. ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા અનુસરતા. (૧) કપાસ જૂના અને નવા વિશ્વની સ્વતંત્ર પાળેલા હતી. આ ઇંગ્લિશ નામ ૧૪૦૦ એડી અંદાજે ઉપયોગ શરૂ થયો, જે અરબી (અલ) પરથી આવ્યો છે. (૨) આ સ્પેનિશ શબ્દ છે. તેવી જ રીતે અરબીમાંથી તારવેલી છે.

કપાસ (૫ મિલેનિયમ બીસી) ઓછામાં ઓછા ૭,૦૦૦ વર્ષ પહેલાં ઓલ્ડ વર્લ્ડ ઉપયોગ કરવામાં આવ્યો હતો. કપાસ ઉપયોગ પુરાવા શરૂઆતમાં કપાસ થ્રેડો કોપર માળા સંરક્ષિત કરવામાં આવ્યા છે. જ્યાં મેહરગઢ, ઓફ સાઈટ પર મળી આવ્યા છે. (૫) કપાસ ખેતી આધુનિક પૂર્વ પાકિસ્તાન અને ઉત્તર પશ્ચિમ ભારત ભાગો આવરી લેવામાં જે સિંધુ ખીણીની સંસ્કૃતિ, દરમિયાન વધુ વ્યાપક બન્યા હતા. (૬) સિંધુ કપાસ ઉદ્યોગ સારી રીતે વિકસિત અને કપાસ સ્પિનિંગ અને ફેબ્રિકેશન ઉપયોગમાં અમુક પદ્ધતિઓ ભારત ઔદ્યોગિકરણ સુધી ઉપયોગ ચાલુ રહ્યો હતો. (૭) ૨૦૦૦ અને ૧૦૦૦ બીસી કપાસ વચ્ચે ભારત ખૂબ સમગ્ર વ્યાપક બની છે. (૮) ઉદાહરણ તરીકે તે ૧૦૦૦ ની આસપાસ ઈ.સ. પૂ. કર્ણાટક ડેટિંગમાં Hallus ઓફ સાઈટ પર મળી આવ્યા છે.

**ઘઉં**

ઘઉં એ વિશ્વભરમાં વાવવામાં આવતો ઘાસ પ્રકારનો પાક છે. ૨૦૦૭માં વિશ્વમાં ઘઉંનું ઉત્પાદન ૬.૦૭ કરોડ ટન હતું. જે મકાઈ (૭.૮૪ કરોડ ટન) અને ચોખા (૬.૫૧ કરોડ ટન) પછીનું ત્રીજા ક્રમાંકે આવતું અનાજનું ઉત્પાદન છે. ઘઉં એ ઘણી સંસ્કૃતિના ભોજનનો પ્રમુખ ધાન્ય છે તેને મોટે ભાગે લોટ દળીને વપરાય છે. તેના લોટમાં આથો લાવી અને બ્રેડ, બિસ્કીટ, કૂકિઝ, કેકે, પાસ્તા, નૂડલ્સ વગેરે  બનાવાય છે. ગુજરાતી ભોજનમાં ઘઉંનો ઉપયોગ મોટાભાગે રોટલી, લાડુ, લાપસી જેવી વાનગરીઓ બનાવવામાં કરાય છે. વિદેશોમાં અમુક જગ્યાએ તેમાં આથો લાવી અને બિયર જાતનો શરાબ, વોડકા જાતનો શરાબ પણ બનાવાય છે. તેનો ઉપયોગ જૈવિક બળતણ તરીકે પણ થાય છે. અમુક પ્રમાણમાં આ પાકનું ઉત્પાદન પાળેલા પશુઓના ચારા તરીકે પણ કરાય છે, ક્યારેક તેનો ઉપયોગ છાપરું બાંધવામાં પણ કરવામાં આવે છે.

ખોરાકમાં ઘઉં સ્થાન મહત્વનું છે અને વિશ્વમાં તેનો વપરાશ પણ ખૂબ બહોળા પ્રમાણમાં થાય છે. બધા પ્રકારના અનાજ કરતાં ઘઉંમાં પૌષ્ટિક તત્વ વધારે છે. રોજિન્દા ખોરાકમાં વપરાતા સર્વ પ્રકારનાં અનાજમાં ઘઉં શ્રેષ્ઠ છે. તેથી આ ગુણવત્તાને કારણે ઘઉં ધાન્યનો રાજા ગણાય છે.

ભારતમાં ઘઉં સર્વત્ર થાય છે. નહેરોના પાણીની સગવડને લીધે ખાસ કરીને પંજાબમાં ઘઉંનો પાક વિપુલ પ્રમાણમાં થાય છે. ઉત્તર ભારતમાં પણ ઘઉં પુષ્કળ થાય છે તેથી ઘઉં ઉત્તર ભારતનો માનીતો આહાર છે. ગુજરાતમાં પણ ઘઉં સારા પ્રમાણમાં થાય છે. ઘઉંને ચોમાસામાં છાશિયા પાક તરીકે અને શિયાળામાં રવિપાકતરીકે વાવવામાં આવે છે. પિયત (રવિપાક)ના ઘઉં ને સારા નિતારવાળી કાળી, ગોરાડું કે બેસર રેતાળ જમીન વધારે અનુકૂળ આવે છે. જ્યારે બિન-પિયત (છાશિયા- ચોમાસું પાક)ના ઘઉં માટે કાળી અને ભેજનો સંગ્રહ કરે તેવી ચીકણી જમીન અનુકૂળ આવે છે. એકંદરે પોચી કાળી જમીન ઘઉંને વધુ માફક આવે છે.





ઘઉંના છોડ દોઢ-બે હાથ ઊંચાઈના થાય છે. તેના સાંઠા (છોડ) પોલા હોય છે. તેને ઉંબીઓ આવે છે. ઉંબીઓમાં ઘઉંના દાણા હોય છે, ઘઉંની લીલી ઉંબીઓને શેકીને તેનો પોંક પાડીને ખવાય છે. ઘઉંનો પોંક ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે.

ઘઉં ઘણી જાતના થાય છે. કાઠા ઘઉં અને પોચા ઘઉં એવા બે ભેદ છે. રંગભેદે કરી ઘઉંના ધોળા અને લાલ (રાતા) ઘઉં વધારે પૌષ્ટિક ગણાય છે. એ સિવાય વાજિયા, પૂંસા, બન્સી, પૂનમિયા, ટુકડી, દાઉદખાની, જૂનાગઢી, સરબતી, સોનારા, કલ્યાણ સોના, સોનાલીકા ઇત્યાદિ ઘઉંની જાતો જાણીતી છે. ઘઉંની વધુ પાક આપતી અનેક સુધારેલી જાતો શોધાઈ છે. સઘળી જાતોમાં બંસી ઘઉં સૌથી ઉત્તમ ગણાય છે. ગુજરાતના ભાલના કાઠા ઘઉં અને મધ્ય ભારતમાં ઇંદોર - માળવાના ઘઉં વખણાય છે.

**ચણા**

ચણા એ એક પ્રચલિત કઠોળ છે. વનસ્પતિ શાસ્ત્રમાં જેનું શાસ્ત્રીય નામ સાઈસર એરિએટિનમ (Cicer arietinum) છે. અન્ય કઠોળની સરખામણીમાં ચણા વધુ પ્રોટીન ધરાવે છે. આ એક પ્રાચીન કઠોળ છે. લગભગ ૭૫૦૦ વર્ષ પહેલાં તેની ખેતી થતી હોવાના પુરાવા મધ્ય પૂર્વ સ્થળોએ મળ્યા છે.

ચણાને ચીકપી, ગારબાન્ઝો બીન, સેસી બીન, સનાગાલુ, હ્યુમુસ અને બેંગાલ ગ્રામના નામથી પણ ઓળખાય છે.

માનવ વિકાસ ઇતિહાસના નીઓલીથેક કાળમાં માણસ માટીના વાસણો બનાવતો થયો તે પહેલાંના કાળમાં ચણાને ખેતી થતી હતી તેવા પુરાવા તુર્કસ્તાનમાં ઝેરીકોમાં મળ્યાં છે અને નીઓલીથેક કાળમાં માણસ માટીનાં વાસણો બનાવતો થયો ત્યાર પછીના ચણાના અવશેષો તુર્કસ્તાનમાં હસીલરમાં મળ્યાં છે. આ સિવાય નીઓલીથીક કાળના ઉત્તર ભાગમાં લગભગ ઈ.સ. પૂર્વે ૩૫૦૦ ની આસપાસના ચણાના અવશેષો થેસલી, કસ્તાનસ, લેર્ના અને ડીમીનીમાં મળ્યા છે. દક્ષિણ ફ્રાંસમાં લા અબ્યુરેડરમાં એક ગુફામાં મેસોલીથીક સ્તરમાં જંગલી ચણાના અવશેષો મળ્યાં છે. જે ઈ.સ. પૂર્વે ૬૭૫૦ ₹ ૯૦ જેટલા પ્રાચીન હોવાનો અંદાજ છે.

તામ્રયુગમાં ઈટલી અને ગ્રીસના લોકોને ચણાની જાણ હતી. શાસ્ત્રીય ગ્રીકમાં તેને એરેબીન્થોસ કહેવાતા. તેને મુખ્ય ખોરાક તરીકે ખવતો અને તેને મીઠાઈ તરીકે કે કુમળા હોય તારે સીધા ખાવામાં આવતા. રોઅમન્ લોકોને ચણાની વિવિધ જાતોની પણ જાણ હતી જેમ કે, વીનસ, રામ અને પ્યુનિક, તેઓ તેને બાફીને તેની દાળ કે સૂપ બનાવતા અથવા તેને શેકીને નાસ્તામાં ખાતા. રોમન રસોઈયા એપીશિયસએ ચણાની વાનગી વર્ણવી હતી. અવશેષો ન્યુસ નામના એક પ્રાચીન રોમન સૈન્ય કિલ્લામાં કાર્બનીભૂત થયેલા ચણા અને ચોખાના અવશેષ મળ્યા છે. જે ઈ.સ. પૂર્વે શતાબ્દીના મનાય છે.

અલ્જીરીયન રસોઈની વાનગી ચખચોઉખા, ''રુગાગ''ની સાથે મિશ્ર કર્યા પહેલા તાજાં બનાવેલા ''માર્ગા''

લગભગ ઈ.સ. ૮૦૦ માં ચાર્લીમેગ્ની દ્વારા લખાયેલ એક ગ્રંથ કેપીટ્યુલેટ ડી વીલ્સમાં સાઈસર ઈટાલીકમ દરેક રાજ્યમાં ઉગાડાતા તેવો ઉલ્લેખ છે. આલબર્ટસ મેગ્નસએ લાલ, સફેદ અને કાળા એમ ત્રણ પ્રકારના ચણાનો ઉલ્લેખ કર્યો છે. નીકોલસ કલ્પેપરના મતે ચણાએ વટાણા કરતાં વધુ સમૃદ્ધ છે અને તેને કારણે ઓછા પ્રમાણમાં પવન છૂટે છે. પ્રાચીન કાળમાં લોકો ચણાને વિનસ (શુક્ર) સાથે જોડતા, તેમના મતે ચણા વીર્ય, દૂધ, માસિક સ્રાવ અને મૂત્ર ઉત્તેજન્ક અને પથરીના ઈલાજમાં મદદ કરનાર હતા. ખાસ કરીને 'સફેદ ચણા' ને વધુ ફાયદાકારક ગણાતાં હતા.





**ગ્રીન ચણા**

૧૭૯૩માં જર્મન લેખકે જમીનમાં શેકેલા ચણાને યુરોપમાં કોફીના પુરક તરીકે નોંધ્યા હતાં. આવા વપરાશ માટે પહેલા વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મનીમાં તે રોપાયા હતાં. ઘણી વખત તેને કોફીને બદલે આથાય છે.
ગ્રીન ચણાના મુખ્ય બે પ્રકાર હોય છે.

- દેશી કે જે નાના હોય છે, અને તેની છાલને સપાટી ઘેરી અને ખરબચડી હોય છે. આવા ચણા મોટે ભાગે ભારતીય ઉપમહાદ્વીપ, ઈથોપિયા, મેક્સિકો અને ઈરાનમાં ઉગાડાય છે.
- કાબુલી, કે જેના દાણાં મોટાં હોય છે. તેની છાલ હળવા રંગની અને લીસી હોય છે. આવ ચણા દક્ષિણ યુરોપ, ઉત્તર આફ્રિકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન ચીલીમાં ઉગાડવામાં આવે છે. ૧૮મી સદીમાં આ ચણાનું ભારતમાં વાવેતર શરૂ કરાયું હતું.

દેશી ચણાને બેંગાલ ગ્રામ કે કાલા ચના પણ કહે છે. દેશી ચણા એ ચનાનીપ્રાચીન પ્રજાતિ મના ય છે કેમકે પુરાતાત્વીક સંશોધનમાં મળી આવેલ કાર્બોદિત દાણા દેશી ચણાના જ હતા. આ ચણાની પ્રજાતિની જંગલી પૂર્વજ સાઈસર રેટીક્યુલમ માત્ર ટર્કીમાં ઉગે છે. તેથી ટર્કીને આ કઠોળનું ઉદ્ગમ મનાય છે. દેશી ચણામાં પાચક રેશાનું પ્રમાણ કાબુલી ચનાને મુકાબલે ઘણું વધારે હોય છે. આને કારણે તે અત્યલ્પ ગ્લિસેમિક અંક ધરાવે છે અને તે મધુપ્રમેહ ધરાવતા દરદી માટે વધુ ફાયદાકારક છે. સફેદ ચણા ભારતમાં સૌથી પહેલા અફઘાનીસ્તાનમાંથી આવતાં તેથી તેને કાબુલી ચણા કહેવાયા. તેને સફેદ ચણા પણ કહેવાય છે.

દેશ ચણાની છાલ કાઢીને તેના બે ભાગને છૂટા કરી ચણાની દાળ મેળવવામાં આવે છે.

ઈટાલીના પ્યુગિલામાં અમુક પ્રકારના કાળા ચણા ઉગાડવામાં આવે છે, જેને સેસી નેરી કહે છે. આ ચણા દેશી ચના કરતાં મોટા હોય છે.

ચણાનું વાવેત ભૂમધ્ય ક્ષેત્ર, પશ્ચિમ એશિયા, ભારતીય ઉપ મહાદ્વીપ અને ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવે છે.

## ખાખરો / પલાશ / કેસૂડો



ખાખરાનું ઝાડ, ભારત વર્ષના બધા પ્રદેશોમાં થતું એક પ્રસિદ્ધ વૃક્ષ. મેદાનો અને જંગલોમાં જ નહિ, પણ ૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહાડોના શિખરો ઉપર કોઈ કોઈ રૂપમાં અવશય મળે છે. તે વૃક્ષરૂપ, ક્ષુપરૂપ અને લતારૂપ એમ ત્રણ રૂપમાં જોવામાં આવે છે. બગીચાઓમાં વૃક્ષરૂપે અને જંગલો અને પહાડોમાં વિશેષ કરીને ક્ષુપરૂપે જોવામાં આવે છે. લતારૂપે બહુ જૂજ મળે છે. પાન, ફૂલ અને ફળ ત્રણે ભેદોમાં સમાન હોય છે. વૃક્ષ બહુ ઊંચું થતું નથી. ક્ષુપ ઝાડીના રૂપમાં અર્થાત્ એક સ્થાન ઉપર પાસે પાસે બહુ જ ઊગે છે. તેની છાલ મોટી અને રેસાવાળી થાય. તેનું લાકડું વાંકુચૂકું હોય છે. તેનું ફૂલ નાનું, અર્ધચંદ્રાકાર અને ઘેરા લાલ રંગનું હોય છે. ફૂલ ફાગણના અંતમાં કે ચૈત્રની શરૂઆતમાં આવે છે. ફળમાં ગોળ ચપટાં બીજ હોય છે. ફળને પલાશ પાપડી અને હબીજને પલાશબીજ કહે છે. તેનાં પાન પાતળ દૂના બનાવવાના કામમાં આવે છે. રજપૂતાના અને બંગાળમાં તો તેનાં પાનમાંથી બીડી બનાવવામાં આવે છે. ફૂલ અને બીજ ઔષધિમાં વપરાય છે. બીજમાં પેટનાં કૃમિ મારવાનો ગુણ વિશેષ છે. ફૂલને ઉકાળવાથી તેમાંથી લાલાશ પડતો પીળો રંગ નીકળે છે, જેનો ઉપયોગ જહોજોમાં આવતા પાણીને અટકાવવા માટે થાય છે. મૂળની છાલના રેસામાંથી દોરડાં તેમજ કાગળ પણ બનાવવામાં આવે છે. તેની પાતળી જાળીઓને ઉકાળી એક પ્રકારનો કાથો તૈયાર કરવામાં આવે છે. અને તે બંગાળમાં વિશેષ ખાવામાં આવે છે. તેની છાલમાં એક પ્રકારનો ગુંદ પેદા થાય છે. તેનાં ફુલ સ્વાદુ, કડવાં, ગરમ, કપૈલાં, વાતવર્ધક, શીતળ, ચરપરા, મલરાધક, તૃણા, દાહ, ચિત્ત, કર્ક, રુધિરવિકાર, કોઢ અને મૂત્રકૃચ્છનો નાશ કરનાર મનાય છે. તેના ફળ રૂક્ષ હલકું ગરમ, કફ, વાત, ઉદરરોગ, કૃમિ, કોઢ, ગુલ્મ, પ્રમેહ અને શૂલનો નામશ કરનાર મનાયછે. બિજને સ્નિગ્ધ, ચરપરા, ગરમ, કફ અને કૃમિનાશક અને ગુંદને મલરોધકા ગ્રહણી, મુખરોગ, ખાંસી અને પસીનો દૂર કરનાર માનેલ છે. આ વૃક્ષિ હિંદુઓનાં પવિત્ર વૃક્ષે માહેનું એક છે. વેદમાં પણ તેનો ઉલ્લેખ મળે છે. શ્રોતસૂત્રોમાં કેટલાંક યજ્ઞપાત્રો તેનાં લાકડામાંથી બનાવવાની વિધિ છે. ગૃહ્યસૂત્ર અનુસાર ઉપનયન સમયે બ્રાહ્મણકુમારને તેની લાકડીનો દંડ ધારણ કરવાનો વિધિ છે. વસંતમાં પાંદડા વિનાનું લાલ ફૂલોવાળું અને વૃક્ષ આંખને અતંયત સુખદ છે. સંસ્કૃત અને બીજી ભાષાના કવિઓએ તે સમયના સૌંદર્ય ઉપર કેટલી ઉત્તમ કલ્પનાઓ કરી છે. તેનું ફૂલ અત્યંત સુંદર તો હોય છે, પરંતુ તેમાં ગંધ હોતી નથી. આ વિશેષતા ઉપર પણ ઘણીએ ઉક્તિઓ કહેવાયેલી છે. તેનાં બી વિરેચક અને કૃમિઘ્ન હોવાથી તેની ૧૦ થી ૨૦ ગ્રેન ભૂકી કૃમિ અને ખાસ કરીને ગોળ કૃમિ બહાર કાઢવા માટે ત્રણ દિવસ સુધી લાગટ અપાય છે. તેની ભૂકીનો મલમ દરાજ ઉપર લગાડાય છે. આ ઝાડના દરેક ભાગમાંથી ક્ષારીય પદાર્થ કાઢવામાં આવે છે. આ ક્ષાર પેટનાં અર્બુદ અને હરસમાં બહુ ઉપયોગી ગણાય છે. તેનાં મૂળિયાંની છાલનો ઉકાળો ભાંગેલાં હાડકાંનો સાંધે છે અને મરડો મટાડે છે. તેનાં પાંદડાં સંકોચક, બળવર્ધક અને કામોત્તેજક મનાય છે. ગૂમડાં, ખીલ, ગાંઠ, અર્બુદ વગેરે ઉપર પાન બંધાય છે. વા, આફરો, કૃમિ અને હરસમાં તેનાં પાન ખાવાની દવામાં અપાય છે. સર્પદંશમાં તેની છાલ સૂંઠ સાથે ખાવા અપાય છે. તેનો ઉકાળો સળેખમ, શરદી અને ખાંસીમાં દેવાય છે.

• • •